Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# श्री जैन गोत्र संग्रह.

( प्राचीन जैन इतिहास सहित )

—संग्रह करी छपावी प्रसिद्ध करनार—

पंडित श्रावक हीरालाल हंसराज लालन.

( जामनगरवाळा )

वीर सं. २४४९ विक्रम सं. १९८० सने १९२३

श्री जैन भास्करोदय प्रिन्टिंग प्रेसमां छाप्युं,

जामनगर.

सर्व हक्क स्वाधीन.

किम्मत रु. २—०—०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आ पुस्तक सने १८६७ ना २५ मा एक्ट मुजब
रजीस्टर कराव्युं छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका.

## प्रस्तावनानी अनुक्रमणिका.


| नंबर. | विषय. | पृष्ठ. |
|---|---|---|
| १ | चोर्यासी गच्छोनी स्थापना .... .... | २ |
| २ | चोर्यासी गच्छोनां आचार्योनां नामो .... | ३ |
| ३ | गच्छोनां नामो.... .... .... | ६ |
| ४ | भिन्नमालनो इतिहास .... .... | ९ |
| ५ | भिन्नमालनां चार नामो .... .... | ९ |
| ६ | विजयंत राजानुं जैनी थवुं.... .... | १३ |
| ७ | विजयंत विगेरे जैनी राजाओ .... | १५ |
| ८ | भाण राजाना संघनो परिवार .... | १७ |
| ९ | कुलगुरुओ माटे निर्णय .... .... | १७ |
| १० | कुलगुरु माटे करेली मर्यादा .... | १८ |
| ११ | कुलगुरुओए करेली इतिहास लखवानी शिरुआत .... .... .... | १२ |
| १२ | भाण राजाना ओशवालनी कन्या साथे लग्न | |
| १७ | श्रीमाली जैनोनी उत्पत्ति .... .... | ४४ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| नंबर. | विषय. | पृष्ठ. |
| --- | --- | --- |
| १४ | श्रीमालीओनां बासठ गोत्रोनां नाम .... | २४ |
| १५ | पोरवाड श्रावकोनी उत्पत्ति.... .... | २६ |
| १६ | भिन्नमाल नगरनी चडती पडती .... | २६ |
| १७ | नाणक तथा वल्लभीगच्छनी पटावली .... | २८ |
| १८ | विधिपक्ष तथा अंचलगच्छ.... .... | २९ |
| १९ | जयसिंहसूरि विगेरे आचार्योए प्रतिबोधेला गोत्रो .... .... .... | ३१ |
| २० | ओशवालोनी उत्पत्ति .... .... | ३३ |
| २१ | ओशवालोनां गोत्रो .... ... | ३५ |
| २२ | श्रीमालीओनां गोत्रो .... .... | ३९ |
| २३ | अग्रवाल विगेरे ज्ञातिओनां गोत्रो .... | ४१ |
| २४ | जैनोनी मुख्य ज्ञातिओ .... .... | ४२ |


For Private And Personal Use Only

# गोत्रोनी अनुक्रमणिका.


| नंबर. | विषय. | पृष्ठ. |
|---|---|---|
| २५ | हरियाण गोत्र .... .... .... | १ |
| २६ | गाल्हा गोत्र .... .... .... | ५ |
| २७ | नागडा गोत्र .... .... .... | १० |
| २८ | लघु नागडा गोत्र .... .... | १९ |
| २९ | मीठडीया गोत्र .... .... .... | २० |
| ३० | वडोरा ( वडेरा ) गोत्र .... .... | २४ |
| ३१ | हथुडीया राठोड गोत्र .... .... | ३३ |
| ३२ | पडाइया गोत्र .... .... .... | ३४ |
| ३३ | बाहणी गोत्र .... .... .... | ३७ |
| ३४ | जासल गोत्र .... .... .... | ३९ |
| ३५ | बोहड गोत्र .... .... .... | ४१ |
| ३६ | कामसा गोत्र .... .... .... | ४२ |
| ३७ | चहुआण गोत्र .... .... .... | ४४ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| नंबर. | विषय. | पृष्ट. |
|---|---|---|
| ३८ | कटारीआ गोत्र .... .... | ४६ |
| ३९ | कात्यायन गोत्र .... .... | ४८ |
| ४० | सांडसा गोत्र.... .... .... | ५० |
| ४१ | भाद्रायण गोत्र .... .... | ५४ |
| ४२ | आत्रेय अने जाजा गोत्र .... .... | ५७ |
| ४३ | काश्यप गोत्र.... .... .... | ६० |
| ४४ | वारध गोत्र.... .... .... | ६४ |
| ४५ | पारायण गोत्र .... .... | ६६ |
| ४६ | वंसीयाण गोत्र.... .... .... | ७० |
| ४७ | खोडायण गोत्र.... .... .... | ७४ |
| ४८ | लोढायण गोत्र.... .... .... | ७७ |
| ४९ | पारस गोत्र .... .... .... | ७९ |
| ५० | लाछिल गोत्र .... .... .... | ८१ |
| ५१ | चंडीसर गोत्र .... .... .... | ८४ |
| ५२ | चिपापड्गार गोत्र.... .... .... | ८७ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| नंबर. | विषय. | पृष्ठ. |
|---|---|---|
| ५३ | गांधी ( सहसगुणा ) गोत्र.... .... | ९१ |
| ५४ | देवाणंदसखा गोत्र .... .... | ९७ |
| ५५ | गतौम गोत्र .... .... .... | १०३ |
| ५६ | लोलाडीया गोत्र.... .... .... | १०९ |
| ५७ | देहिल गोत्र .... .... .... | ११० |
| ५८ | महालक्ष्मी गोत्र.... .... .... | ११२ |
| ५९ | पापच गोत्र .... .... .... | ११४ |
| ६० | पुष्पायन गोत्र .... .... .... | ११९ |
| ६१ | कारीस गोत्र .... .... .... | १२२ |
| ६२ | कांटीया ( गोखरु ) गोत्र .... .... | १२३ |
| ६३ | देढीया गोत्र .... .... .... | १३० |
| ६४ | बोरीचा गोत्र .... .... ... | १३५ |
| ६५ | स्याल गोत्र .... .... .... | १३७ |
| ६६ | महाजनी गोत्र .... .... .... | १३९ |
| ६७ | महुडीया गोत्र .... .... .... | १४१ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| नंबर. | विषय. | पृष्ठ. |
| --- | --- | --- |
| ६८ | सोनगिरा गोत्र.... .... .... | १४४ |
| ६९ | केसवाणेचा गोत्र .... .... | १४५ |
| ७० | सीसोदीया गोत्र.... .... .... | १४६ |
| ७१ | निष्धुया गोत्र .... .... .... | १४७ |
| ७२ | काश्यप गोत्र .... .... .... | १४८ |
| ७३ | मांडलकोटा गोत्र .... .... | १५३ |
| ७४ | काला परमार गोत्र .... .... | १५४ |
| ७५ | लालण गोत्र .... .... .... | १५५ |
| ७६ | वर्धमानशाह तथा पद्मसिंहशाहनुं वृत्तांत. | १६२ |


☞ उपर जणावेला गोत्रोनी शाखाओ तथा पेटा शाखाओनां नामो ते ते गोत्रोना वृत्तांतनी शिरुआतमां आपेला छे.

प्रसिद्ध कर्ता

For Private And Personal Use Only

# प्रस्तावना

सुज्ञ वाचकोने विदित थाय के आ " जैन गोत्र संग्रह " नामना पुस्तकमां जैनोना संबंधवाळी प्राचीन इतिहासिक बाबतो घणा श्रमथी संग्रह करी उपयोगी जाणी प्रसिद्ध करेली छे, जे वांचवाथी मालुम पडशे. प्राचीन काळमां जैनोनां गोत्र, कुल, वंश तथा तेओना वंशजोनां नामो तेओना कुलगुरुओ लखता हता. हालमां पण केटलाक देशोमां तेवा भाट आदिकथी ओळखाता वइवंचाओ विगेरे ते पद्धतिने अनुसरी तेम करता देखाय छे. अने एवी रीतना प्राचीन इतिहासनो केटलोक भाग जळवाइ रहेलो छे, परंतु तेवो इतिहास फक्त तेओना चोपडा अथवा टीपणा जेवा लांबा खरडाओमां अव्यवस्थित हालतमां तेओ पासेज होवाथी बीजा कोइनी पण जाणमां आवी शकतो नथी, तेम पोतानी आजीविकामां नुकशानी थवाना भयथी तेओ ते छपावी प्रसिद्ध करवामां संकोचाय छे, अने तेथी तेवी प्राचीन इतिहासिक हकीकत अंधारामांज रही लोकोपयोगी थती नथी. अमोए घणा श्रमथी जैनोनी तेवी प्राचीन इतिहासिक हस्तलिखित हकीकतो मेळवी तेनो संग्रह करी आ पुस्कमां छापी

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रसिद्ध करी छे, जेने उपयोगी जाणी जैनो तेनो लाभ लेशे तो हुं मारा आ श्रमने सफल थयेलो जाणीश.

जैनोमां आवी रीतनो कुलपरंपराओनो इतिहास लखवानी शिरुआत विक्रम संवत ७७५ ना चैत्रसुदी सातमथी श्रीवर्धमानपुरमां थयेली छे, अने ते संबंधि नीचे मुजब इतिहास एक प्राचीन हस्त लिखित लेखमां लखेलो मल्यो छे.

## श्री चोर्यासी गच्छोनी स्थापना,

श्री महावीर प्रभु पछी ११९३ ना वर्षमां अने विक्रम संवत ७२३ मां ( मतांतरे १४६४–९९४ ) मां श्री उद्योतनसूरिना नीचेमुजब चोर्यासी शिष्यो हता, तथा तेओ सघळा महाविद्वान् हता, अने तेओ सर्वे सूरिपदने लायक हता, गुरुए तेमने पूछवाथी तेओए कहुं के अमो सर्वेने सूरिपद मेळववानी इच्छा छे. पछी गुरुमहाराज ते सर्व शिष्यो साथे विहार करता भिन्नमाल नगरनी पासे वटगाम नामना गाममां आव्या, ते गामनी उत्तर दिशामां एक महान वडनुं वृक्ष हतुं, ते नीचे विश्रामपाटे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुरुमहाराज शिष्योसहित बेठा, त्यारे शासनदेवता तरफथी एवी आकाशवाणी थइ के, जो अहीं सूरिपदनी स्थापना थशे, तो तेओनो विस्तार सेंकडोगमे शाखाओथी वृद्धि पामशे. ते सांभळी गुरुमहाराजे पोताना ते चोर्यासी शिष्योने सूरिपद आप्यां. ते चोर्यासी आचार्योनां नामो नीचेमुजब हतां, *

| | |
|---|---|
| १ सर्वदेवसूरि. | ८ आणंदसूरि. |
| २ प्रभानंदसूरि. | ९ धर्माणंदसूरि. |
| ३ हरियाणंदसूरि. | १० राजाणंदसूरि. |
| ४ शिवदेवसूरि. | ११ सौभाग्यचंद्रसूरि. |
| ५ जिनेंद्रसूरि. | १२ देवेंद्रसूरि. |
| ६ दयाणंदसूरि. | १३ स रि. |
| ७ गर्जें. | १४ प्रज्ञाणंदसूरि. |

* जे प्राचीन हस्तलिखित लेखपरथी आ नामो छापी प्रसिद्ध कर्यां छे, ते लेखनो केटलोक भाग जीर्णताने लीधे फाटी गयेलो होवथी केटलांक नामो संपूर्ण छापी प्रसिद्ध करी शकायां नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१५ सर्वाणंदसूरि.
१६ संघाणंदसूरि.
१७ सोमाणंदसूरि.
१८ यक्षायणसूरि.
१९ सूरि.
२० सामंतसूरि.
२१ शिवप्रभसूरि.
२२ उदयराजसूरि.
२३ देवराजसूरि.
२४ गांगेयसूरि.
२५ प्रभसूरि.
२६ धर्मसिंघसूरि.
२७ संघसेनसूरि.
२८ सेनातिलकसूरि.
२९ चारित्रसूरि.
३० भानु.
३१ नृसिंघसूरि.
३२ विनयसूरि.
३३ विजयाणंदसूरि.

३४ वल्लभसूरि.
३५ दानदेवसूरि.
३६ मान.
३७ राजदेवसूरि.
३८ जोगाणंदसूरि.
३९ भीमराजसूरि.
४० सोमप्रभसूरि.
४१ कृष्णसूरि.
४२ नसूरि.
४३ पद्मापांदसूरि.
४४ नारायणसूरि.
४५ कर्मचंदसूरि.
४६ भावदेवसूरि.
४७ देवस.
४८ इल्लसूरि.
४९ नगराजसूरि.
५० पांडुसूरि.
५१ पुष्कलसूरि.
५२ डोडसूरि.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



५३ खीमसूरि.
५४ य
५५ सोवीरसूरि.
५६ मथुरासूरि.
५७ मंगलसूरि.
५८ जिनसिंघसूरि.
५९ वीरसूरि.
६० वृद्ध.
६१ शीलदेवसूरि.
६२ शांबसूरि.
६३ प्रियांगसूरि.
६४ आशाणंदसूरि.
६५ रामसूरि.
६६ रवि.
६७ प्रभासेनसूरि.
६८ आणंदराजसूरि.
६९ प्रज्ञाप्रभसूरि.
७० ब्रह्मसूरि.
७१ रत्नराजसूरि.
७२ भसूरि.
७३ कर्णसूरि.
७४ मेघाणंदसूरि.
७५ भजराजसूरि.
७६ सारिंगसूरि.
७७ रंगप्रभसूरि.
७८ लसूरि.
७९ गोकर्णसूरि.
८० सहदेवसूरि.
८१ भूतसंघसूरि.
८२ बाहटसूरि.
८३ लाडणसूरि.
८४ राजसूरि.

एवी रीते चोयांसी आचार्योने वडना वृक्ष नीचे सूरिपद आपवाथी तेओनुं वडगच्छ नाम पड्युं. हवे त्यां-थी विहार करी तेओमाना जे आचार्ये प्रथमनुं चतुर्मास

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जे गाममां कर्युं, ते गामना नामथी तेओनो गच्छ* शरु थयो. तेओमाना पेहेला आचार्य श्रीसर्व      विहार करताथका गुजरातमां वढीयार देशमां आवेला शंखेश्वर गा-

---

* आ चोयांसी गच्छोनां कयां कयां नामो हतां, ते हजुसुधी मने उपलब्ध थयां नथी, परंतु जैन ग्रंथोमां, तथा शिलालेखो विगेरेमां प्राये करीने नीचे जणावेलां गच्छोनां नामो हालमां जोवामां आवे छे.

१ अंचल
२ आगमिक
३ उपकेशीय
४ उत्तराध
५ उकेश
६ कडुआ
७ कमलकलस
८ कृष्णार्षि
९ कोरंट
१० कुतुबपुरा
११ कतुक
१२ कोटिक
१३ खरतर
१४ चंद्र
१५ चंद्रप्रभ
१६ चित्रवाल
१७ चैत्र
१८ छोलीवाल झाडापल्लीय
१९ तपा
२० तावकीय
२१ त्रिभविया
२२ थारापद्र

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ममां आवी चतुर्मास रह्या, अने तेथी तेमना गच्छनुं "शंखेश्वर गच्छ" नाम पाडयुं. ते गाममां सोलंकी वंशनो सांख्यकुमार नामे क्षत्रिय तेमनो शिष्य थयो, तथा केटलेक काळे ते विद्वान थवाथी आचार्यश्रीए तेने

---

२३ देवानंदित
२४ धर्मघोष
२५ नागेंद्र
२६ निवृत्ति
२७ नाणकीय
२८ निगम
२९ निग्रंथ नाणावाल
३० नागपुरीय
३१ पल्लीवाल
३२ प्रवीर्य
३३ पार्श्वनाथ
३४ पिप्पल
३५ पूर्णिमा पालीताणीय
३६ प्रभाकर
३७ पार्श्वचंद्र
३८ ब्राह्मण
३९ बृहद्
४० ब्रह्माणीय
४१ बीजमत
४२ बृहत्खरतर
४३ भावडार
४४ भिन्नमाल
४५ मलधारी
४६ महाहडीय
४७ मडुकर
४८ यशस्सुरि
४९ रुद्रपल्लीय
५० राज

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विक्रम संवत ७४९ मां सूरिपद शंखेश्वर गाममांज आपीने आप्युं, तेनुं बीजुं नाम पद्मदेवसूरि राख्युं. तेनी पाटे विक्रम संवत ७७२ मां श्रीउदयप्रभसूरि थया.

―――(०)―――

---

| | |
|---|---|
| ५१ लुंपक | ६३ वायड |
| ५२ विद्याधर | ६४ साडर |
| ५३ वल्लभी | ६५ सरवाल |
| ५४ विवंदणीक | ६६ संडेरक |
| ५५ विमावक | ६७ सागर |
| ५६ विजय | ६८ सिद्धांति |
| ५७ विधिपक्ष | ६९ सार्धपूर्णमीयक |
| ५८ वृद्धपोसल | ७० सरस्वती |
| ५९ वेषधर | ७१ शंखेश्वर |
| ६० वाणिज्य | ७२ षंडिल्ल |
| ६१ वज्रय | ७३ हुंबड |
| ६२ विशावल | ७४ हर्षपुरीय |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * भिन्नमालनो इतिहास.

विक्रम संवत २०२ मां मारवाडमां आवेला भिन्नमाल नामना नगरमां सोलंकी वंशनो अजितसिंह नामे राजा राज्य करतो हतो, ते वखते मीरमामोची नामना म्लेच्छे ( मुसलमान राजाए ) ते नगरपर चडाइ करी तेनो घणे भागे विनाश कर्यो, लाखो माणसो त्यां मराणा, तथा ते अजितसिंह राजा पण मार्यो गयो. पछी ते म्लेच्छो त्यां लुंटफाट करी चाली गयाबाद पाछुं ते नगर

* आ नगरनां चार युगोमां जूदां जूदां श्रीमाल, रत्नमाल, पुष्पमाल अने भिन्नमाल एम चार नामो थयेलां छे, तेमज ते नगरनी अत्यंत जाहोजलाली घणा काळथी प्रसिद्ध छे. ते माटे उपदेशकल्पवल्लीना कर्त्ता श्रीइंद्रहंसगणी लखे छे—के

श्रीमालमिति यन्नाम । रत्नमालमिति स्फुटं ॥
पुष्पमालं पुनर्भिन्न—मालं युगचतुष्टये ॥ १ ॥
चत्वारि यस्य नामानि । वितन्वंति प्रतिष्ठितिं ॥
अहो नगरसौंदर्य—महार्यं त्रिजगत्यपि ॥ २ ॥

॥ इत्यादि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वस्युं, ते वखते त्यां श्रीश्रीमाली ब्राह्मणोनां एकत्रीस हजार घरो हतां. अनुक्रमे संवत ५०३ मां ते भिन्नमाल नगरमां सिंहनामे राजा राज्य करतो हतो, ते राजाने पुत्र न होवाथी तेणे पोतानी खीमजदेवी नामनी गोत्र-देवीनुं आराधन कर्युं, सात दिवसो सुधी जलरहित उप-वास करी दर्भना संथारापर ते सूतो त्यारे देवीए प्रत्यक्ष थइ कह्युं के तारा भाग्यमां पुत्र नथी, माटे जो तारे पा-लक ( दत्तक ) पुत्र जोइतो होय तो महारी बहेन जइ-याण देवीनुं तुं आराधन कर ? ते तने तेवो पालक पुत्र आपशे, वळी ते जयाणदेवीनो प्रासाद अहींथी पूर्वदि-शामां छे. पछी राजाए तेणीनुं वचन स्वीकारीने प्रभाते त्यां जइ ते जयाणदेवीनी स्तुति करी. प्रसन्न थयेली दे-वीए प्रत्यक्ष थइ कह्युं के तारी पुत्रनी वांछा हुं संपूर्ण करीश. एम कही ते देवी पोताना ज्ञानना उपयोगथी अवंती नगरीना मोहल नामना क्षत्रियना तुरतना जन्मेला पुत्रने लावी, अने पोताना निर्माल्य एवां पुष्पोना समूहमां मूक्यो. पछी तेणे ते सिंहराजाने कह्युं के मारां निर्माल्य पुष्पोना समूहमां जे बाळकने में मूक्यो छे, तेने लेइने तारे मारा नामथी तेनुं जइआणकुमार नाम राखवुं, ते बाळक

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यौवनवय पामी तारां राज्यनो धुरंधर थशे. पछी ते सिंहराजा ते बाळकने लेइ घेर आव्यो, तथा स्वजनवर्गने एकठा करी महोत्सवपूर्वक ते बाळकनुं तेणे जइआणकुमार नाम पाड्युं. एवी रीते संवंत ५२७ मां ते जइआणकुमार भिन्नमालनो राजा थयो. तेने अठ्ठावीस राणीओमांथी नबाइ नामनी राणीने श्रीकर्णआदिक सात पुत्रो थया. तेओमांथी संवत ५८१ मां श्रीकर्ण तेनी गादीए राजा थयो, तेने पंचावन राणीओमांथी सोमाबाइ नामनी राणीना मूलजीआदिक पांच पुत्रो थया. तेओमांथी मूलजी संवत ६०८ मां तेनी गादीए राजा थयो. तेने पंचावन स्त्रीओमांथी सोनाइ नामनी पटराणीनो गोपाल पुत्र थयो, अने ते संवत ६४५ मां तेनी गादीए राजा थयो. तेने पचीस राणीओमांथी लक्ष्मीबाइ नामनी पट-राणीना रामदासआदिक एकवीस पुत्रो थया. तेओमांथी संवत ६७५ मां रामदास तेनी गादीए राजा थयो. तेने पांच राणीओमांथी श्रीबाइ नामनी पटराणीनो सामंत नामे पुत्र थयो. ते बेनातट नगरना चहुआणवंशी रत्नादित्य राजानी मानबाइ नामनी पुत्रीने परण्यो हतो. संवत ७०८ मां ते भिन्नमाल नगरनी गादीए राजा थयो,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेनी पचीस राणीओमांथी पटराणी मानबाइने जयंत अने विजयंत नामना बे पुत्रो थया, तओ बन्ने सरखा तथा महातेजस्वी हता. त्यारे ते सामंत राजाए पोताना राज्यना विभाग पाडी बन्ने पुत्रोने सोंप्या. जयंतने मुख्य भिन्नमालनुं राज्य आप्युं, अने विजयंतने लोहिआण नामना नगरनुं राज्य आप्युं. एवी रीते संवत ७१९ मां ते जयंत अने विजयंत राज्यगादीपर बेठा. एवामां पिताना मृत्युबाद जयंतराजाए पोताना भाइ विजयंतनुं लोहिआण नगरनुं राज्य बलात्कारे खुंचवी लीधुं, त्यारे विजयंत बेनातटमां पोताना मामा अने रत्नादित्य राजाना पुत्र वज्रसिंहपासे पोताने मोशाळ नाशी गयो, अने त्यां जइ तेणे जयंतनो अन्याय कही संभळाव्यो. ते सांभळी तेना मामाए तेने आश्वासन आपी कहुं के हमणां तो वर्षाकाळ नजीक छे, माटे हमणां तारे शंखेश्वर गाममां रहेवुं, चतुर्मास पछी हुं तने तारुं लोहियाण नगरनुं राज्य पाछुं अपावीश. एवी रीतनुं पोताना मामानुं वचन स्वीकारीने ते पोताना परिवारसहित शंखेश्वर गाममां गयो, अने त्यां सुखे समाधे पोतानो वखत गाळवा लाग्यो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## विजयंत राजानुं जैनी थवुं.

एवामां ते शंखेश्वर गाममां बृहद्गच्छीय श्रीसर्वदेव-सूरि चतुर्मास रह्या हता, तथा ते सर्व विद्यामां पारंगामी महाअतिशयवंत हता. एक वखते ते आचार्य गाम बहार स्थंडिल गया हता, ते वखते ते विजयंत राजा पण शिकारमाटे ते मार्गे आवतो हतो, तेने ते आचार्य सन्मुख मळ्या. ते मिथ्यात्वी राजाए अपशुकन मानी आचार्यने मारवामाटे पोतानो हाथ उंचो कर्यो, परंतु गुरुमहाराजना अतिशयथी तेनो ते हाथ एमज उंचो रही गयो, अने तेना शरीरमां तेथी घणी वेदना थवा लागी. त्यारे राजाए जाण्युं के आ कोइ महाचमत्कारी पुरुष छे, एम विचारी ते घोडाउपरथी नीचे उतरी गुरुना चरणोमां पडी विनंति करवा लाग्यो के, हे भगवन् ! आप मारा अपराधनी क्षमा करो ? अज्ञानताने लीधे में आपनो अविनय कर्यो छे, एवी रीते क्षमा मागवाथी तेनो हाथ पाछो यथास्थित थइ गयो, तथा शरीरनी वेदना पण दूर थइ. पछी ते विजयंत राजाए धर्मसंबंधि हकीकत पूछवाथी आचार्यश्रीए तेने दयामूल जैनधर्मनो उपदेश कर्यो अने तेथी ते विजयंत राजाए

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विक्रम संवत ७२३ मागसरसुदी १० गुरुवारे जैनधर्म स्वीकार्यो, अने सम्यक्त्वसहित श्रावकना बार व्रतो अंगीकार कर्यां. पछी तेना मामाए जयंतने पाछो लोहियाण नगरनी राज्यगादीपर स्थापन कर्यो. हवे ते विजयंत राजानी खीमजा नामे मिथ्यात्वी गोत्रदेवी हती, अने तेणीने चैत्र तथा आसुनी पूर्णिमाने दिवसे सात पाडा, एकवीस बकरां अने सात मण मंदिरानुं बलिदान अपातुं. परंतु आचार्य महाराजे तेणीने प्रतिबोधीने ते जीवहिंसा अटकावी, तथा तेने बदले त्रणशेरीआ एकवीस लाडवा, सात मण खजुरनुं पाणी तथा सात मण टोपरानुं बलिदान अपावी संतुष्ट करी. तेणीनी चार भुजावाळी तथा वाघना आसनवाळी सुवर्णमय मूर्त्ति छे, तेणीना एक हाथमां वींझणो, बीजामां कातर, त्रीजामां त्रिशूल अने चोथा हाथमां खपर छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## विजयंत विगेरे जैनी राजाउ

हवे ते विजयंत राजाने देमाई, सोमाई, कस्तूराई, श्रीबाई. कपूराई, राजबाई, लखमा अने पुनाई नामनी आठ राणीओ हती. तेमां देमाईनो जयमल्ल, सोमाइनो जादव, पुनाईनो जोधा, अने श्रीबाईना जोगा अने जयवंत नामे पुत्रो हता. तेओमांथी जयमल्ल विक्रम संवत ७३५मां विजयंत राजानी राज्य गादीपर बेठो. तेनी गादीए संवत ७४१ मां तेनो भाइ जोगा बेठो. तेने पूराईआदिक सात राणीओ हती, तथा शिवा अने देवा नामे बे पुत्रो हता, तेओमांथी शिवा शस्त्रघातथी मरण पाम्यो, अने देवा नपुंसक होवाथी ते जोगानी गादीपर तेनो भाइ जयवंत संवत ७४९मां बेठो. तेने संपू, रमाई अने जीबाई नामे त्रण राणीओ हती. तेओमांथी संपूनो श्रीमल्ल नामे, तथा रमाईनो वना नामे पुत्र हतो. ते वना कोइक कारणथी जलमां पडी मरण पाम्यो, अने श्रीमल्ले नागेंद्रगच्छमां चारित्र लीधुं, अने तेनुं सोमप्रभाचार्य नाम पाडवामां आव्युं. अने तेथी वनानो पुत्र भागजी राजगादीपर विक्रम संवत ७६४मां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बेठो. हवे एवामां भिन्नमाल नगरनो उपर वर्णवेलो जयंत राजा पुत्ररहित मरण पाम्यो, अने तेथी तेना राज्य माटे सर्व गोत्रिओमां क्लेश थयो. ते जोइ बलवान एवा भाणराजाए ते भिन्नमालनुं राज्य पण पोते लेइ लीधुं, अने ते राजा महाप्रतापी थयो, तेनुं राज्य छेक गंगानदीना किनारासुधी विस्तार पाम्युं हतुं. एवी रीते ते भाणराजाने राज्यासनपर आव्ये अग्यार वर्षो वीत्याबाद ( संसारीपणाना तेना काका ) नागेंद्रगच्छीय श्रीसोमप्रभाचार्य भिन्नमालमां पधार्या, अने तेमणे पोताना सर्व कुटुंबिओवच्चेनो क्लेश दूर कराव्यो, राजा भाणे घणी विनंति करीने पोताना काका एवा ते श्रीसोमप्रभाचार्यने त्यां चतुर्मास राख्या, अने तेमना उपदेशथी भाण राजाए संघसहित शत्रुंजय तथा गिरनारनी यात्रा करवानो मनोरथ कर्यो, तथा सोमप्रभाचार्यजीने पण संघसाथे पधारवा विनंति करी, तेम बीजा गच्छना पण घणा आचार्योने संघमां आववा माटे राजा भाणे विनंति करी बोलाव्या, ते साथे पोताना कुलपरंपराना गुरु श्रीउदयप्रभसूरिजीने पण बोलाव्या.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## भाणराजानोसंघपरिवार

ते भाण राजाना संघमां सात हजार रथ, सवालाख घोडा, दश हजार अग्यार हाथी, सात हजार पालखी, पचीस हजार भार उपाडनारा उंट, पचास हजार बळद, अने अग्यार हजार गाडांओ हतां.

## कुलगुरुओमाटे निर्णय

हवे राजाभाणने संघवी पदनुं तिलक करवा वखते श्री उदयप्रभसूरि राजाने तिलक करवा माटे तैयार थया, एवामां राजाना काका श्रीसोमप्रभाचार्ये कयुं के, आ भाणराजा मारो भत्रीजो थाय छे, माटे संघपतिनुं तिलक हुं तेने करीश. आथी करीने तेओ वच्चे परस्पर विवाद थयो त्यारे भाणराजाए बीजा गच्छोना संघसाथे जत्रा-माटे पधारेला सर्व आचार्योने एकठा करी पूछयुं के, आ तिलक करवामाटे कोनो हक छे ? त्यारे तेओए कह्युं के, परंपरामां चाल्या आवता कुलगुरुनो तिलक करवामाटे हक छे, बीजानो हक नथी, एवी रीते निर्णय थवाथी श्रीउदयप्रभसूरिजीए भाणराजाने तिलक वधाव्युं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## कुलगुरुमाटे करेली मर्यादा.

त्यारबाद ते भाणराजाए पूछयुं के अमुक आचार्य अमुक माणसनो कुलगुरु छे, एवी खातरी हवेथी शीरीते करवी ? त्यारे ते सर्व आचार्योए मलीने एवी मर्यादा बांधी के, आजथी मांडीने जे कोइ आचार्य जेने प्रतिबोधे, ते आचार्ये ते माणसना पुत्रआदिक सर्व परिवारनां नामो एक वहीमां लखवां.

## कुलगुरुओए करेली इतिहास लखवानी शिरुआत.

आवी रीते नामोविगेरे लखवाथी परदेशमां रहेलाने पण खातरी थाय के आ अमुक गुरुनो श्रावक छे. वळी बीजी एवी पण मर्यादा बांधी के कोइ आचार्ये बीजा गच्छना कोइ श्रावकने प्रतिबोधी दीक्षामाटे तैयार कर्यो, त्यारे तेना परंपराना कुलगुरुनी आज्ञा लेइने तेने दीक्षा आपवी, परंतु जो कुलगुरु आज्ञा न आपे तो न आपवी, तेमज प्रतिष्ठा, संघवीपदनुं तिलक अने व्रतोच्चारआदिक

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कार्यो पण कुलगुरुपासेज कराववां. कदाच कुलगुरु परदेशमां होय तो तेमने त्यांथी बोलाववा, अने एवी रीते आमंत्रण कर्या छतां पण जो ते न आवे, तो पछी बीजा गुरुपासे ते प्रतिष्ठाआदिक धर्मकार्यो कराववां, अने त्यारथी जेणे प्रतिष्ठाआदिक कर्यां, तेज तेना कुलगुरु थया. आवी रीतना करेला निर्णयना लखाणपर नागेंद्रगच्छीय श्रीसोमप्रभाचार्य, उपकेशगच्छीय श्रीसिद्धसूरि, निवृत्तिगच्छीय श्रीमहेंद्रसूरि, विद्याधरगच्छीय श्रीहरियाणंदसूरि, ब्रह्माणगच्छीय श्रीजज्जगसूरि, सांडरगच्छीय श्रीईश्वरसूरि तथा बृहद्गच्छीय श्रीउदयप्रभसूरि विगेरे चोर्यासी गच्छोना नायकोए सही करी, अने तेमां राजाभाणे साक्षी करी. उपर प्रमाणेनी मर्यादानो छेवटनो निर्णय श्रीवर्धमानपुरमां विक्रम संवत ७७५ ना चैत्रसुदी सातमे कर्यो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## भिन्नमालना भाणराजाना ओशवालनी कन्या साथे लग्न.

संघ सहित यात्रा करी ते भाणराजा पोताना भिन्नमाल नगरमां आव्यो. ते भाणराजाने त्रणसो पचीस राणीओ हती,परंतु तेओमांथी कोइने पण संतान नहोतुं, त्यारे राजाए पोताना कुलगुरुने ते माटे पूछतां तेमणे कहुं के उपकेश नामना नगरमां जयमल्ल नामे उपकेश ( ओशवाल ) ज्ञातिनो शेठ वसे छे, तेने रत्नाबाइ नामनी उत्तम गुणवाली पुत्री छे, तेणीनी साथे लग्न करवाथी तमोने पुत्र थशे. ते सांभळी भाणराजाए खुशी थइ तेणीनुं तेना पिता पासे मागुं कराव्युं, परंतु ते वणिके क्षत्रियराजाने पोतानी पुत्री आपी नही, बलात्कारे पण ते कन्या मलवी अशक्य लागवाथी राजाए ते कन्या मेळववा माटे सभा भरी बीडुं मूक्युं, परंतु कोइए ते बीडुं उपाड्युं नही. पाछळथी त्यांनी एक वेश्याए गुप्त रीते ते बीडुं राजापासेथी ग्रहण कर्युं. पछी ते वेश्या जोगणनो वेश पहेरी उपकेश नगरमां आवी, अने त्यां ते कोटीध्वज जयमल्ल नामना नगरशेठने घेर भिक्षा लेवाने बहाने गइ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पछी धीमेधीमे ते हमेशां त्यां जइ शेठनी पुत्री ते रत्नाबाइ साथे वार्तालाप करी तेणीने खुशी करे. एवी रीते छमास वीत्याबाद तेणीए लाग जोइ एक वखत रत्नाबाइने कह्युं के, तुं भिन्नमालना भाणराजानी पटराणी था? कन्याये कह्युं के ते राजाए मारा पितापासे मारुं मागुं कराव्युं हतुं, परंतु मारा पिताए ते कबुल कर्युं नही. त्यारे फरीथी ते जोगणे कह्युं के जो तारी इच्छा होय तो हुं ते कार्य करावी आपुं. कन्याए कह्युं के जो ते राजा मने एक वचन आपे, तो हुं गुप्त रीते तेनी साथे लग्न करुं. जोगणे तेम करावी आपवानी कबुलात आपवाथी कन्याए पण हा पाडी. पछी ते जोगणे भिन्नमाल जइ भाणराजाने ते सर्व हकीकत जणावी. ते सांभळी खुशी थयेलो भाणराजा वेष बदली गुप्त रीते उपकेश नगरमां आव्यो, तथा त्यां तेने रत्नाबाइ साथे गुप्त मेलाप थयो. रत्नाबाइए कह्युं के तमारे बीजी घणी राणीओ छे, अने हालमां जोके तेओने कंइं संतान नथी, परंतु कदाच आगामिकालमां संतान थाय, तो तेने राज्य मळे, अने मारा संतानने तो राज्य मळे नही, तो पछी असो बन्ने मातापुत्रनी शी दशा थाय? ते सांभळी भाणराजाए तेणीने वचन आप्युं के

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जो तने पुत्र थशे, तो हुं बीजा कोइने पण राज्य नहीं आपतां तारा पुत्रनेज राज्य आपीश, एवी रीते राजाए वचन आपी ते माटे देवगुरुनी आणा करी. त्यारे ते रत्नाबाइ गुप्त रीते राजा भाणसाथे भिन्नमाल आवी, अने त्यां महोत्सवपूर्वक तेओनां लग्न थयां. ते वखते रत्नाबाइनी उमर फक्त तेर वर्षोनी हती. पछी रत्नाबाइए ते हकीकतथी पोताना मातापिताने पण वाकेफ कर्यां. लग्न पछी पांच वर्षो वीत्याबाद रत्नाबाइए पोताना पिताने घेर एक पुत्रने जन्म आप्यो. अने त्यारपछी तेणीए एक बीजा पुत्रने पण जन्म आप्यो. तेओ बन्नेनां राणा अने कुंभा नामो हतां. बन्ने पुत्रोना जन्मबाद भाणराजाने जैनधर्मपर अत्यंत श्रद्धा थइ, अने तेथी तेणे पोताना कुलगुरु शंखेश्वरगच्छीय श्रीउदयप्रभगुरुपासे श्रावकना बार व्रतो अंगीकार कर्यां. तथा विक्रम संवत ७९५ ना मागसर सुदी दशम रविवारे तेणे नगरमां एवी उद्घोषणा करावी के, जे कोइ माणस मारो साधर्मिक थशे, तेना सर्व मनोवांछित हुं संपूर्ण करीश.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रीमाली श्रावकोनी उत्पत्ति.

हवे ते समये ते भिन्नमाल नगरमां श्रीश्रीमाल ब्राह्मण ज्ञातिना बासठ करोडपति नगरशेठो वसता हता. भाणराजा तेओने घणुं सन्मान आपता हता, अने तेओ पण तेना आदरमानथी संतुष्ट थइ राजापर घणोज प्रेम राखता हता. पोताना राजा भाणने एवी रीते परमजैनी थयेलो जाणीने तेओने पण शुद्ध दयामय जैन धर्म स्वीकारवानी इच्छा थइ. अने तेथी त्यां विचरता शंखेश्वरगच्छीय श्रीउदयप्रभसूरिए ते बासठ शेठीयाओने प्रतिबोधी वासक्षेप नाखी विक्रम संवत ७९५ मां श्रीमाली जैनो ( श्रावको ) कर्या. ते बासठ करोडपति शेठोनां नामो तथा तेमनां गोत्रोनां नामो नीचे जणाव्या मुजब हतां.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| गोत्रनुं नाम. | शेठनुं नाम. |
|---|---|
| १ गौतम | विजया |
| २ हरियाण | संख |
| ३ कात्यायन | श्रीमल्ल |
| ४ भारद्वाज ( भाद्रायण ) | नोडा |
| ५ आग्नेय | वधा |
| ६ काश्यप | भूना |
| ७ वारिधि | राजा |
| ८ पारायण | सोमा |
| ९ वंसीयाण | भूमच |
| १० खुड्डीयाण ( खोडायाण ) | जोगा |
| ११ लोढायण | सालिग |
| १२ पारस | तोला |
| १३ चंडीसर | नारायण |
| १४ देहील | झंबा |
| १५ पापच | समधर |
| १६ दाडिम | संकर |
| १७ सांख्य | मना |
| १८ महालक्ष्मी | मना |
| १९ वीजल | वर्धमान |
| २० लाछिल | गोवर्धन |
| २१ द्वीपायन | गोधा |
| २२ पारध | भीम |
| २३ चक्रायुद्ध | सारंग |
| २४ जांगल | रायमल्ल |
| २५ वाछिल | धना |
| २६ माढर | जीवा |
| २७ तुंगीयाण | विजय |
| २८ पायन्ना | वायड |
| २९ एलायन | कडुया |
| ३० चोखायण | झांझण |
| ३१ अक्षायण | पोपा |
| ३२ प्राचीन | राजपाल |
| ३३ कामरू | सहदेव |
| ३४ भोमान | कर्मण |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| गोत्रनुं नाम. शेठनुं नाम. | गोत्रनुं नाम. शेठनुं नाम. |
|---|---|
| ३५ चंद्र—मोका | ४९ तक्षक—पुंज |
| ३६ टाटर—आदित्य | ५० खागिल—सांतू |
| ३७ छाहिल—हरखा | ५१ वायव—लखु |
| ३८ राजल—विष्णु | ५२ सारथि—डूघा |
| ३९ स्वस्थित—देपा | ५३ धीरध—वधा |
| ४० अमृत—चंड | ५४ आत्रेय—श्रीपाल |
| ४१ चामल—नाना | ५५ आहटा—कीका |
| ४२ कौशिक—हरदेव | ५६ कर्कस—गोना |
| ४३ वहुल—सुभच | ५७ बंबायन—सहसा |
| ४४ नागड—भोला | ५८ कुंभक—भीम |
| ४५ झायण—सीपा | ५९ दीर्घायण—हपा |
| ४६ डोड—नथुय | ६० तोलिल—रंग |
| ४७ जीतधर—हाथी | ६१ बट्टसर—धरण |
| ४८ जालंधर—घोड | ६२ वार्णिका—गोविंद |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## पोरवाड श्रावकोनी उत्पत्ति.

त्यारबाद तेज श्रीउदयप्रभसूरिजीए त्यां वसनारा प्राग्वाट ब्राह्मण ज्ञातिना आठ शेठोने विक्रम संवत ७९५ना फागण सुद बीजने दिवसे प्रतिबोधिने जैनी कर्या, अने तेओ प्राग्वाट ( पोरवाड ) ज्ञातिना श्रावको थया. ते शेठोना तथा तेमना गोत्रोना नाम नीचे मुजब छे.

| गोत्रनुं नाम. | शेठनुं नाम. | गोत्रनुं नाम. | शेठनुं नाम. |
|---|---|---|---|
| काश्यप | नरसिंह | पारायण | नाना |
| पुष्पायन | माधव | कारिस | नागड |
| आग्नेय | झूना | वैश्यक | रायमल्ल |
| वच्छस | माणिक | माढर | अनु |

त्यारबाद ते श्रीमाली तथा पोरवाड ज्ञातिना जैनोए साथे मळीने श्रीभिन्नमाल नगरमां श्रीशांतिनाथ प्रभुनो प्रासाद बंधाव्यो.

## भिन्नमाल नगरनी चडती पडती

एवी रीते विक्रम संवत ७९५ मां ते प्राचीन भिन्नमाल नगरनी घणीज जाहोजलाली हती, केमके

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ते वखते तेमां करोडपति व्यापारीओ वसता हता, तथा परमजैनी भाणराजा त्यां राज्य करतो हतो. श्रीमाली तथा पोरवाड विगेरे जैनोनी त्यां वसति हती, अने तेओ सर्वे सुखी जींदगी गुजारता हता. एवी रीते दिन प्रतिदिन ते नगरनी वृद्धि पामेली जाहोजलाली दुनियामां प्रसिद्ध थइ. छेवटे संवत ११११ मां ते नगरनी समृद्धि लुंटवाना लोभथी मुसलमान राजाए * ते भिन्नमालपर चडाइ करी लुंटीने तेनी जाहोजलालीनो नाश कर्यो, लाखोगमे माणसोने मारी नाख्या, तथा घणाओने केद करी वटलाव्या, तथा तेमनुं द्रव्य विगेरे लुंटी पायमाल कर्या. जे कोइ जुज माणसो ते वखते त्यांथी नाशी बीजे जता रह्या, तेओज जीवता रह्या. इतिहासमां जोतां एम जणाय छे के आ भिन्नमाल नगरे पोतानी जाहोजलालीनी घणी वखत चडती पडती अनुभवेलीछे.

एवी रीते सर्व मळी सीतेर गोत्रोने प्रतिबोधनारा श्रीउदयप्रभसूरिना प्रभानंदसूरि तथा वल्लभसूरि नामे

---

* हस्तलिखित प्राचीन लेखोमां आ मुसलमान राजानुं नाम "बोडी मुगल" लखेलुं छे, परंतु ते कोण अने क्यांनो राजा हतो? ते संबंधि इतिहास मळी शक्यो नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बे शिष्यो आचार्यपद पाम्या. तेओमाना प्रभानंदसूरिजीने नाणकपुर गामना नगरमां जिनदासआदिक श्रावकोए महोत्सवपूर्वक सूरिपद आप्युं, तथा त्यांना शत्रुशल्य राजाने ते सूरिजीए प्रतिबोधी जैनी कर्यो, ते राजाए तेमना उपदेशथी संघसहित शत्रुंजयनी यात्रा करी साधार्मिकोमां सोनामहोरोनी ल्हाणी करी जैनधर्मनी घणी उन्नति करी. ते प्रभाणंदसूरिजीने घणा शिष्यो हता, अने तेमनो परिवार नाणकगच्छना नामथी प्रसिद्ध थयो.

## नाणकगच्छनी तथा वल्लभीगच्छनी पटावली.

| नाणकगच्छना आचार्योनुं नाम. | सूरिपदनो विक्रम संवत. |
|---|---|
| १ प्रभाणंदसूरि | ८३२ |
| २ धर्मचंद्रसूरि | ८८० |
| ३ सुमिणचंद्रसूरि | ९२२ |
| ४ गुणसमुद्रसूरि | ९५७ |
| ५ विजयप्रभसूरि | ९९५ |
| ६ नरचंद्रसूरि | १०१३ |
| ७ वीरचंद्रसूरि | १०७१ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ८ | मुनितिलकसूरि | ११०२ |
| ९ | जयसिंघसूरि (विधिपक्ष अंचलगच्छ)* | ११३३ |
| १० | आर्यरक्षितसूरि | ११६९ |
| ११ | जयसिंहसूरि | १२०२ |
| १२ | धर्मघोषसूरि | १२३४ |
| १३ | महेंद्रसिंहसूरि | १२६३ |
| १४ | सिंहप्रभसूरि * | १३०९ |
| १५ | अजितसिंहसूरि | |
| १६ | देवेंद्रसिंहसूरि | |
| १७ | धर्मप्रभसूरि | |
| १८ | सिंहतिलकसूरि | |

---

* शासनदेवीए आ गच्छनुं " विधिपक्षगच्छ " नाम आप्युं. तथा कुमारपाल राजाए तेनुं "अंचलगच्छ" नाम आप्युं छे.

* वल्लभीगच्छना छेल्ला पंदरमा नंबरना सिंहप्रभसूरि आ गच्छमां आचार्य पदवीपर आववाथी ते वल्लभी शाखा त्यांथी बंध पडीने तेना परिवारनो समावेश सं. १३०९मां आ विधिपक्षगच्छमां थइ गयो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१९ महेंद्रप्रभसूरि
२० मेरुतुंगसूरि
२१ जयकीर्तिसूरि
२२ जयकेसरीसूरि
२३ सिद्धांतसागरसूरि
२४ भावसागरसूरि
२५ गुणनिधानसूरि
२६ धर्ममूर्तिसूरि
२७ कल्याणसागरसूरि
२८ अमरसागरसूरि
२९ विद्यासागरसूरि

## वल्लभी गच्छ.

| आचार्यनुं नाम | सूरिपदनो विक्रम संवत |
|---|---|
| १ वल्लभसूरि | ८३२ |
| २ धर्मचंद्रसूरि | ८३७ |
| ३ गुणचंद्रसूरि | ८६९ |
| ४ देवचंद्रसूरि | ८९९ |
| ५ सुमतिचंद्रसूरि | ९२५ |
| ६ हरिचंद्रसूरि | ९५४ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ७ रत्नसिंहसूरि | ९७० |
| ८ जयप्रभसूरि | १००६ |
| ९ सोमप्रभसूरि | १०५१ |
| १० सूरप्रभसूरि | १०९४ |
| ११ क्षेमप्रभसूरि | ११४५ |
| १२ भानुप्रभसूरि | ११७७ |
| १३ पुण्यतिलकसूरि | १२०७ |
| १४ गुणप्रभसूरि | १२५९ |
| १५ सिंहप्रभसूरि | १३०९ |

संवत ११७२ मां श्रीआर्यरक्षितसूरिजीए सीधल परमारवंशना राउत धर्मदासने प्रतिबोधी जैनी कर्या, अने तेनो परिवार "मीठडीया गोत्रथी प्रसिद्ध थयो.

तेमनी पाटे थयेला श्रीजयसिंहसूरिजीए संवत १२०८ मां हथुडीआ राठोड वंशना अखयराजने प्रतिबोधवाथी " हथुडीया " गोत्र, संवत १२२४ मां राठोड राउ फणगरने प्रतिबोधवाथी " पीडाइया " गोत्र, संवत १२२८मां परमारवंशी राउ श्री मोहनने प्रतिबोधवाथी "नागडा" गोत्र, संवत १२२९मां सोलंकी परमार राउश्रीलालगने प्रतिबोधवाथी "लालण" गोत्र,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संवत १२३१ मां डीडुज्ञातिना चोधरि बिहारीदासने प्रतिबोधवाथी " गांधी " ( सहसगणा ) गोत्र, तथा संवत १२५५मां जेसलमेरना चावडावंशी राउश्रीदेवडने प्रतिबोधवाथी " देढीया ( दुढीया ) " गोत्र, एम सर्व मळी तेमणे छ गोत्रोने प्रतिबोधी जैनी कर्या.

तेमनी पाटे थयेला श्रीधर्मघोषसूरिजीए विक्रम संवत १२४६ मां ( उपाध्यायपदे हता त्यारे ) राउत श्रीबोहडने प्रतिबोधी जैनी कर्यो, तेथी " बोहडसखा " गोत्र थयुं, तथा संवत १२५८ मां औदिच्य ब्राह्मण देवाणंदने प्रतिबोधी जैनी करवाथी " देवाणंदसखा " गोत्र थयुं, तथा १२६५ चहुआण वंशना राउश्रीभीमने प्रतिबोधी जैनी करवाथी " चहुआण " गोत्र थयुं, तथा संवत १२६६ मां तातोला परमारवंशीय राउश्रीरणमल्ल तथा तेना पुत्र हरियाने प्रतिबोधवाथी " हरिया " गोत्र थयुं. एवी रीते चार गोत्रोने श्रीधर्मघोषसूरीश्वरजीए प्रतिबोधी जैनी कर्यां.

ते धर्मघोषसूरिनी पाटे संवत १२६३ मां श्रीमहेंद्रसिंहसूरि थया, ते खंभातमां पर्यूषणा पर्वमां कल्प सूत्र वांचतां देवलोके गया. त्यारे तेमनी पाटे संघे एकठा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थइने वल्लभीशाखाना श्रीसिंहप्रभसूरिजीने योग्य जाणी संवत १३०९ मां स्थापन कर्या.

हवे वल्लभीशाखामां थयेला श्रीरत्नसिंहसूरिजीए संवत १००५ मां डीडु ज्ञातिना धांधल नामना शेठने प्रतिबोधी जैनी करवाथी "कांटीया" गोत्र थयुं. तेमनी पाटे थयेला श्री जयप्रभसूरिजीए संवत १००७ मां परमार वंशीय राउत सोमकरणने प्रतिबोधी जैनी करवाथी "वडेरा" ( वडोरा ) गोत्र थयुं.

वळी तेज परंपरामां थयेला श्रीपुण्यतिलकसूरिजीए संवत १२११ मां डोडीया परमार वंशना राउश्री सोमिलने प्रतिबोधी जैनी करवाथी "वाहणी" गोत्र थयुं, तथा संवत १२४४मां चहुआण वंशना राउश्री वणवीरने प्रतिबोधवाथी "जासल" गोत्र थयुं.

## ओशवालोनी उत्पत्ति.

श्रीवीरप्रभु पछी बावन वर्षो वीत्याबाद श्रीपार्श्वनाथजीथी छठ्ठी पाटे तेमना संतानमां उपकेश गच्छमां श्रीरत्नप्रभसूरिजी आचार्यपदपर आव्या. त्यारपछी अढार वर्षो वीत्याबाद एटले श्रीवीरप्रभुथी सीत्तेरमे वर्षे ते

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मारवाडमां आवेली ओश्या नगरीमां पधार्या. त्यां तेमणे चामुंडराय आदिक एक लाख एंसी हजार राजपुत्रोने एटले क्षत्रिओने प्रतिबोधीने जैनी कर्या, अने ते ओश्या नगरीना नामपरथी तेमनी ज्ञातिनुं नाम "ओशवाळ" पाड्युं. ते माटे कोइ प्राचीन कविए नीचेमुजब कवित्त कहेलुं छे.

## कवित्त.

श्रीवर्धमानजिनथकी वरस बावन पद लीयो ।
ताहुं अठदश वरस नयर ओसीईयें इयो ॥
प्रतिबोधे नाम चामुंड श्री सिद्धाचल पायो ।
अति अतिसयवंत अति तपसी केवायो ॥
एक लाख असीसहस राजपुत्र प्रतिबोधीया ।
ॐ श्रीरत्न शेखरें ओसवाल ओसीइयें थप्पीया ॥१॥

ए रीते जैनी ओशवाळोनी उत्पत्ति क्षत्रिओमांथी आजथी लगभग चोवीससो वर्ष पहेलां थयेली संभवे छे. ते ओशवालोमां अनेक गोत्रो छे, तेमाना नीचेमुजब गोत्रोना नामो शास्त्रो तथा शिलालेखो विगेरेमां हालमां जोवामां आवे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| आयचणाग | कांकरीया | खीमसरा |
| आदित्यनाग | कांग | खटोड |
| आभड | कमल | खांटेड |
| आकोदडीया | कावरीया | खामइया |
| आंचलीया | कंबेडीया | खारीवाल |
| उसतवाल | कोठारी | खढवढ |
| उसभ | कतकपुरा | गणधर |
| उच्चितवाल | कठोड | गादइया |
| ओहड | कुभटा | गोलेछा |
| कुर्कट | कोहेचा | गडीया |
| कातेल | कावडीया | गुजराणी |
| कामसा | कात्रेला | गुजराती |
| केसवाणेचा | कोचर | गोठी |
| कचरा | काश्यप | गांधी |
| कंक | कांटीया | गांधीमोती |
| कुहाड | कंठोतीया | गुगलीया |
| कुकडचोपडा | कठारा | गहेलडा |
| कटारीया | काकरेचा | गौतम |
| कणावट | कसारा | गोखरु |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



घोडावत
धीया
धुलीया
चोरडीया
चरवडीया
चतकरीया
चोरवेडीया
चंडालीया
चुत्र
चोपडा
चहुआण
चुदालीया
छाजेड
छजलाणी
छत्रवाल
छाव
जांगडा
जडीया
जन्नाणी

जासल
जारोडीया
जम्मड
जोरुडा
जाणेचा
झांबड
झांगडा
टप
टोडरवाल
डुंगरवाल
डागा
डफरीया
डाकुलीया
डागलीया
डुबरीया
डीडु, डंड
ढींक
ढेढीया
ढेलडीया

तातेड
तिलाणी
तिलहरा
तीवट
देसरला
दुगड
दरडा
देवाणंदी
दोसी
दुधवेडीया
देवलसखा
दुधीयागांधी
देवाणंदसखा
देढीया
दणवट
दुधेडीया
दुधीया
धुल्ल
धनेरीया

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धोखा
धाडीवाल
धाडेवा
धीर
नाहटा
नाहार
नाबरीया
नवलखा
नखत्त
नागडा
पावेचा
पमार
पोहकरणा
पीचा
पुगलीया
पारिख
पींपाडा
पगारीया
पठाण

पालणेचा
परघला
परमार
पीहरेचा
पोसालेचा
बोथरा
बाफणा
बलदोटा
बंब
बांठीया
बुरड
बूटीया
बगाणी
बोकडीया
बंबोरी
बोहड
बोरीचा
बच्छस
बरडा

बर्धन
बरुडीया
बहुरा
बावेला
बांभ
बेछाच
भाइचणा
भूटी
भंडारी
भडगतीया
भंडावत
भेलडीया
भणसाली
भूरि
भोर
भोढा
भोगर
मानी
मगथीया

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| मुहणोत | लुकड | वरमेचा |
| माल्हु | लुणावत | वाहणी |
| माल्हणु | लुणीया | वरलद्ध |
| मुसल | लालण | वलही |
| मघासरीया | लल्वाणी | वाहडा |
| मुंडणेचा | लोढा | वारडेचा |
| मीठडीया | लूसड | वालत्य |
| महोता | वेद | विदाणा |
| मंहोरा | वछावत | वीराणी |
| मंडोवरा | वोहोरा | वेल्हस |
| मूधाला | वेगड | वैद्य |
| राजडा | वाघमार | वेदमहता |
| रत्नपुर | वीनायकीया | वोहराकाग |
| रांका | वाघ | सोनागिरा |
| रातडीया | वाघरेचा | सहसगुणागांधी |
| रेड | वंका | साल्हणेचा |
| राठोड | वडेरा | स्याल |
| रोठोडीया | वणवट | सीरोह्या |
| लिगा | वरढीया | संघवी |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| सीरोह्यासंघवी | सोनी | श्रीमाल |
| संखवालेचा | सचेती | शंखला |
| सोलंकी | सांडा | शंखी |
| सुराणा | समद्डीया | शेठ |
| सणवाल | संखवाल | शेठीया |
| सीसोदीया | सूर | हीरणा |
| समुद्रडीया | सिंघाडीया | हथुडीया |
| सांबरा | सोधिल | हरीया |
| सावलसंखा | श्रीश्रीमाल | |

# श्रीमालीओनां गोत्र

श्रीमालीओना प्रथम जे बासठ गोत्रो जणावेलां छे, ते शिवायना नीचेमुजब श्रीमालीओनां गोत्रो अथवा ओडको पण प्राचीन ग्रंथो तथा शिलालेखो विगेरेमां जोवामां आवे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| गोवलीया | पापड | लींबडीया |
| घेवरीया | फोफलीया | सींदडीया |
| चंडालेचा | बदलीया | तलाजीयागांधी |
| जंबहरा | वहरा | सालगिरा |
| जरगड | भांडावत | गोरसीया |
| टांक | भांडीया | वारीया |
| डउडा | महुवीया | सरकडीया |
| डोर | मेहेता | पुनातर |
| दोसी | महरोल | मणीयार |
| धामी | माथलपुरा | झूझाणी |
| धीधीद् | मोठिप्पा | वोरा |
| नलुरीया | वहकडा | मघासर |
| पल्हड | साहु | चुकडीया |
| पाताणी | सिंधुड | |

पोरवाड ज्ञातिमां आ पुस्तकमां जणाव्या शिवायना बीजां नीचे मुजबना गोत्रो अथवा ओडको पण प्राचीन शिलालेखो विगेरेमां जोवामां आवे छे—झूलर, सुंठलीया, लींबा, मांडलीया, कुणगिरा, पटेल, नखत, लोलाणीया, पोरुआ विगेरे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अग्रवाल ज्ञातिना गोत्रो अथवा ओडको–गांगडु, गोयल, पिपल, वासिल विगेरे.

अत्तालज्ञातिना–गोपल, क्रूर विगेरे.

खंडेलवाल ज्ञातिना–गोधा विगेरे.

संडिल्लवाल तथा जेसवालना–कष्टहार विगेरे.

नीचे जणावेलां जैन गोत्रो अथवा ओडको प्राचीन जैन शिलालेखो विगेरेमां देखाय छे, परंतु तेनी ज्ञाति ते लेखोमां जणाती नथी–उजावल, उसियड, ओष्ट, काणा, काद्रडा, खांटडा, खरज, घेवरीया, घोरवडा, जीजीयाण, जलहर, जाटड, डुताड, द्रानडा, दुहुड, धांध, नानडा, बालिडीया, भांडीया, मुंडतोड, रौहदीया, वायडा, वोरठेच, वार्तिदीपा, सयल, मोट, प्रतिहार, फसला, भिधुज, रायभंडारी, राउआ, रहुराली, वणारीया, वपुराणा, खवाणा, सीढ, ग्रानापति, पंडरेक विगेरे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनोनी मुख्य ज्ञातिओ.

नीचे जणावेली जैनधर्म पाळनारी ज्ञातिओ प्राचीन शिलालेखो ग्रंथो विगेरेमां जोवामां आवे छे—

ओशवाल—( वृद्धसज्जनीय, अथवा वृद्धशाखा—वीसा )
,, ( लघुसज्जनीय, अथवा लघुशाखा—दसा )
श्रीमाली—( वृद्धसज्जनीय, अथवा वृद्धशाखा—वीसा )
,, ( लघुसज्जनीय, अथवा लघुशाखा—दशा )
प्राग्वाट ( वृद्धशाखा—वीसा )
(पोरवाड) ( लघुशाखा—दशा )

अग्रवाल, अत्ताल, खंडेलवाल, खंडिल्लवाल, जेसवाल, सर्कट, नना, नागर, नारसिंह, नीमा, पल्लीवाल, बापडीवाल, मंत्रिदलिय, महतियाण, राजपुर, बघेरवाल, हुंबड विगेरे.

उपर जणाव्या मुजब नामोवाळां प्राये करीने ओशवाळ ज्ञातिमां मूळ गोत्रो प्रसिद्धमां आवेलां देखाय छे. ते शिवायना बीजां पण मूळ गोत्रो होवानो संभव छे. प्राये करी ते मूळगोत्रोमांथी धंधाने अंगे, कोइ गामना अथवा देशना रहेवासने अंगे, वंशमां थयेला कोइ मुख्य पुरुषने अंगे घणी घणी शाखाओ, कुलो, ओडको विगेरे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निकळेली छे, जेमके " झवेरी ", " पारकरा ", " खर-त्राणी " विगेरे

परंतु साधारण रीते जोतां ओशवाळ ज्ञातिमां मुख्य बे शाखाओ जोवामां आवे छे. १ वृद्धसजनीय एटले वीसा ओशवाल तथा २ लघुसजनीय एटले दशा ओशवाल. एटले के मूळ उत्पत्ति समये सर्व ओशवालो वीसा ओशवाल हता, परंतु पंचमकालना माहात्म्यथी समय वीत्ये ते ओशवालोमांना जे गोत्रना जे माणसे पुनर्लग्न ( घरघेणुं—संग्रहणं ) कर्यां, ते माणसथी तेना वंशजो दशाओशवाळ ज्ञातिना थया, अने ए रीते मूल वीसा ओशवाल ज्ञातिना घणा माणसोए करवाथी तेओनी पण महोटी संख्यावाळी ज्ञाति थइ, अने ते दशा ओशवाळना नामथी प्रसिद्ध थइ. हवे हालमां आ सुधरता जमानाने अनुसरी ते दशाओशवाळनी ज्ञातिमांथी पण ते घरघेणानो रीवाज घणाखरा देशोमांथी नाबुद थयो छे. आ दशा ओशवाळो " कच्छी महाजनना " नामथी पण ओळखाय छे, केमके तेओनी कच्छमां घणी वसति छे. ते ज्ञातिना घणा साहसिक व्यापारीओ मुंबइ आदिक शेहेरोमां वसे छे, तथा सारुं द्रव्य कमाइने तेओए घणां घणां धार्मिक कार्यो करेलां छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीमालीओमां पण उपर जणावेली पुनर्लग्नना कारणथी वीसा श्रीमाली, अने दशाश्रीमाली एम बे मुख्य शाखाओ थयेली छे. परंतु हालमां ते दशाश्रीमालीओमांथी पण ते पुनर्लग्ननो रीवाज घणाखरा देशोमांथी निकळी गयेलो छे.

आ पुस्तकमां जे जे गोत्रनी जे जे गोत्रदेवीना करो विगेरे लख्या छे, ते करो तेना प्राचीन लेखने अनुसारे तेमां जेवा लख्या हता तेवा छाप्या छे. परंतु ते सेंकडो वर्षो पहेलानां मूल करो छे. आज काल घणा गोत्रोनी गोत्रदेवीओना ते करो विगेरेमां कालने योगे कोइ कोइ कारणोथी घणो फेरफार थयेलो जणाय छे, माटे तेना संबंधमां विभ्रममां नही पडवा सर्व भाइओने विनंति छे.

ली.

आ पुस्तक छापी प्रसिद्ध करनार पंडित श्रावक

हीरालाल हंसराज लालन

( जामनगरवाला )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री जिनाय नमः ॥

# श्री जैन गोत्र संग्रह.

संग्रह करी छपावी प्रसिद्ध करनार
पंडित श्रावक हीरालाल हंसराज
( जामनगरवाळा–लालन )

## हरियाण गोत्र. ( श्रीमाली )

( मुख्य शाखाओ )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दसा )

( पेटा शाखाओ )

आंबलीआ, मणीयार, वहोरा, वींछीवाडीआ, सहसा, गुणा, कका, ग्रथलीया, अन्ना विगरे.

आ गोत्रनी उत्पत्ति–विक्रम संवत ७९५ मां भिन्नमाल नगरमां श्रीमाली ज्ञातिनो अग्यार क्रोड द्रव्यनो मालिक शंख नामे वैष्णव शेठ रहेतो हतो. तेने उदयप्रभसूरिए प्रतिबोधीने जैन कर्यो. तेना वंशमां विक्रम संवत. ११११

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मां सहसाशाह नामे शेठ थयो. ते वखते भिन्नमाल नगरनो मुगलोए नाश करवाथी ते सहसाशाह त्यांथी नाशी थिरा दिमां (थरादमां) आवेला अचवाडी गाममां आवी वस्यो. तेना वंशमां थयेला महीपति नामना शेठनी जोगिणी नामनी स्त्रीथी आका, बांका, नाका तथा नोडा नामे चार पुत्रो थया. तेमांथी वांकानो पुत्र काला, अने ते कालानो वइजा नामे पुत्र उमटा नामना गाममां आवी वस्यो. ते वइजाने संतान न होवाथी तेणे पोतानी चामुंडा नामनी गोत्र देवीने आराधी. त्यारे देवीए प्रत्यक्ष थइ कह्युं के जो तुं अहीं मारुं मंदिर बंधावी तेमां मारी सुवर्णमय मूर्त्ति स्थापन करे तो तने संतान थाय. तेने ते कबुल करी देवीनो प्रासाद ते उमटा गाममां करावी तेमां एक मण सुवर्णनी पोतानी गोत्रदेवीनी प्रतिमा करावी स्थापन करी. अने त्यारबाद विक्रम संवत १३११ मां ते वइजाने पुत्र थयो. त्यारबाद केटलेक दिवसे ते गाममां यवनो आव्या, ते वखते ते गोत्रदेवोनी मूर्त्ति उछलीने कुवामां पडी. रात्रिए वइजाने स्वप्नामां आवी कह्युं के, हवेथी हुं मारां ते मंदिरनी पासे आवेला आंबलीना वृक्षमां रहुं छुं, ते दिवसथी ते देवीनुं 'आंबलीआवी' नाम प्रसिद्ध थयुं,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अने ते वइजाना वंशजो त्यारथी " आंबलीया " कहेवाणा. आ गोत्रमां उत्पन्न थयेला केटलाक " मणीयार " नी अडकथी पण ओळखाय छे.

मूलदेवी—चामुंडा, तेनुं मूळ स्थान भिन्नमाल नगरमां उत्तर तरफना दरवाजा बहार वाराहीना पाडा पासे चामुंडानी डुंगरीपर छे. तेनी मूर्ति चार हाथवाळी, वाघना आसनपर बेठेली छे. पाछळथी—तेणीनुं " आंबलीआवी " नाम थयुं, तेणीनुं स्थान ऊमटा गामनां छे तेनी मूर्ति पण चार हाथवाळी तथा वाघना आसनपर बेठेली छे. पूजाविधि—पूर्व सन्मुख पाटलापर ते देवीनी रुपानी अथवा त्रांबानी मूर्ति पासे, अथवा वीटसहित पीपळनुं पान राखी ते पर एक लींटी कंकुनी करवी. अढीशेर घीनी लापसी, अने नव पूडलानुं निवेद करवुं. एक श्रीफल वधारवुं, तेमांथी अर्ध श्रीफळना छ टुकडा, सवागज कपडुं तथा चार पीरोजी ( चलणी सिक्का ) एटलुं फइने आपवुं. ए रीते दर वर्षे आसु सुदपांचम, अथवा आठम तथा चैत्र सुद पांचम अथवा आठमे पूजन करवुं. तेमज तेज विधिथी पुत्रना जन्मे, परणे तथा निजडवासणीए करवुं. पुत्री माटे तेथी अर्ध, एटले सवाशेर घीनी लापसी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अथवा लाडवा करवा. जलनी त्रण धारावडी देवी.

आ आंचलीया गोत्रना वंशजो इलीचपुर, लोलीयाणा, बीवडा, पाडला, पाटण ( फोफलीपाडो ), अहमदनगर, बीजापुर, तारापुर चंदनथोरी, मेहेसाणा तथा मातर, कुणगिरि, कपडवंज विगेरेमां वसे छे. आ वंशमां भावडथी लघुसजनीय ( दशा ) थया छे. मेसाणामां मणीयार अडकवाळा वसे छे.

आ वंशमां कुणगिरि गाममां थयेला धोकाशाह नामना शेठे विक्रम संवत १३२५मां श्रीयुगादिदेवनुं जिनमंदिर बंधाव्युं, तथा तेनी प्रतिष्ठा अंचलगच्छना श्रीदेवेंद्रसिंहसूरिए करी. वळी सलखणपुरमां वसनारा सांगाशाह नामना शेठे विक्रम संवत १४६८मां अंचलगच्छना श्रीमेरुतुंगसूरिना उपदेशथी जिनमंदिर बंधाव्युं. आ वंशमां अकाना वंशजो वहोरानी अडकवाळा छे. वींछीवाडाना रहीस वहोरा पदमसीए त्यां सां. १४३९मां श्रीमुनिसुव्रत स्वामीनो जिनप्रासाद कराव्यो, तेनी प्रतिष्ठा श्रीमेरुतुंगसूरिए करी, तेमज दानशाळा करावी. आ हरियाण गोत्रमां वींछीवाडीया, सहसा, गुणा, कका, ग्रथलीया, तथा अम्भा विगेरे घणी शाखाओ छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गाल्हा गोत्र. ( ओशवाल )

## ( मुख्य शाखाओ )

आथा, समरखी, सुहड, बहंद, कटारीया, अधोइया, सुगतरीया, घलइया विगेरे.

## ( पेटा शाखाओ )

हापाणी, नागार्जुनाणी, वाघाणी, वीसाणी, सिवाणी, जेसंगाणी, वागडेचा, देधराणी, चाचिगाणी विगेरे.

पूर्वे यदुवंशमां थयेला श्रीकृष्णथी नवमी पाटे थयेला रायभट्टी नामना राजाए मारवाडमां आवी भटनेर नगर वसाव्युं. तथा तेनी गोत्रदेवी वीसहत्थी विसलदेवी नामे हती. त्यारपछी ते यदुवंशमां शोळमी पाटे राउल जेसलजी थया, तेमणे जेसलमेर वसाव्युं. त्यारपछी तेज वंशनी पचीसमी पाटे थयेला रावल शिवराजे कोटडा वसाव्युं. एवी रीते ते यदुवंशमां सोमचंद्र नामनो राजा त्रीसमी पाटे सिवकोटडामां राज्य करतो हतो. तेनी पासे पांच हजार सुभटोनुं सैन्य हतुं. ते सैन्यसहित चोतरफ ते लुंटफाट करतो. हवे एवामां अंचलगच्छना श्रीजयसिंहसूरि पांचसो शिष्यो सहित अमरकोटमां आव्या. त्यां तेमना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उपदेशथी मोणसीशाहे अजितनाथना बिंबनी स्थापना करी. त्यांथी विहार करीने ते आचार्यना शिष्यो ज्यारे जेसलमेरतरफ आवता हता, त्यारे मार्गमां ते सोमचंद्रे, तेमने लुंट्या. आचार्यजीने खबर पडवाथी तेमणे पोतानी विद्याना प्रभावथी ते सोमचंद्रने तेना सुभटोसहित मार्गमां स्तंभी राख्यो. त्यारे सोमचंद्रनी माता सरुपदेए ( मिणलदेए ) गुरुपासे आवी क्षमा मागी, अने सैन्यसहित पोताना पुत्रने मुक्त करवा विनंति करी. जयसिंहसूरिए कहुं के जो तारो पुत्र कुटुंबसहित जैनधर्म स्वीकारे, अने लुंटफाट करवाना प्रत्याख्यान करे तो हुं तेने मुक्त करुं. तेणीए तेम करवा कबुल कर्युं, तथा ते माटे पारकरनो परमारवंशनो चांदण राणो जामीन पड्यो. त्यारे गुरुए स्तंभनविद्याने पाछी खेंची लेइ पांच हजार सुभटोसहित सोमचंद्रने मुक्त कर्यो. पछी ते सोमचंद्र परिवार सहित गुरुने वांदवा माटे जेसलमेरमां आव्यो. त्यां श्रीजयसिंहसूरिना उपदेशथी ते सोमचंद्रने परिवारसहित विक्रमसंवत १२११मां ओशवालोए पोतानी ज्ञातिमां दाखल कर्यो. पछी सोमचंद्रे ते आचार्यश्रीना उपदेशथी कोटडामां श्रीपार्श्वनाथनुं तथा पोतानी गोत्रदेवी वीसल ( शिवया ) मातानुं, एम बे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शिखरबंध मंदिर बंधाव्यां. पांच लाख द्रव्य खरच्युं, तथा सवामण सुवर्णनी शांतिनाथजीनी प्रतिमा तेणे करावी, अने तेनापर हीरामाणेक जडेलुं सुवर्णनुं छत्र कराव्युं. ते सोमचंद्रनो गाल्हा नामे पुत्र थयो. ते वखते मुगलोए कोटडानो नाश करवाथी ते गाल्हा सिंधमां गयो. अने तेना वंशजो "गाल्हागोत्रीथी" प्रसिद्ध थया. ते गाल्हाथी दशमी पेढीए रुअड नामे पुरुष थयो, तेनी स्त्री रांभइने नीचे मुजब सात पुत्रो थया. आथलु, समरखी, बुहड, वहंदीओ, कटारीओ, अधोईओ ( तेनुं बीजुं नाम मुगतरीओ ) अने घलईओ, ए सातेना नामथी तेमना वंशजो आथागाल्हा, समरखीगाल्हा, बुहडगाल्हा, वहंदगाल्हा, कटारीआगाल्हा, अधोइआगाल्हा अथवा मुगतरीयागाल्हा, अने घलईआगाल्हाना नामथी प्रसिद्ध थया. वळी तेओमां हापाणी, नागार्जुनाणी, वाघाणी, वीसाणी, सीवाणी, जेसंगाणी, वागडेचा, देधराणी, वाच्छिगाणी विगेरे ओडको पण छे.

गोत्रदेवी—त्रिसलमाता ( शिवया माता ) चार हाथवाळी छे. तेनुं मूळस्थान शिवकोटडामां खीजडाना वृक्षपासे छे. तथा तेनुं बीजुं स्थान नगरपारकरमांछे. गा-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



न्हाना सर्वे वंशजो बने तो त्यां जइ बाळकना बाळमोवाळा उतारे. अथवा कंइं चग ( बाधा ) राखी ज्यां होय त्यां खीजडाना झाड आगळ उतारे.

पूजाविधि—जन्मे, मुंडणे अने परणे खीजडाना झाड आगळ अढार पाली जुवार, एक मण घी अने बार-शेर गोळनुं निवेद करे, तथा पाली एक घहुंना मेंदाना खाजां करे, श्रीफल वधारी तेनी शेष नियाणीने आपे, तथा जमाडे, अघरणी वखते उपरना करशिवाय साडात्रण गज चोळीशुं कापड, श्रीफल एक, तथा पायलुं नियाणीने आपे. दर वर्षे दीवाळीने दिवसे बे टोकडीयांना दळना लाडुनुं निवेद करे, तथा बे राती घडीआं बशेर खांड नाखी तेने दोरीथी बांधी अंत्यजने आपे, अने तेनी पाछळ बे उंबाडां नाखे. भाइयो जूदा थती वखते पण ते कर करे.

आ गाल्हागोत्रना वंशजो चोरवाड, तिथ ( वागड ) कोहाडा, बिद्डा, वाडा, देसलपुर, रतनाणी, फराडी, भुजपर, वीजरखी, आसंबीया, कोडाइ, वडाला, बराहीया, खाखर, बेराजा, गलीचुरा, तेरा, बीसरा, टंडुली, छसरा, रतडीया, डोण, गुंदाला, वीसोतरी, आरीखाणा, भोजय, लोठीया, लाखापर, वांकी, सरमतबेराजा, झांखर, ला-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कडीया, कांडाकरा, कालुसबगडा, रायणा, लाइजा, नाराणपुर, चांगणाइ, पुनडी, बाडा, कुंदरडी, डुमरा, सेरडी, दलनी तुंबडी, डबासंग, वसइ, चेला, कटारीया, जोगवड, मारापर विगेरे घणा गामोमां वसे छे.

आ वंशमां बिद्डाभां ( कच्छमां ) विक्रम संवत १६७२ मां थयेला खीमानी स्त्री खीमीए पंदर हजार कोरी खरचीने बिद्डामां पश्चिम तरफ वाव बंधावी. वडालामां ( कच्छमां ) थयेला खेतसी, पेथा अने देपाल नामना त्रणे भाइओए साठ हजार कोरी खरचीने घणां पुण्यनां कार्यो विक्रम संवत १६६६ मां कर्यां. देसरे गुंदालामां तळाव बंधाव्युं. संवत १५९६ मां माणके पीछणमां तलाव बंधाव्युं. जेसंगे पथदडीयामां सं. १५८५ मां वाव करावी. संवत १५९० मां वीरानी स्त्रीए पुत्र न होवाथी यक्षनुं आराधन कर्युं, तेथी तुष्टमान थयेला यक्षना वरदानथी तेणीने छ पुत्रो थया. अने तेथी तेना वंशमां थयेला जेसंगाणीओ अखात्रीजने दिवसे चारपवालांना खाजलांवडे ते यक्षनुं निवेद करे छे, तथा भादरवामां सोमवारे चार पायलांनी खीरमां साथीयो करी निवेद करे छे. ते छए भाइओनो परिवार वीसोतरी, खाखर, हाला तथा झांखर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विगेरेमां छे. समरखीमां हेमल पुरिसो थयो, अने तेना वंशमां ते गोत्रजपासे पूजाय छे, तेमज तेना वंशजो आसु वद १४ ने दिवसे बाळकना वाळ उतरावे छे, परणवाने दिवसे रात्रिजागरण करेछे, बे टोकडीयांनी लापसी करी सहुने वेंचे छे, तथा बे टोकडीयांना तलवट करी क्षेत्रपालने जुहारे छे, वळी तेओना गोत्रजना कर तो पूर्वे कह्या मुजब छे. विक्रम संवत १६३७ मां खाखरमां थयेला माडणे जिनमंदिरनी प्रतिष्टा करावी, तथा घणुं द्रव्यदान दीधुं.

## नागडा गोत्र ( ओशवाल )

( मुख्य शाखाओ. )

गुजरनागडा, कच्छी महाजन नागडा.

( कच्छी महाजन नागडाओनी मुख्य शाखाओ. )

वृद्धसजनीय (वीसा), लघुसजनीय (दसा)

( कच्छी महाजन नागडाओनी पेटा शाखाओ. )

ठाकराणी, लालाणी, मेलाणी, नायकाणी, गेलाणी, वीसराणी, बोचाणी, आसराणी, धरमाणी, वीराणी, पुनीआणी, नागीयाणी विगेरे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थरपारकरमां आवेला उमरकोट शहेरमां परमार वंशनो मोहणसिंह रावत नामे क्षत्रिय हतो, परंतु तेने संतान नहोतुं. एवामां विक्रम संवत १२२८मां, मतांतरे ( १२६५ )मां विधिपक्ष गच्छना श्रीजयसिंहसूरि त्यां चतुर्मास रह्या हता. मोहणसिंहे ते आचार्यजीने पुत्र माटे प्रश्न कर्यो. गुरुए कह्युं के जो तमो जैनधर्म स्वीकारीने विधिपक्षगच्छनी समाचारी करो तो तमोने चार पुत्रो उपर पांचमो नागपुत्र थशे. रावत मोहणसिंहे तेम कर्युं. अने त्यारबाद तेने देवकरण, देवसी, उदेसी, तथा लखमण नामे चार पुत्रो थया, अने ते जैन धर्म पाळवा लाग्या. पांचमो नागपुत्र थयो, तेने रात्रिदिवस करंडीयामां राखे, तथा दूध पाइने उछेरे. पछी रावत मोहणसिंहे पोताना द्रव्यना चार भागो चार पुत्रो माटे तथा बे पोताना मळी छ भाग कर्या, त्यारे ते नागे त्यां आवीने पोतानी पुंछडीनी झापट मारीने ते सघळा भागो विखेरी नाख्या. त्यारे एक नागनो भाग वधारे करीने तेना सात भागो सरखा कर्या. त्यारे ते नागे पोतानो भाग फणथी खेसवीने पोताना पिताना भागसाथे मेळवी दीधो. हवे एक दिवसे ते नाग ठंडीने लीधे रात्रीए गरम राखवाळा चुल्हामां सूतो हतो. एवामां मोहणसिं-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हने पेटपीड थवाथी शेकमाटे तेनी पुत्रीए चुल्हामां अग्नि सळगाव्यो, जेथी ते नाग बळी मूओ, अने व्यंतर देव थइ पोताना भाइओना ते कुटुंबने दुःख देवा लाग्यो. पछी तेणे प्रगट थइ कह्युं के मारी थापना करीने तथा मारा नामथी वंश स्थापीने मने पूजो, कुटुंबिओए ते कबुल कर्युं. तोपण ते नागदेवे एवो श्राप आप्यो के, आ नागडावंशनी पुत्री सुखणी न थाशे. अने त्यारथी ते चारे भाइओना वंशजो नागडा गोत्रथी प्रसिद्ध थया. तथा श्रीजयसिंहसूरिजीए तेमने ओशवाळ ज्ञातिमां उमरकोटमां दाखल करावी दीधा. आ वंशमां घेणाणी, मेलाणी विगेरे अटको पण छे.

मूल स्थान उमरकोटमां ते नागनी देरी आथमणी दिशाए शेहेर बहार खीजडाना वृक्षनीचे छे, अने तेमां नागनी उभी फणवाळी मूर्ति छे. नागडा गोत्रना वंशजो त्यां जइ बाळमोवाळा उतरावे. अथवा कंइं अड राखी पोते ज्यां रहता होय ते शेहेरनी बहार आथमणी दिशाए खीजडाना झाडनीचे नागनी रुपानी अथवा त्रांबानी मूर्ति राखीने त्यां तेनी पूजा करीने बाळमोवाळा उतरावे.

पूजाविधि—जन्मे, मुंडणे, पाणिग्रहणे, एम त्रण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुरसीओ करे. अने नागक्षेत्रपाल आगळ धरे, उपराउपर त्रण त्रण लाडवा विगेरे चडावी तेनी निवेदनी हार करे.

आ गोत्रना वंशजो मोरबी, नवानगर, सुरत (गोपीपुरा), मुंदरा, अंजार, भुज, गोधरा, मांडवी, पोरबंदर, वेरावल, बरूवा, पाटण, वीरमगाम, पारकर, चोरवाड, प्रभासपाटण, दीव, खजुरडा, भोजाय, रतडीओ, कोटडी, वांढ, वीसोतरी, लाखाबावर, डबासंग, भद्रेसर, सोनारडी, पडधरी, मेमाणा, भातेल, चंगा, सेरडी, तरघरी, धानुंगाम, बारांभडी वाराही, पडाणा, चांगणाइ, मोडकुबा, मोडपुर, नागना, दोढीया, राफुदड, चेला, भुजपर, आसंबीया, वांकट, पीपली, धानेगाम, लुंस, सरमत, तुंगी, मंजल, साभराइ, डुमरा, मांढा, वेडी, झांखर, पडाणा, बेराजा, कपाइया, विगेरे गामोमां वसे छे.

आ वंशमां नगरपारकरमां विक्रम संवत १३९८मां थयेला भोजा, उदयवंत तथा मेघाजल नामना त्रण भाइओए वीस लाख पीरोजी खरचीने घणां घणां धर्मना कार्यो कर्यां छे. विक्रम संवत १६२४मां नवानगरमां थयेला तेजसीसाहे श्रीशांतिनाथजीनुं शिखरबंध मंदिर बे लाख

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कोरी खरचीने बंधाव्युं. त्यारबाद विक्रम संवत १६६८ मां बादशाह अकबरना सुबा खान आजमे मुजफरनीवती सैन्य लावी नवानगरपर चढाइ करी, अने हालारदेश भांग्यो, तेथी तेजसीशाह कच्छमांडवी नाशी गया. शांतिनाथजीनी ते प्रतिमा यवनोने हाथे खंडित थइ गइ, तथा देरासरमां पण घणी भांगतुट थइ. बीजे वर्षे तेजसीशाह पाछा मांडवीथी नवानगरमां आव्या, तथा सोरठ देशथी बीजी नवी शांतिनाथजीनी मूर्ति मगावी तेमां स्थापन करावी. पछी तेजसीना पुत्र राजसी तथा नेणसीए पोताना पिताए करेला ते खंडित प्रासादनो उद्धार करावी पितानी कीर्ति अजवाळी. तथा ते प्रासादने फरती बावन देरीओ अने शिखरनी पाछळ उपराउपर त्रण चोमख बांधीने ते पर सुंदर टुंक करावी, तेमां तेना वेवाइ लालणगोत्रीय चांपसिंहे त्रीजा भागनुं खरच पुण्यनिमित्ते आप्युं, सर्व मळी तेमां त्रण लाख कोरी खर्च थयुं. तेमां श्रीअंचलगच्छनायक श्रीकल्याणसागरसूरिजीए सर्व बिंबोनी प्रतिष्ठा करी. त्यारबाद नेणसीशाहे पोताना पुत्र रामसी, सोमसी तथा करमसीनी साथे मळीने त्रण लाख कोरी खरचीने श्रीसंभवनाथजीनी शिखरबंध सुंदर चो-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुख प्रासाद बंधाव्यो, अने सहस्रफणा पार्श्वनाथना प्रासाद सुधी लावीने ते प्रासादने राजसी तेजसीना प्रासाद साथे मेळवी दीधो. वळी तेओए कालावड, मयांतरा, अने मांढा तथा भलसाणमां जिनप्रासाद तथा उपाश्रयो बंधाव्या. राजकोटना ठाकोर विभाजीना आग्रहथी तेओए त्यां श्रीकृष्णनुं मंदिर बंधाव्युं, देहरीयाना रस्तामां महादेवनुं मंदिर बंधाव्युं. नदीपर लोकोना सुखमाटे पांच देरी बंधावी, तेमज बीजा पण वीसामा विगेरे घणा बंधाव्या, गोडीचा, गिरनार तथा शत्रुंजयनो संघ कहाड्यो, सदाव्रतो बांध्या, पुस्तको लखावी तेना भंडार कराव्या. अंचलगच्छ नायक श्री कल्याणसागरसूरिजीना उपदेशथी संभवनाथआदिक पांचसो एक जिनप्रतिमानी प्रतिष्ठा करी, नवानगरमां सर्व ज्ञातिओने इच्छाभोजन जमाड्यां. देशपरदेशमां अंचलगच्छीय सर्व श्रावकोमां घरदीठ लाणुं कर्युं, अने तेमां नव लाख कोरी खरची. बादशाह जहांगीरना राजमांथी गुजरातमां सर्व यतिओने नासवुं पड्युं, ते वखते चोरासी गच्छना नवसो यतिओने सात वर्ष सुधी आश्रय आप्यो. एवी रीते तेओए पोतानुं नाम अमर राख्युं छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वळी आ नागडावंशमां विक्रम संवत १४६५मां नगरपारकरमां थयेला मुंजाशाहे अंचलगच्छाधीश श्री मेरुतुंगसूरिना उपदेशथी श्रीपार्श्वनाथनुं मंदिर बंधावी तेमां पित्तलनी प्रतिमा स्थापी. विक्रम संवत १५३९मां नगरपारकरमां लखराजआदिक चारे भाइओए श्रीअभिनंदनस्वामिनुं जिनमंदिर बंधाव्युं. वळी आ नागडावंशमां ते लखराजआदिक चारे भाइओ नगरपारकरना राजा साथे अणबनाव थवाथी पोताना परिवारसहित चोरवाडमां आवी वस्या, अने त्यां तेमणे चोरवाडी देवीने पोतानी गोत्रज स्थापीने तेना नीचे मुजब कर करवा मांड्या. दीवालीने दिवसे सूर्य सन्मुख कंकुनी लींटी १० करी पान १०, सोपारी १०, चोखानी ढगली १०, खाजलां १०, फाफडा, १०, लाडवा १०, घारी १०, वडां १०, सांकली १०, दीवा १० करे छे. एवी रीते दीवासे, बलेवे तथा होळीए पण करेछे. अने तेओ चोरवाडीया कहेवाय छे, तेमाना केटलाक प्रभासपाटणमां पण पाछळथी आवी वस्या छे. आ नागडा वंशमां थयेला उदेसीनो परिवार कच्छमां वस्यो. अने तेओ कच्छी महाजन थया. सहदेना वंशजो महावीर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्षेत्रपालनो दश पाली घउंना लाडु, तथा एक पालीना खाजलांनो कर करेछे. वाकटना वंशजो तेना कर तरीके दीवालीए सवा पालीना तलवट, नव पुडला, तथा पुत्र जन्मे तो लापसी तथा सुंवाळी बे पालीनी करीने लाय छे. आ नागडावंशनी साभराइमां ओधरणनी स्त्री गांगी संवत १७११ मां, तथा डुमरामां देधरनी स्त्री सती थइ छे. आ नागडावंशना घणा फांटाओ थया छे, अने तेओमांना केटलाक कच्छी महाजन थया छे. तथा तेओमां वाकटनो कर इत्यादि गोत्रजना जूदा जूदा प्रकारना करनी प्रवृत्तिओ कालांतरे थयेली देखाय छे.

सं. १९२१ मां कच्छीमहाजन नागडा लघुसज्जनीय शाखाना नलीयाना रहीश शेठ हीरजी नरसीनी स्त्री पुरबाइए श्रीअंचगच्छीय भट्टारक श्रीरत्नसागरसूरिजीना उपदेशथी पार्श्वनाथनी प्रतिमा भरावी, तेमज त्यां तेज वंशना शा. राघव लखमणनी स्त्री देमतबाइए अभेचंद पुत्रना पुन्यार्थे शांतिनाथजीनी प्रतिमा भरावी. आ कच्छी-नागडा वंशमां कच्छ नलीयामां सं. १९२० मां थयेला, तथा मुंबइना महान व्यापारी शेठ नरसी नाथाए शत्रुंजयपर महान् जिनमंदिर बंधाव्युं छे. जे शेठ नरसी नाथानी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



टुंकथी ओळखाय छे. तेमज पालीताणामां तेमणे महोटी धर्मशाळा बंधावी छे. इत्यादिक धर्मना कार्योमां तेमणे घणुं द्रव्य खरच्युं छे. गुजर नागडावंशमां नवानगरमां (जामनगरमां) थयेला, अने मुंबइना व्यापारी शेठ. शोभागचंद कपुरचंदे पालीताणमां विशाळ धर्मशाळा संवत १९६० नी लगभगमां बंधावी छे, तेमज बीजुं घणुं द्रव्य धर्म मार्गमां खरच्युं छे, उत्तराध्ययनसूत्रनी लक्ष्मीवल्लभी-टीकानी अढीसो नकलो साधु साध्वीओना उपयोगमाटे छपावी प्रसिद्ध करी हती, तेमज कल्पसूत्रनी सुबोधिका टीका पण छपावी प्रसिद्ध करी छे, जामनगरना शेठ वर्धमानशाह तथा रायसीशाहना देरासरोना जीर्णोद्धारमां पण तेमणे द्रव्य आप्युं छे.

आ नागडावंशना केटलाक भाग्यवंत वंशजो माटे कोइ प्राचीन कविए नीचे मुजब कवित्त कहेलुं छे.

उदयवंत उदिह्ल जास कुल सुगुणह जाणो ।
सुटासुतसमरत्थ वली नरसिंग वखाणो ॥
वीरपाल वडवीर वली छे भरमो चारु ।
जगमां जयवंत हीर सकल जेणे कीधो वारु ॥
अनुक्रमे वली भोज अली मंत्रवी मंडणो ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जयवंत सुत जाणीयें
भोजाणी भूपत भला वसुधामांहें वखाणीयें ॥ १ ॥

## लघु नागडा गोत्र ( ओशवाल )

### ( मुख्य शाखाओ )

वृद्धसज्जनीय ( वीसा ), लघु सजनीय ( दसा ).

नागडागोत्रमां पूर्वे भिन्नमाल नगरमां थयेला धनदत्तशेठनो जे परिवार हालारमां आवी वस्यो, तेना वंशजो लघु नागडा गोत्रथी ओळखावा लाग्या. तथा तेओए पोतानी गोत्रजा अंबाइदेवीने स्थापी. तेओ चैत्रमासना नोरतांमां, तेमज जन्मे, मुंडणे अने परणे त्यारे लापसी तथा पुडलानुं निवेद करे छे, काष्टनी गोत्रजानी मूर्तिपर चंदरवो बांधे छे, अने एक द्राम मूकी बे श्रीफल वधारे छे.

आ लघु नागडाना वंशजो जसापुर, जखवौ, सांधाण, नलीया, सायरा, चडोपरी, वालपद्र तथा परजाउ विगेरे गामोमां वसे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मीठडीया गोत्र ( ओशवाल )

## ( पेटा शाखाओ )

सोनी, देवाणी, तालाणी, भाराणी, सरवाणी, वहोरा विगेरे.

विक्रम संवत ११७२मां पारकर देशमां आवेला सुरपाटण गाममां दधिपद्र वंशना सोढा परमार ज्ञातिना महीपाल नामे क्षत्रिय राज्य करता हता. त्यां घणा द्रव्य-वान व्यापारीओ वसता हता. एवामां कोइक यक्षे कोपा-यमान थइ ते गाममां मरकीना रोगनो म्होटो उपद्रव कर्यो, राणा महीपाले शांति माटे घणा यज्ञआदिक कर्या, पण मरकी शांत थइ नही. एवामां त्यां श्रीअंचलगच्छना आचार्य श्रीआर्यरक्षितसूरिना उपाध्याय श्रीजयसिंहसूरि पधार्या, त्यारे राणाए पोताना मंत्री धरणानी सलाहथी मरकीनी शांतिमाटे गुरुश्रीने विनंति करी. आचार्यश्रीए चक्रेश्वरी देवीनुं आराधन करवाथी तेणीए कह्युं के तळा-वपर जेनुं देहेरुं छे, ते यक्ष राजापर कुपित थयो छे, अने तेणे आ मरकी फेलावी छे. प्रभाते श्रीआर्यरक्षितसूरि अहीं पधारशे, तेमना चरणोदकनो छांटो शेहेरमां नाखजो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जेथी शांति थशे. पछी रात्रिए ते देवीए स्वप्नमां ते हकीकत महीपालराणाने जणावी, प्रभाते गुरुश्रीए पण तेज हकीकत कही. पछी त्यां आर्यरक्षितसूरि पधारवाथी तेमना चरणोदकवडे शेहेरमां छंटकाव करवाथी मरकी शांत थइ. पछी ते महीपाल राणो घणुं द्रव्य, झवेरातआदिक भेट लइ गुरुने वांदवा आव्यो, पण गुरु निस्पृही होवाथी तेमणे कंइं लीधुं नही. त्यारे आचार्यश्रीना उपदेशथी तेणे ते द्रव्यमांथी श्रीशांतिनाथजीनुं जिनमंदिर बंधावी प्रतिष्ठा करावी. अंबाइमाताने गोत्रजा स्थापी. पुत्रना जन्मे, मुंडणे परणे एक गदीयाणुं हेम तथा माणा एकना पुरसइना मोदकथी गोत्रज घरे जुहारे. महीपाल राणो पोताना पुत्र धर्मदास सहित बारव्रतधारी परम जैनी श्रावक थयो, मंत्री धरणे तेने पोतानी पुत्री परणावीने गुरुना उपदेशथी ओशवाल ज्ञातिमां दाखल कर्यो. हवे ते राणा महिपालना धर्मदास नामना पुत्रने चंदेरी नगरनुं राज्य मळ्युं, अने ते पण बारव्रतधारी परम जैनी श्रावक थयो. ते प्रथम अपुत्र हता, परंतु गुरुना उपदेशथी गोत्रजानुं तेमणे आराधन कर्युं, तेथी पाछळथी तेमने पांच पुत्रो थया. ते धर्मदासने दिल्हीना राजा पृथ्वीराज

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तरफथी घणुं सन्मान मळ्युं हतुं. अने धर्मदासे वर्णवेलां गुरुश्रीना माहात्म्यथी खुशी थयेला पृथ्वीराजे श्रीआर्य रक्षितसूरिजीने घणुं सन्मान कर्युं हतुं. ते धर्मदासना चालता वंशमां केटलीक पेढीओ गयाबाद (आ पेढीओनां नामो तेमना आंबामां आप्यां छे.) हमीरना पुत्र रायमल्ल दिल्लीमां गया. ते वखते श्रीमेरुतुंगसूरि खंभातमां चतुर्मास हता, तेमने वांदवा माटे चक्केसरी देवी आव्यां, तेमणे गुरुने कह्युं के आजथी एकवीसमे दिवसे दिल्लीपर मुगलयवनो हल्लो करी घणो उपद्रव करशे, माटे तमारा उपाध्यायजी के जे हाल दिल्हीमां छे, तेमने तेडावी लेवा. गुरुए ते वात श्रावकोने कहेवाथी खंभातना संघे त्यां खेपीयो मोकली उपाध्यायजीने ते वात जणावी. त्यारे उपाध्यायजीए त्यां रहेता ऋषिपकनमीठडीया, तातोल परमार, गोखरु अने देवाणंदसखा, एम मली चार गोत्रना श्रावकोने रावणपार्श्वनाथनी यात्राना मिषे दिल्ही बहार आण्या. तेओ साथे ते रायमल्ल पण त्यांथी निकळी नागोरमां आवी वस्या. एक वखते अलाउद्दीन बादशाह नागोरमां आव्यो, तेने रायमल्ले चोर्यासी जातनी स्वादिष्ट मीठाइ भेट करी, ते खाइने बादशाह घणो खुशी थयो, अने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेनी मीठडीया ओडक स्थापीने चोरासी गाम भेट तरीके रायमल्लने आप्यां. पछी रायमल्ले मीठडी गाम वसावी त्यां जिनप्रासाद करावी रावणपार्श्वनाथनी मूर्ति स्थापन करी, अने त्यारथी तेना वंशजो जन्मे, मुंडणे अने वीवाहे पार्श्वनाथजीनी स्नात्र करे छे. ए रायमल्लनुं बीजुं नाम नरसंघ हतुं. तेना वंशजो मीठडीयाथी ओळखावा लाग्या. एक वखते ते रायमल्ल पोताना पुत्र लखराजने परणाववा माटे नागोरथी जान लेइ बाडमेर जता हता, त्यां वच्चे रेतीनुं रण आव्युं, जानना लोको तरस्या थया, कुवानी तपास करी तो तेनुं पाणी खारुं होवाथी रायमल्ले पोतानी साथे लीधेली खांडमांथी एकसो मण खांड ते कुवामां नखावी पाणी मीठुं करी लोकोने पायुं. वळी विक्रम संवत १४०२मां तेणे संघ कहाडी गोडीपार्श्वनाथनी यात्रा करी, ते वखते कुवामां खारुं पाणी होवाथी तेमां बत्रीससो छांट भरेली खांड कुवामां नखावी, अने त्यारथी तेना वंशजो शुद्ध मीठडीया ओळखावा लाग्या. आ वंशमां देवाणी, तालाणी, भाराणी, सखराणी, वहोरा विगेरे ओडको छे.

आ मीठडीया गोत्रना वंशजो सुरत, खडकी, पाटण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( खराकोटडीपाडो विगेरे ), अमदावाद ( झवेरीवाडो विगेरे ), नागोर, मंडपदुर्ग, दीव, खंभात, नवानगर जेसलमेर विगेरे गामोमां वसे छे.

आ वंशमां संवत १९८५मां नवानगरमां थयेला वोरा अजरामल हरजीए हरजीवाग, हरजी जैनशाला, तथा आदीश्वरप्रभुनुं शिखरबंध देरासर नवानगरमां ( जामनगरमां ) बंधावेलां छे, तेमज बीजुं पण घणुं द्रव्य धर्ममार्गमां खरच्युं छे. तेनां वंशजोमां हालमां विद्यमान मुंबइना व्यापारी वोरा टोकरसी देवसीए जामनगरना शेठ वर्धमानशाह तथा रायसीशाहना जिनमंदिरना जीर्णोद्धार माटे हजारो रुपीया खरच्या छे.

## वडहरा ( वडोरा—वडेरा ) गोत्र. ( ओशवाल )

( मुख्य शाखाओ. )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दसा ).

पेटा शाखाओ.

सेल्होत, दोशी, पीपलीया, छकलसीया, पारेख, विगेरे

विक्रम संवत १००७मां श्रीभिन्नमाल नामना नगरमां परमार वंशनो राउ श्री सोमकरण नामे राजा राज्य

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



करतो हतो. तेने शंखेश्वरगच्छनी वल्लभी शाखाना श्रीजयप्रभसूरि नामना आचार्ये प्रतिबोधिने परमजैनी कर्यो, तथा तेना वंशजो पण जैनी थया. त्यारपछी विक्रम संवत ११११ मां मुगलोए आवी भिन्नमालनो नाश कर्यो, त्यारे तेना वंशना राय गांगा त्यांथी नाशी बाहडमेर गया. त्यां परमार वंशनो देवड नामे राजा हतो. त्यां ते गांगा रायना पुत्र मुनिचंद्रने ते राजाए " सेलहोत " पद आप्युं. ते मुनिचंद्रना गुणचंद्र नामे पुत्र थया. एवामां त्यां विधिपक्षगच्छ संस्थापक श्रीविजयचंद्रसूरि ( आर्यरक्षितसूरि ) पधार्या. तेमना उपदेशथी तथा तेमना शिष्य श्रीजयसिंहसूरिनी प्रेरणाथी त्यांना संघे ते गुणचंद्रने विक्रम संवत १२१६ मां ओशवाळ ज्ञातिमां मेळव्या. अनुक्रमे तेमना वंशमां किराडुइ नामना गाममां आसानी स्त्री चांदादेना आल्हा नामे पुत्र भाग्यशाली धनवान थया, ते गाममां सातसो पचीस ओशवालोनां घर हतां, तेमां आल्हानुं घर तथा कुटुंब वडुं कहेवातुं. एवामां त्रण वर्षोसुधी उपराउपर दुष्काळ पड्यो, अने अन्नविना माणसो मरवा लाग्यां, त्यारे आल्हाए त्यां दानशाळा मंडावीने पहेले वर्षे दररोजनुं एक कलशी, बीजे वर्षे दररोजनुं बे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कलशी, तथा त्रीजे वर्षे दररोजनुं त्रण कलशी अन्न आपी घणा लोकोने उगार्या. त्यां तेनी कीर्ति सांभळी घणा परदेशी दुकालीया क्षुधातुर माणसो आवता, अने त्यांना लोकोने पूछता के अन्न क्यां मळे छे? लोको कहेता के वडेरा आल्हानी दानशाळामां मळे छे. अने त्यारथी तेना वंशजो वडेरागोत्रना नामथी प्रसिद्ध थया, अने आछतदेवी तेनी गोत्रजा थइ. तेना कर–जन्मे, मुंडणे, परणे पुरसइना लाडु करे, अने कुटुंबमां लाय, तथा रातीजगो करे. केटलाक दिवसोबाद ते आल्हाने त्यांना ठाकोर साथे अणबनाव थयो, तेथी रात्रिए घरमां दीवो मूकीने त्यांथी नाशी पारकरमां गया, त्यांना श्रीचंद्राणाए तेमने घणुं सन्मान आप्युं, तथा पोताना प्रधान करी स्थाप्या. तेना वंशमां अनुक्रमे साल्हा नामे पुरुष थया, ते जेसलमेरथी धन कमाइने ज्यारे पारकरतरफ आवता हता, त्यारे तेना साथमां आवता सोनारनी दानत बगडी, अने तेथी ते सोनारे साल्हापर तलवारनो घा कर्यो, साल्हाए पण पडतां पडतां ते सोनारपर तलवारनो घा करी तेने मारी नाख्यो, अने साल्हा पण शुभध्यानथी मरी देव थयो. ते साल्हानो पालीओ गोडीपार्श्वनाथनी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जात्राए जतां मार्गमां आवे छे. ते मार्गेथी जो कोइ वडेरावंशनो जाय, तो तेना पालीया आगळ ते एक श्रीफल वधारी अढीशेर घृतनुं निवेद धरावे, तेनापर ते साल्हादेव तुष्टमान थइ तेना मनोवांछित पूरे छे. त्यां ते सोनारनी जगोए इंटनी ढगली छे, त्यां इंट (अथवा नाळीयेरना काचलां) नाखी सोनारने मारे. आ वंशमां गांधी, दोशी, विगेरे अडको छे.

आ वडेरा गोत्रना वंशजो राधनपुर, मोरबी, पडधरी, भाणवड, डबासंग, घोघा, राजकोट, मंजल, खेरालु, झींझुवाडा, अंजार, अमदावाद, भुज, धुंवाव, आसालडी, धमकडा, सुराचंदा, नवानगर, कोठारा, सेखपाट, वीरमगाम, नगरपारकर, चकासर, नसरपुर, अमरकोट, सीहु, बाहडमेर, जेसलमेर, मांडवी, कोहरी, भाद्रेसी, नागोर, मुलतान, राइद्रह, कालावड, पाटण, गोवलकुंडा, बुरानपुर, दीव, जुनागढ, वणथली, राणपुर, खंभात, अमरेली, जसदण, धारी विगेरे गामोमां वसता हता.

आ वंशमां आल्हाना बीजा पुत्र साजणना काजल, उजल, अने सामल नामे त्रण पुत्रो थया. तेमांथी काजलनो मेघा नामनो देवाणंदसखागोत्रनो बनेवी हतो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेने काजले पोताथको पाटणमां व्यापारमाटे मोकल्यो हतो, त्यारे ते मेघो पाटणथी अतिशय प्रभाववाळी श्रीपार्श्वनाथनी प्रतिमा लाव्यो. त्यारे काजले तेने कह्युं के, मने ते प्रतिमा आपो, के जेथी हुं प्रासाद बंधावी तेमां ते प्रतिमा स्थापन करुं. पण मेघाए ते आपी नही. पछी स्वप्नामां जेम प्रतिमाए कह्युं तेम मेघे कर्युं, जेथी निधान प्रगट थयुं. मेघाए प्रासाद बंधाववा मांड्यो, मूल गंभारो शिखरबंध थयो, एटलामां मेघे काल कर्यो. पछी काजले पोतानी बेहेनने समजावीने ते प्रासाद संपूर्ण कराव्यो. पछी काजले शत्रुंजय तथा गिरनारनो संघ कहाडी घणुं द्रव्य खरची संघपतिपद प्राप्त कर्युं. वळी आ वंशमां थयेला समरसी राधनपुरथी आवीने दीवमां वस्या, ते महाधनवंत तथा धर्मक्रियामां घणा चुस्त हता. तेमणे श्रावकनी अगीयार प्रतिमा वहीने घणुं द्रव्य खरच्युं, पूज्य श्री धर्ममूर्तिसूरीश्वरजीने दीवमां पधरावी सर्व आगमो सांभळयां. वळी आ वंशमां वीरगाममां थयेला उजलना पुत्र माणिकशेठे विक्रम संवत १५१५ मां श्रीसुमतिनाथआदिकना घणा जिनबिंबो भराव्यां, तथा ते पर सोनारूपाना छत्रो कराव्यां. श्रीजयकेसरिसूरिना उपदेशथी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संघ कहाडी प्रतिष्ठाओ करीने घणुं द्रव्य खरच्युं, तथा मुगलोने द्रव्य आपी घणा बंदिवानोने छोडाव्या. आ वंशमां अमरकोटमां थयेला शा. आसकरण बाल ब्रह्मचारी बार व्रतधारी शुद्ध श्रावक हता, तेमणे पारकर विगेरे देशोमां थाळी, रुपीया तथा सवाशेरना मोदकनी ल्हाणी करी घणुं द्रव्य खरच्युं. संवत १५४१ मां भुजमां थयेला चांपाशाहे श्रीजयकेसरिसूरिना उपदेशथी श्रीकल्पसूत्रनी चोर्यासी प्रतो लखावीने सर्व आचार्योने वहोरावी.

आ वंशमां विक्रम संवत १२९५मां जावडना भाइ भावड राधनपुरथी पाटण पासे कुंणगिरिमां आवी वस्या. तेनी श्रीजी पहेडीए कुंपानो राणा नामे पुत्र थयो. हवे ते कुणगिरिमां लघुसजनीय ओशवाळ श्रीपालनी पुत्री लक्ष्मीवती पोतानी सखीओ सहित रमती हती. ते वखते ते कुंपानो महास्वरूपवंत पुत्र राणो घोडे चडी पोताना सेवको सहित रमवा माटे वाडीए जतो हतो. तेने जोइ ते लक्ष्मीवती तेनापर मोहित थइ, अने सखीओने कहुं के तमारे मारी माताने कहेवुं के लक्ष्मीवती आ राणाने परणशे. मातपिताए पुत्रीने कह्युं के राणो वृद्धसजनीय छे, अने आपणे लघुसजनीय छीये, माटे ते वीवाह थशे नही. पण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कन्याये हठवाद लीधो के एम नही थाय तो हुं अग्निमां बळी मरीश. त्यारे श्रीपाळे महाजन मेळवी राणाने घणी विनति करी, पण राणाए मान्युं नहीं. एवी रीते ते कन्या अढार वर्षोसुधी कुंवारी रही. पछी ते कन्या बळी मरवा माटे शेहेर बहार आवी. ते वखते ते कन्यानी धारणी नामनी डाडी पोताना घरना गोखपर चडी कन्याने जोवा लागी, एवामां ते त्यांथी नीचे पडीने मरण पामी, अने व्यंतरी देवी थइ. नगरना राजाने ते वातनी खबर पडवाथी ते लक्ष्मीवती कन्याने पाछी वाळी बळात्कारे राणासाथे परणावी, तथा राजाए पांच गाम कन्यादानमां तेने आप्यां. पछी ते धारणी देवीए प्रगट थइ राणाने कह्युं के हवेथी तमो मने गोत्रजा थापजो हुं तमारो उदय करीश. एवी रीते संवत १२३५मां वैसाक सुदी पांचम गुरुवारे वडेरानी लघुशाखा राणाथी निकळी छे. पाटणमां वडेरा वंशमां विक्रम संवत १५७८मां अंचलगच्छना श्री भावसागरसूरिना उपदेशथी सुरचंद तथा सुरादासे कुटुंबना श्रेयमाटे श्रीपार्श्वनाथना बिंबनी प्रतिष्ठा करावी, अने ते कानजी हंसराजना घरमां पूजाय छे.

विक्रम संवत १५२५ मां देवचंदविगेरे वडेराना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वंशजो वांकानेरेमांथी जुनागढना नवाबने जोइता उंचां वस्त्रो आप्यां, तथा जुनागढमां वस्या, त्यारथी तेओ दोशी ओडकथी ओळखावा लाग्या. पीपलीमां वसनारा पीपलीया ओडकवाळा छे, तेमज झालोरपासे मालणीना रहेवासी भींचाशेठ पासे छ कलसी धन होवाथी तेना वंशजो छकलसीया ओडकथी प्रसिद्ध थया. वडेरानी गोत्रजा अछुप्ता चार हाथोवाळी छे. तेओमां जन्मे, मुंडणे तथा परणे सरखा कर छे. वडो पुत्र आवे त्यारे एक तोलानी रुपानी गोत्रजानुं फरुं करावे बीजा पुत्रने क्षौर न करे त्यां लगी चोटी राखे. जन्मे पुरसेइनो दल वउंनो चोवीस पालीनो करे, तेमां दश शेर घी तथा खांड अढीशेर नाखे, ते दलनो थाल भरी गोत्रजा आगळ मूके. पाली एकनी लापसीनो लोट गोळ शेर एक नाखी करे. बे श्रीफल मूके. घीनो दीवो करे, ते रात्रिए अखंड राखे. बाळकना मातपिता चोथुं व्रत पाळे, भूमिपर सुए, प्रभाते ते दशशेर घीमांथी घी लेइ ते लापसीना लोटनी एक शेर गोळवाळी लापसी रांधे पछी पवित्र थइ गोत्रजाने पूजे, तथा ते बे श्रीफल वधारे. भूमि लींपी पाटलापर कंकुनो साथीयो करी त्रण ढगली चोखानी मूके.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुंडणे पण एज रीति जाणवी, तेमां एटलुं विशेष के बाल-
कने कोरी आंगी अने नवी पगरखी तथा नवी पाघडी
पहेरावे, रात्रिजगो करे, तंबोल देइ प्रभाते खुंमानाडानी
चारे दिशाए तरणी बांधे, वच्चे ते बाळकने बेसाडी
पीठी करी पछे माथे जडवासो करे, चोटी उतारतां एक
गजनुं कपडुं लेइ तेमां केश नाखी फइने ( सुहासणने )
आपे, तथा ते साथे रुपानाणुं आपे, पछी ते बाळक फइने
पगे लागी गोत्रजाने पगे लागे. पछी देहेरे दर्शन करी
गुरुने वांदी, पुस्तक पूजा करी गीत गातां घरे आवे,
तथा जाचकने दान आपे.

संवत १४९९मां पारकरमां थयेला ठाकरसीना पुत्र
खीमसीए शत्रुंजय तथा गिरनारनो संघ कहाडी घणुं द्रव्य
खरच्युं छे. संवत १५२७मां लोलाडाना रहीस मलाशेठे
श्रीपार्श्वनाथजीनी प्रतिमा भरावी तेनी श्रीअंचलगच्छा-
धीश श्रीजयकेसरिसूरिजीना उपदेशथी प्रतिष्ठा करावी
छे. संवत १५१५मां कोटडाना रहीस खीमाशेठना पुत्र
श्रीकर्ण, महीकर्ण, डीडा तथा मेघाए मळी श्रीशांतिना-
थजीनो शिखरबंध प्रासाद कराव्यो. पाटणमां कोकाना
पाडाना रहीस धनजी तथा मनजी नामना बन्ने भाइओना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परिवारमां पारेखनी ओडक थइ छे. तेमना वंशमां अमदावादमां थयेला पारेख लीलाधरे श्रीकल्याणसागरसूरिजीना उपदेशथी शत्रुंजय तथा गोडीपार्श्वनाथ आदिकनो संघ कहाडी संवत १७१२ मां घणुं द्रव्य धर्ममार्गमां खरच्युं छे.

## हथुंडीया राठोड गोत्र ( ओशवाल )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

विक्रम संवत १२०८ मतांतरे ( १२२४ ) मां हस्ततुंड नामना नगरमां राठोड क्षत्री राउत अनंतसिंह मतांतरे (अखयराज) राज्य करता हता. तेमने श्रीमेदपाटीय शाखाना अंचलगच्छीय जयसिंहसूरिए मतांतरे ( जयप्रभसूरिए ) प्रतिबोधीने जैनी कर्या. ते अनंतसिंहे शत्रुंजयनी यात्रा करीने हस्ततुंड नगरमां श्रीवीरप्रभुनो प्रासाद कराव्यो. तेना वंशजो हथुंडीया राठोड गोत्रथी प्रसिद्ध

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थया तेमनी गोत्रजा देवी समकीतधारी उच्छिप्ता नामनी छे.

आ हथुडीया गोत्रना वंशजो केरवाडा, नांडलाइ, बगडीया, चंदेरी, खडी, चुडली, नारगाम विगेरे गामोमां वसे छे.

## पडाइया गोत्र ( ओशवाल )

पेटा शाखाओ.

तिलाणी, सुमणीया.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४-०-० )**

विक्रम संवत १२२४मां लोलाडा नगरमां राठोड वंशना राउत कणगरने अंचलगच्छना श्रीजयसिंहसूरिए मतांतरे ( श्रीजयप्रभसूरिए ) प्रतिबोधी जैनी करी ओश-वाळ ज्ञातिमां मेळव्या तथा सच्चिआवि देवीने तेनी गोत्रजा स्थापी. तेना कर-श्रीफल एक, कपडुं एक तथा घृत शेर सवानी लापसी जन्मे, मुंडणे तथा परणे त्यारे करे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेमांथी अर्ध सुहासणीने आपे, तथा सहस्त्री एक सुहासणीने आपे. आ वंशमां तिलाणी, सुमणीया विगेरे ओडको छे.

आ गोत्रना वंशजो विशाला, राडद्रा, बाहडमेर, नगरपारकर, जेसलमेर, बीलाडा विगेरे गामोमां वसेछे.

आ वंशमां थयेला समरसीए विक्रम संवत १४९२मां लोलाडानगरमां श्रीशांतिनाथनो प्रासाद कराव्यो, तथा एक लाख द्रव्य खरचीने शत्रुंजयनी यात्रा करी. विक्रम संवत १५०८मां अंचलगच्छाधीश श्रीजयकेसरिसूरिजीना उपदेशथी श्रीशीतलनाथजीनुं बिंब करावी बाहडमेरमां प्रतिष्ठा करावी. विक्रम संवत १४८४ मां आ वंशना जिनदासना पुत्र सादा तथा समरथ साचोरामां वसता हता. एवामां त्यांना ठाकोरनो पुत्र राज्य मेळववाना लोभथी पोताना पिताने मारी नाखवा माटे रात्रिए चोरनो वेष करी राजाना घरमां पेठो, त्यारे ठाकोर जागी ऊठवाथी तेने चोर जाणी खड्ग लेइ मारवा दोड्यो त्यारे ते कुंवर अगासीपरथी ठेक मारी पाछळ सादाना घरमां पड्यो, सादाए तेने झाल्यो, तथा ओळख्यो, अने राजानो पुत्र जाणी छोडी दीधो, तेथी ते नाशी गयो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एवामां राजाना चोकीदारोए त्यां आवी सादाने पूछयुं के तें ए कया चोरने कहाडी मूक्यो? परंतु सादे जवाब आप्यो नही. त्यारे तेओए राजाने कहेवाथी राजाए सादाने बोलावी पूछयुं पण सादो अणबोल्यो मुंगो रह्यो. त्यारे राजाए क्रोधायमान थइ कह्युं के खरेखर आ मुमणो (मुंगो) चोरोने आश्रय आपी पोतानुं घर भरे छे, माटे चोरने बदले आनेज मारो? महाजने पण एकठा थइ सादाने घणो समजाव्यो के तुं चोरनुं नाम दे, के जेथी तुं जीवतो रहे. सादे कह्युं माराथी ते नाम बोलासे नही. पछी राजाना माणसो ज्यारे तेने मारवा माटे लेइ चाल्या, त्यारे कुंवरने खबर पडवाथी तेणे ते माणसो पासेथी सादाने लेइ पोताना घरमां राख्यो. राजाए घणा आग्रहथी ते मुमणीआने कुंवर पासेथी माग्यो, पण तेणे आप्यो नही. एवी रीते केटलाक दिवसो गयाबाद राजाना मृत्युबाद ते कुंवर राजगादीए बेठो, अने ते सादा मुमणीयाने पोतानो मंत्री करी स्थाप्यो, अने तेथी ते सादाना वंशजो मुमणीयानी ओडकथी ओळखावा लाग्या. ते सादाना पुत्र मंडलीके विक्रम संवत १५४८ वैसाख सुद दशमे रत्नपुरमां अंचलगच्छेश श्रीसिद्धांतसागरसूरिना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उपदेशथी श्रीसुमतिनाथजीनुं बिंब करावी प्रतिष्ठामां अग्यार हजार पीरोजी खरची, तेमज संवत १५५२मां तेज आचार्यना उपदेशथी कारोला गाममां तोलाक शेठे श्रीपद्मप्रभुजीना बिंबनी प्रतिष्ठा करावी.

## वाहणी गोत्र–( ओशवाल )

### ( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )

विक्रम संवत १२२१मां श्रीअंचलगच्छनी वल्लभी शाखाना पुण्यतिलकसूरिए बिणपनगरमां चतुर्मास रही त्यांना परमार डोडीया रजपुत राउत नगराजने प्रतिबोधी जैनी कर्या, तथा ओशवालमां मेळव्या. नगराजना पुत्र सोमल पोताना चार वहाणथी वेपार करता हता, तेथी तेना वंशजो वहाणी कहेवाया. तेनी गोत्रजा अच्छिन्नादेवीनी मूर्ति रुपानी अश्वना वाहनवाळी छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेना कर जन्मे, मुंडणे, परणे त्यारे घृत शेर दशना लाडु कुटुंबमां लाहे, तथा फइने सहरखी बे आपे. बीजो छोकरो परणे अने तेने जड वासे त्यारे शेर घृतनी लापशी तथा नालीयेर एक वधारे, सुहासणने साडी तथा कापडुं आपे, पहेलो छोकरो जन्मे परणे तथा जडवासे श्रीफल एक, कापडुं गज एक तथा सोपारी सात पाटला उपर मूके, तथा ते श्रीफल वधारे. पुरसी गुजरी माणा पांचनी करे. छोकराने प्रथम पगमांडणे नव हाथ लुगडुं पाथरी उपर घउं-ना मांडा पाथरे. अने ते पर बाळकने पग मंडावे माणा पांच गुजरीना मांडा करी गोत्री कुटुंबने जमाडे, सवासेर घृत अने सवासेर गोळनी लापसीनुं निवेद करी श्रीफल एक वधारे, सोपारी सात तथा पगमांडणीनी पछेडी सुहासणने आपे.

आ गोतना वंशजो नरता, सरथला, भिन्नमाल, साचोरा, राडद्रह, सीधासुइ, वाघोडी, सेली, खंभात, दासप, सुगाली, झालोर, मूली, थावर, घणेरा, तथा-दीताआदिक गामोमां वसता हता.

आ वंशमां थयेला सोमिलशेठे चार लाख पीरोजी खरचीने श्रीशत्रुंजय तथा गिरनारनी यात्रा करी, बे लाख पीरोजी खरची दानशाळा मंडावी. विक्रम संवत १५०५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मां बीजरोलमां थयेला भीमा तथा रामाए श्रीपार्श्वनाथजी नी प्रतिमा करावी घणुं द्रव्य खरच्युं. संवत १६२७ मां खरजांगे घणुं द्रव्य खरची झालोरी, साचोरी, राडद्रही अने सीरोही, ए चार देश जमाड्या. झालोरमां थयेला कमाए घणां धर्मकार्यो द्रव्य खरची कर्यां छे. मूळीमां थयेला नोडाशाहे त्रण हजार माणसोनो संघ कहाडी घणुं द्रव्य खरची श्रीशत्रुंजयनी यात्रा संवत १६११ तथा १६१५ मां करी. संवत १६१३ मां सीहाआदिक भाइ-ओए श्रीधर्ममूर्त्तिसूरीश्वरना उपदेशथी श्रीसुमतिनाथना बिंबनी घणुं द्रव्य खरचीने प्रतिष्टा करावी.

## जासल गोत्र—( ओशवाल )

( मुख्य शाखाओ. )

वृद्ध सजनीय ( वीसा ), लघुसजनीय ( दसा )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विक्रम संवत ११४४ मां हस्तितुंड नगरमां चहुआण वंशना श्रवणवीर नामे राजा हता. तेना पुत्र श्रीमालदेव कुमारने वनमां क्रीडा करतां व्यंतरे छल्यो, राजाए घणा उपाय कर्या, पण कुंवरने समाधि थइ नही, पण मरवा पड्यो. एवामां श्रीअंचलगच्छनी वल्लभी शाखाना महा प्रभाविक आचार्य श्रीपुण्यतिलकसूरि त्यां पधार्या, तेमने प्रभाविक जाणी वणवीर राजा तेमने वांदवा आव्या, तथा पुत्रनी हकीकत कही. गुरुए कह्युं तमो जिन धर्म स्वीकारो तो तमारा पुत्रने समाधि थइ जशे. राजाए तेम करवानी कबुलात आपवाथी आचार्यश्री तेमने घेर पधार्या तेमने जोइ ते व्यंतर कुमारना शरीरमांथी निकळी गयो, अने कुमारने समाधि थइ. व्यंतर प्रगट थइ गुरुने नम्यो, अने कह्युं के हवे आ वणवीर राजाने मारा नामथी गोत्रजा स्थापवानुं कहो, हुं तेमनुं सान्निध्य करीश. गुरुना वच नथी राजाए तेम कर्युं, ते व्यंतरनुं नाम जासल हतुं, अने तेथी ते वणवीरना वंशजो जासलगोत्रथी प्रसिद्ध थया. जासा (जाषा) देवी नामनी गोत्रजा स्थापी. तेना कर–जन्मे, मुंडणे, परणे त्यारे शोळ पालीना लाडु करे, त्रणवाल रुपानी वारी चडावे, तथा कपडुं गज अढी,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीफल बे अने घृत शेर अढीनी मात्र करी गोत्रजा जुहारे, तेमांथी अर्ध सुहासणीने आपे, बाकीनुं घरमां वापरे, गाय भेंस वींआय त्यारे प्रथम वळोणाना घृतनुं नीवेद करी गोत्रजा जुहारे, गुरुना उपदेशथी वणवीरने ओशवाळनी पंक्तिमां दाखल कर्या.

आ जासल गोत्रना वंशजो दांतीवाडा, मंडाहड, उंड, फीचाली, मंडपाचल, अहमदपुर, पाटण, साचोर, राधनपुर, कुणगिरि, संघाणा, भीलडी, वडनगर, सहसपुर, इडर, डडाहड विगेरे गामोमां वसे छे.

आ वंशमां उंडना रहेवासी वनाशेठथी लघुसजनीय शाखा निकळेली छे.

## बहुल ( बोहड ) गोत्र—( ओशवाल )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो(वंशावली) मगावो. रु. कि. रु. ४—०—० )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विक्रम संवत १२४६ मां श्रीअंचलगच्छाधीश श्री-धर्मघोषसूरि मोहलगाममां चतुर्मास रह्या, अने त्यांना डोडीया रजपुत राउत श्रीधाहोलने प्रतिबोधी जैनी कर्या, तथा ओशवालज्ञातिमां दाखल कर्या. तथा धोहोल(धोलही) नामथी तेनी गोत्रजा स्थापी.

आ गोत्रना वंशजो मोहल, धगही तथा खीमली विगेरे गामोमां वसेछे.

आ वंशमां थयेला खीमाए धणणी (नग)गाममां विक्रम संवत १३६८ मां ऋषभदेव प्रभुनो प्रासाद कराव्यो. तथा १३५८ मां लाखाए लाखा ( लाखाइ ) गाममां श्री अजितनाथप्रभुनो प्रासाद कराव्यो.

## कामसा गोत्र—ओशवाल.

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ कामसा गोत्र ए बहुल ( बहोल-बोहल ) गोत्रनी शाखा छे. बहुल गोत्रमां थयेला सोमानो पुत्र भुंभच सोजत नगरना राणा श्रीजगानो प्रधान थयो. एक दिवसे ते महा तेजस्वी स्वरूपवाळा भुंभचने राणानी कुंवरी लखमादेए जोवाथी तेनापर मोहित थइ, अने तेनेज परणवानी तेणीए हठ लीधी, तथा अन्नपाणीनो त्याग कर्यो. त्यारे राणाए पराणे पोतानी ते पुत्रीने भुंभचसाथे परणावी, अने विक्रम संवत १३८५मां तेने कामसा गाम आप्युं. अने त्यारथी ते भुंभचना वंशजो कामसा गोत्रथी प्रसिद्ध थया. तेनी गोत्रजा तथा कर बहुल गोत्र प्रमाणे जाणवा.

आ गोत्रना वंशजो कामसा, इंद्रवाडा, कलवइ, सिरीयारी, नाडलाइ विगेरे गामोमां वसता हता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चहुआण गोत्र–( ओशवाल )

## ( पेटा शाखाओ )

डोडीयालेचा, गोपाउत, सुवर्णगिरा, संघवी, पालणपुरा, सिंघलोरा विगेरे.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )**

विक्रम संवत १२६५ मतांतरे ( १२७५ ) मां झालोर नगरमां राउश्री कान्हडना राज्यमां चहुआण वंशी भीम नामे रजपुत वसता हता. ते वखते श्रीअंचलगच्छना श्रीधर्मघोषसूरि ( मतांतरे ) श्रीमहेंद्रसिंहसूरि विहार करता त्यां पधार्या. भीम चहुआण तेमनो उपदेश सांभळी प्रतिबोध पामी परम जैनी व्रतधारी श्रावक थया, तथा गुरुए तेमने ओशवाळमां मेळव्या. तेमनी गोत्रजा अंबाइदेवी स्थापी, तेनुं स्थान भिन्नमाल नगरमां खीमजा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



डुंगरीए गाजणा टुंकपर प्रासाद छे. तेना कर—चैत्र तथा आसुनी पांचमे घृतसहित चोळा चोखानुं निवेद करे, फदीयां आठ अने जमणीनुं कापडुं फइने आपे, ए पूर्वेनी स्थिति कही. त्यारपछीनी जन्मे, मुंडणे परणे त्यारे, तथा दीवाळीए दोढ पालीना लाडु तथा दोढ पालीनी लापसी करे. बालकना वाळ पारकरे उतारे, त्यारे पाली एकना लाडु तथा पाली एकनी लापसी करी गोत्रजा जुहारे. ते भीमे डोड गाममां श्रीवासुपूज्यजीनुं जिनमंदिर अंचलगच्छीय श्रीजयप्रभसूरिजीना उपदेशथी बंधाव्युं, अने ते गामनुं अधिकारीपणुं मळवाथी तेना वंशजो डोडीयालेचा कहेवाया. आ वंशमां गोपाउत, सुवर्णगिरा, संघवी, पालणपुरा विगेरे ओडको छे.

आ गोत्रना वंशजो झालोर, डोड, दुजाणा, गुंदालीया, गुदवची, घाणील, राडधरा विगेरे गामोमां वसे छे. आ वंशमां थयेला वीराशेठे झालोरमां श्रीचंद्रप्रभस्वामीजीनो प्रासाद बंधाव्यो. संवत १५०५ मां कोरंडाना वासी महिराज शेठे अभिनंदनस्वामिजीनुं बिंब भराव्युं, तथा तेनी प्रतिष्टा अंचलगच्छीय श्रीजयकेसरीसूरीश्वरजीए करी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## कटारीया गोत्र—( ओशवाल )

### ( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

विक्रम संवत १२४४मां पुजवाडा नगरमां सीसोदीया रजपुत राणाश्री उदयसिंह राज्य करता हता. ते वखते ते नगरमां चहुआण रजपुत राउत कटारमल्लनी पासे घणुं द्रव्य हतुं. राजाने विवाहमां द्रव्यनो खप होवाथी तेनी पासेथी ७८७ सइ कांठा सुधी भरीने उछीनो पीरोजीओ लीधी, अने पाछी सगसहित तेटली सइ भरीने पीरोजी आपवानुं राजाए वचन आप्युं, तथा ते कटारमल्लने ते धन वहोरवाथीवहोरा करी बोलाव्या, जेथी तेनी वहोरा अडक थइ. एवामां त्यां श्रीअंचलगच्छाधीश श्रीजयसिंहसूरि पधार्या, तेमणे ते कटारमल्लने प्रतिबोधीने जैनी कर्या,अने चक्रेश्वरीदेवीने तेनी गोत्रजा स्थापी, तथा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ओशवाळ ज्ञातिमां मेळवी दीधा. ते कटारमल्लना वंशजो कटारीया गोत्रथी ओळखावा लाग्या. ते कटारमल्लजीए गुरुना उपदेशथी हस्ततुंडनगरमां श्रीमहावीरप्रभुनो जिनप्रासाद कराव्यो.

आ गोत्रना वंशजो रोहड, पाली, सीरोही, नांडलाइ, वेधरी, दूधवडी, लाखणी, भालणी, मोरसीम, डूमडी, धाणसा, पारकर, राहुली, करपा, कोरटा विगेरे गामोमां वसता हता.

आ वंशना रोहड गामना रहेवासी श्रीकरणना पुत्र वीरजीए विक्रम संवत १२९६मां रत्नपुरमां श्रीमहेंद्रसूरिजीना उपदेशथी श्रीशांतिनाथजीनुं जिनमंदिर बंधाव्युं, तथा शत्रुंजयनो संघ कढाव्यो, तथा सर्व मळी सात लाख पीरोजी धर्म कार्यमां खरची.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## कात्यायन गोत्र-( श्रीमाली. )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवामाटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४-०-० )

विक्रम संवत ७०९मां भिन्नमाल नगरमां श्रीशांतिनाथजीनो गोष्टिक श्रीमल्ल नामे सात क्रोड द्रव्यवाळो व्यापारी हनुमंतना पाडामां वसतो हतो, ते श्रीउदयप्रभसूरि पासे प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा नवदुर्गादेवीनुं स्थान नगरथी दक्षिण दिशाए नवखंगी वाव पासे छे. तेना कर—चैत्र तथा आसुमासनी दशमने दिवसे रुपानी गोत्रजा जुहारवी, हाजर न होय तो नव लींटी कंकुनी करवी. जन्मे, परणे, मुंडणे सेइना लाडु, फइने चार फदीयां, साडात्रण गज लुगडुं, माणा चार चोखा अथवा घउं तथा नालीयेर बे फइने आपे. लाडुनी नव पींडली गोत्रजा पासे मूके, बाकी कुटुंबमां लाहे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ गोत्रना वंशजो सीहोर, हलवद, घनेरा, थराद, राधनपुर, अमरेली पासे सेलडी, मोरबी, सोही, भंभोड, ऊना, मीडाउ, पीपरडी, जसदण, लाठी, तेरवाडा, खंभात, पाटण, आदिक गामोमां वसेछे. तेमाना केटलाक कडवामति छे.

आ वंशमां भरोल गाममां थयेला शेठ मुंजाए विक्रम संवत १३०२ मां अंचलगच्छनी वल्लभीशाखाना श्रीपुण्यतिलकसूरिजीना उपदेशथी शिखरबंध जिनमंदिर बंधाव्युं, तथा प्रतिष्ठा करावी, अने वाव बंधावी. सर्व मळी सवा-क्रोड द्रव्य धर्मकार्योमां खरच्युं. विक्रम संवत १४६८ मां शेठ लींबाए पाटणमां दुकाळ वखते घणुं द्रव्य खरची घणा लोकोने उगार्यां.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## सांडसा गोत्र—( श्रीमाली—कात्यायन गोत्रनी शाखा )

( मुख्य शाखाओ )

वृद्ध सज्जनीय ( वीसा ), लघुसजनीय ( दशा )

( पेटा शाखाओ )

गोदडीया, कडवामती, खंभायता विगेरे.

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

विक्रम संवत १३२५मां कात्यायन गोत्रमां शीहोर गाममां सामंतशेठ नामे शाहुकार थया. दुश्मनना वचनथी त्यांना सोमराजाना पुत्र जेताजीए तेना पर क्रोधायमान थइ तेने बंदिखानामां नाख्यो, तथा द्रव्य माग्युं, पण सामंतशेठे आप्युं नही, त्रीजे दिवसे तेने बंदिखानामांथी बहार कहाडी राजाए घणो भय बताव्यो, तोपण ते द्रव्य आपवाने कबुल थयो नही. त्यारे राजाए सांडसा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(चीमटा) सगावी ते वडे तेनुं मांस तोडवानो हुकम कर्यो, परंतु सामंतशेठ तेथी जरा पण डर्यो नही. त्यारे राजाए तेनी हिंमतथी खुशी थइने तेने कह्युं के तुं खरेखर सांढनी पेठे महाहिंमतवाळो छुं, ताराजेवा पुरुषो राजना स्तंभसरखा छे, एम कही तेने पोषाक आपी छुटो कर्यो, तथा सांडसो कही बोलाव्यो, त्यारथी तेना वंशजो सांडसागोत्रथी ओळखावा लाग्या. तेओनी गोत्रजा नवदुर्गा छे, तथा तेना कर कात्यायनगोत्रमां लख्यामुजबना छे.

आ सांडसा गोत्रना वंशजो शीहोर, घनेरापसे सांकडा, थराद, राधनपुर, डोडु, अमरेलीपासे सेलडी, मोरबी, सोही, मंभोड, उना, मीडाउ, पीपरडी, जसदण, लाठी, तेरवाडा, खंभात, भीनमाल, पांचसेरी, पाटण, बेणप, आरासण, खेरालु, तारापुर, सापोसर, जोटाणुं, चंगा ( चरोतर ) कपडवंज तथा कापली विगेरे गामोमां वसे छे.

आ वंशमां लघुसज्जनीय अने वृद्धसज्जनीय एम बे शाखाओ छे. आ वंशना केटलाक माणसो कडवामति पण छे. आ वंशमां थयेला मेघाशेठथी तेना वंशजोनी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



खंभायती अडक थइ छे. आ वंशमां जिनदासशेठ ब्रेणपमां वसता हता, ते वखते विक्रम संवत ११४९ मां त्यां भीमराजा नामे राणो राज्य करतो हतो, तेने संतान न होवाथी पोताना प्रधान जोगानी पुत्री मानाने पुत्री करी राखी हती. एक वखते दिवाळीने दिवसे ते राजा ते मानाने पोताना खोळामां लेइ राजसभामां बेठो हतो, ते वखते ते जिनदास राजाने जुहार करवा आव्या, तेनुं रूप जोइ माना तेनापर मोहित थइ, राजाए तेणीने जिनदाससाथे परणवामाटे त्रण चार वखत पूछयुं, त्यारे सघळी वखत तेणीए हा पाडी. राजाए जोशीने बोलावी लग्न लीधुं. पण जिनदासे कहुं के अमे वीसा श्रीमाळी छीये, अने आ मानाना पिता दशाश्रीमाली छे, जेथी ते विवाह थाय नही. परंतु राजाए बळात्कारे तेणीना लग्न जिनदासनी साथे कर्यां, पछी ते जिनदास शेठ त्यांथी निकळी आरासणमां जइ वस्या. अने तेना वंशजो एवी रीते विक्रम संवत ११८९ थी लघुसजनीय शाखावाळा थया. केटलाक वर्षोबाद आरासणमां अंबादेवीना कोपथी मरकी फेलाणी, अने घणा स्त्रीपुरुषो मरवा लाग्या, एक दिवसमां चौद मण त्रण शेर जेटला

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुवर्णनी घुघरीवाळा स्त्रीओना वेडला उतर्या, त्यारे आ-
शासण उज्जड थयुं, अने तेथी मंत्री नायक सर्व कुटुंब-
सहित इडरमां जइ वस्या, तथा त्यारथी तेना वंशजो
बाळकने घुघरीवाळुं घरेणुं पहेरावे नही. पछी ते नायके
खेरालुमां अंचलगच्छाधीश श्रीसिंहप्रभसूरिजीना उपदेशथी
विक्रम संवत १३०१मां श्रीयुगादिदेवनुं शिखरबंध मंदिर
बंधाव्युं, तेमज सूर्य, नारायण तथा ईश्वरना मंदिरो बंधा-
व्यां, अने वाव, कुवा विगेरे बंधावी सर्व मळी त्रण क्रोड
द्रव्य खरच्युं. विक्रम संवत १३३६मां दुकाळ वरवते तेणे
घणुं द्रव्य खरची लोकोने उगार्या. संवत १३११मां
भरथानी स्त्री झालीए अंचलगच्छीय श्रीसोमतिलकसूरि-
जीना उपदेशथी पार्श्वनाथनुं शिखरबंध मंदिर तथा
झालेश्वर तळाव बंधाव्युं. आ वंशमां पाटणमां गोदडने
पाडे वसनारा जेराजना वंशजो गोदडीया अडकथी
ओळखाय छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# भा(रद्वा)द्रायण गोत्र ( श्रीमाली )

( मुख्य शाखाओ. )

वृद्धसज्जनीय ( वीसा ), लघुसज्जनीय ( दसा )

( पेटा शाखा )

डहरवालीया.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )**

विक्रम संवत ७९५ मां भिन्नमाल नगरमां भाद्रायण गोत्रनो नोडानामे श्रीमाली पांच क्रोडनो वेपारी वसतो हतो, ते श्रीउदयप्रभआचार्यना प्रतिबोधथी जैनी थयो. अने अंबाइमाता तेनी गोत्रजा थइ. तेनुं स्थान भिन्नमालनी पूर्वनी पोळे शेहेर बहार गोलाणी सरोवरपर ईशान दिशाए चंपकवाडीमां छे. ते देवी चार हाथवाळी छे. ते गोत्रजानी रुपानी मूर्ति करावी जुहारे, ते न होय तो पाटलापर कंकुनी त्रण लीटी करे. तेना कर—जन्मे,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुंडणे, परणे तेमज चैत्री तथा आसुनी नोमने दिवसे लापसी, पुडला तथा जवारना खीचडानुं निवेद करे. जमणीनुं कपडुं तथा सेरखी फइने आपे. दीकरी जन्मे तो अर्ध कर करे.

आ गोत्रना वंशजो पाटण, मोढेरा, वलाइ, वाटद्री, कालहरी, वेघुदण, नंदासण, वणथली, नवानगर, भेंसदडी, धोल, अमदावाद, वलवाणा, राणपुर, पीपरडा, सरपदड, भाणवड, खंभात, दमणपासे रामपुर तथा वडोदरा आदिक गामोमां वसे छे.

आ वंशमां विक्रम संवत १३१३मां पाटणमां फोफलीयावाडामां वसता मूला शेठे आदिजिननी प्रतिमा भरावी श्रीअंचलगच्छाधीश श्रीअजितसिंहसूरिने हाथे प्रतिष्टित करावी. विक्रम संवत १४४५मां मोढेरावासी भावडशेठे श्रीमेरुतुंगसूरिजीने हाथे चोवीसीनी प्रतिष्टा महोत्सवपूर्वक करावी. गोहेलवाडमां वलामां थयेला आगमगच्छी हीराना परिवारमां पांजरी नाम लेइ गोत्र जुहारे छे, तथा मुंडणे, परणे चार माणाना लाडु कुटुंबमां लाहे छे, अने वसेर लाडु तथा सेरखी एक फइने आपे छे. आ वंशमां सोमाथी सं. १४४१ थी लघु-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शाळा निकळी छे, ते पाटणमां वसे छे. विक्रम संवत्त १३४५मां चाणसमामां वसता वर्धमान तथा जयताये श्रीपार्श्वनाथनुं जिनमंदिर बंधाव्युं, अने तेनी श्रीअंचल-गच्छाधीश अजितसिंहसूरिए प्रतिष्ठा करी. वैजलकीना रहेवासी वाछा शेठे श्रीपार्श्वनाथनुं मंदिर बंधाव्युं, तथा तेनी प्रतिष्ठा अंचलगच्छीय श्रीभुवनतुंगसूरिए करी. आ वंशमां विक्रम संवत १४४५मां गोहेलवाडमां पीपरडी गामना रहेवासी गोगनशेठे सर्व गच्छना मुनिओने गामो-गाम वाणोतर मोकली कपडा वहोराव्या, जेथी तेना वंशजो "डहरवालीया" नी पण ओडक धरावे छे. गोभलेज (चरोतरमां मातरपासे) गामना रहेवासी भादा शेठे शत्रुंजयपर जिनप्रासाद बंधावी तेमां श्रीपार्श्वप्रभुनी प्रतिमा बेसाडी. खेरालुमां थयेला झालाशेठ बहु धनाढ्य हता, तेमणे विक्रम संवत्त १४२५मां दुकाळ पडवाथी घणुं द्रव्य दानशाळामां वापर्युं, अने लोकोने उगार्या, एक सरोवर बंधाव्युं, शत्रुंजयपर आदिनाथजीनुं विशाल मंदिर बंधाव्युं, सर्व मळी अग्यार करोड द्रव्य खरच्युं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आग्नेय अने जाज्ञा गोत्र–( श्रीमाली )

( मुख्य शाखाओ. )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दशा )

( पेटा शाखाओ )

सुहरलाभूत, सुरोलवहोरा, खोखोत्रा, थावलेचा वहोरा, सिंहवाडीया, कोठारी, विगेरे.

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )

विक्रम संवत ७९५ मां श्रीमालीज्ञातिनो श्रीशांतिनाथनो गोष्टिक चौद क्रोड द्रव्यनो व्यापारी वधानामे शेठ भिन्नमाल नगरमां मातरना पाडामां वसतो हतो. ते श्रीउदयप्रभसूरिपासे प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा वैरोट्या नामे देवी हती. तेनुं स्थान गोलाणी सरोवरनी पाळे पश्चिम दिशामां हतुं, ते चार हाथवाळी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा महिषना आसनवाळी हती, तेनी रुपानी मूर्त्ति करावी जुहारवी, ते हाजर न होय तो पीपळना पानपर कंकुनी त्रण लींटी कहाडवी. तेना कर-जन्मे, मुंडणे, परणे तथा चैत्र अने आसुसुद आठमने दिवसे लापसी अने खीरवडानुं निवेद करे. फइने फदीयां चार, श्रीफल बे अने जमणीनुं कपडुं आपे. विक्रम संवत १११९ मां मुगलोए ( मुसलमानोए ) भिन्नमालनो नाश करवाथी तेना वंशना सोमाशेठ त्यांथी नासी मुंहरिली गाममां वस्या, तेने घेर पुत्रना लग्न वखते पोताना जमाइ जाजाने नोतर्यो हतो. ते जाजो ज्यारे स्नान करवा बेठो त्यारे तेनी सालीए हांसीमां तेनी पीठ पर उनुं ककळतुं पाणी रेड्युं, तेथी तेनो वांसो दाझीने पाकी पड्यो, अने तेथी ते मृत्यु पामी व्यंतर थयो. ते पोताना ससरा सोमाना शरीरमां दाखल थइ कहेवा लाग्यो के, तमो जो हवे मारा नामथी गोत्रजा नहीं स्थापो तो हुं तमारा कुटुंबनो घात करीश. तेथी ते सोमाए तेना नामथी पोतानी जाजा नामनी गोत्रजा स्थापी. त्यारथी तेना वंशजो जाजा गोत्रीना नामथी ओळखावा लाग्या. तेना कर-जन्मे, मुंडणे परणे त्रण सेइनी घीनी मात्रा, तेमज चैत्र तथा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आसुशुद नोमने दिवसे पण ते प्रमाणेज निवेद करे छे, वधारामां पुडला करवा. फइने साडी, कापडुं, नाळीयेर बे तथा सात सोपारी आपवां. तेना वंशमां काजानो पुत्र भूता शरीरे भूरो हतो, तेथी तेना वंशजो भूहरलाभूत ओडकथी ओळखाय छे. आ वंशना केटलाक लघुसजनीय पण छे.

आ गोत्रना वंशजो लोलीयाणा, साचोरा, भरोल, सीहवाडा, देभावसी, राक्षसी, मालपुरा, वीसलपुर, धोलकापासे रंगपुर, जारोलपासे खरहोल, अघाली, खीजडा, लोलाडा, असलेस्सर, अहमदपुर, मुंजपुर विगेरे गामोमां वसे छे.

आ वंशमां सिंहनागमां थयेला पातासाहे श्रीमेरुतुंगसूरिना उपदेशथी विक्रम संवत १४५६ मां श्रीआदिनाथजीनुं मंदिर बंधाव्युं छे. विक्रम संवत १५१७ मां आउआ गाममां थयेला इलाक नामना शेठे श्रीवासुपूज्यनुं बिंब कराव्युं, तथा तेनी प्रतिष्ठा श्रीजयकेसरीसूरिजीए करी. आ वंशमां लोलीआणापासे छबाली गाममां थयेला खोखाशेठथी खोखोचा नामनी ओडक थइ, तेणे पाटणमां चोयीसी पौषधशाळामां चोयीसी कल्पसूत्रो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वंचाव्यां, तथा घणुं द्रव्य खरची स्वामिवात्सल्य कर्यां. आ वंशमां लोलाडामां वसता जगाशेठथी लघुसज्जनीय शाखा निकळी छे, अने त्यारथी तेना वंशजो पाटणमां शाहवाडामां वसे छे. आ वंशमां ममरोला वहोरा, सुरोल वहोरा तथा थावलेचा वहोरा सिंहवाडीया, कोठारी विगेरे पण ओडको छे.

## काश्यप गोत्र—( श्रीमाली—ओशवाल )

( मुख्य शाखाओ )

ओशवाल, श्रीमाली.

( पेटा शाखाओ )

लाछी, गटा, संघवी, आभाणी, गदा, साहुल्या, गुगलीया, साचोरी विगेरे.

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विक्रम सं. ७९५मां भिन्नमाल नगरमां श्रीशांतिनाथजीनो गोष्टिक श्रीमाली ज्ञातिनो झुना नामे काश्यपगोत्रनो शेठ ईशान तरफनी पोळपासे वसतो हतो. ते श्रीउदयप्रभसूरिपासे प्रतिबोध पामी जैनी थयो, तेनी खीमजा नामे गोत्रदेवी हती, तथा तेनुं स्थान खीमजा डुंगरीपर हतुं, ते आठ हाथवाळी तथा महिषना आसनवाळी हती, तेनी रूपानी मूर्ति करावी जुहारवी. ते हाजर न होय तो पाटलापर एक कंकुनी लींटी करवी. तेना कर —जन्मे, मुंडणे, परणे पूरसेइना लाडु करवा, तथा चैत्र अने आसुनी पांचमने दिवसे लापसीनुं निवेद करवुं. फइने सहरखी बे, नालीयेर बे, सोपारी सात तथा जमणीनुं कपडुं आपवुं. कोठीबडांनी काचरी पाणीयारे मूकवी. दीकरीना जन्मवखते अरधा कर करवा. विक्रम संवत ११११ मां मुसलमानोए भिन्नमाल नगरनो नाश करवाथी आ वंशना शेठ अना त्यांथी नाशीने अचवाडी गाममां वस्या, विक्रम संवत ११५९ मां तेमणे सुवर्णगिरिपर प्रासाद करावीने तेमां अढारभार पीतलनी जिनप्रतिमा प्रतिष्टित करी. आ वंशमां अचवाडी गाममां थयेला ललाना पुत्र अमरा ओसवालज्ञातिनी स्त्री परण्या, अने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेनो पुत्र खेतसी सामन्वीरी गाममां मोशाळमां उछर्यो, अने तेणे मोशाळनी लाछी नामनी गोत्रजा स्थापी, अने त्यारथी तेना वंशजो ओसवाळ ज्ञातिना लाछी गोत्रीओ कहेवाणा. तेना कर—जन्मे, मुंडणे, परणे पांच माणांना पुरसेइना लाडु करे. अधरणी करे नही.

आ गोत्रमां सामन्वीरि गाममां ऋषभशेठना पुत्र उदेसी नामे थया, तेणे चउटामां हांसीहोडथी पचास मण रूनी गांसडी उपाडी, जेथी लोको तेने गटो कहेवा लाग्या, अने तेना वंशजो गटागोत्रथी प्रसिद्ध थया.

आ गोत्रना वंशजो मोरसीम, इडर सींहवाडा, भिन्नमाल, साचोरीपासे चीरहडा, दाउया, पाता, थलवाडा, तडाव, धांणता, जोधपुरपासे साळवी, झालोरि गोइल, राणपुर, सादरी, काहालरी, मलातिज विगेरे गामोमां वसे छे.

आ वंशमां भिन्नमाल नगरमां विक्रम संवत १५६५ मां थयेला लोलाशेठे शत्रुंजय अने गिरनार तथा जीरावला पार्श्वनाथनो संघ कहाड्यो, अने तेमां घणुं द्रव्य खरचवाथी संघवी थया, अने तेना वंशजो संघवीनी अड-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कथी ओळखाय छे. वळी ने लोला संघवीए बावीश हजार द्रव्य खरचीने अचलगढनी चोमखमां बे काउसगीया करा-व्या. गोदा नामना शेठे सवालाख द्रव्य खरचीने शत्रुंजयनी यात्रा करी. आ वंशमां थयेला झांझणशेठे मोडीगामपासे भाद्रहडी गाममां विक्रम संवत १५४३ मां श्रीविमलना-थजीनो प्रासाद अंचलगच्छना श्रीजयकेसरीसूरिना उप-देशथी करावी तेमां तेमनेज हाथे प्रतिष्ठा करावी. आ वंशमां संवत १२२५ नी सालथी गांधीनी ओडक निकळी छे. वळी आ लाछी गोत्रनी ओशवाळनो आभाणी, गदा, साहुला अने बुगलीया तथा साचोरो नामनी पांच शा-खाओ पण छे. आभाणी शाखाना वंशजो जन्मे, मुंडणे तथा परणे त्यारे श्रीमहावीरप्रभुनी प्रतिमा आगळ छकडो मूके छे, अने सवाशेर घीनुं दीवेल पूरे छे. तथा दोढ गज कोरुं कपडुं सुहासणने आपे छे. संवत १२५५मां आ-भाणी शाखाना आसुशेठे माहुडका गाममां श्रीमहावीरप्रभु-नो प्रासाद बंधाव्यो, तथा शत्रुंजयनो महोटो संघ कहाडी संघवीनी पदवी लीधी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वारध गोत्र—( श्रीमाली )

( मुख्य शाखाओ )

वृद्धसज्जनीय ( वीसा ), लघुसज्जनीय ( दसा )

( पेटा शाखाओ )

भोपला अथवा भोपाल विगेरे

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )**

विक्रम संवत ७९५ मां भिन्नमाल नगरमां श्रीमालज्ञातिनो वारधिगोत्रनो दक्षिणनी पोळपासे पीपलाने पाडे अढार क्रोड द्रव्यवाळो राजा नामे शेठ वसतो हतो. ते उदयप्रभसूरिपासे प्रतिबोध पामी जैनी थयो. तेनी पापच नामे गोत्रदेवीनुं स्थान गोलाणी सरोवरे दक्षिण दिशातरफनी पावडीओना सात आरा मेलीने अग्यार गज लांबी पहोळी जमतु नामनी शिलापर डाबी बाजुए छे. तेनी मूर्ति काउसगीयारूपे रूपानी करे,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अने ते हाजर न होय तो पाटलापर कंकुनी लींटी त्रण करे. जन्मे, मुंडणे, परणे तथा चैत्र अने आसुमासनी दशमने दिवसे सेइना लाडु, तथा लापसी अने शोळ पुडला करी गोत्र जुहारे, ते दिवसे घरमां बीजुं कंइ रांधे नही. फइने एक दोकडो साडलो तथा जमणीनुं कपडुं आपे. संवत ११११मां भिन्नमालनो नाश मुसलमानोए करवाथी ते वंशना शेठ समरथ त्यांथी नाशी तेरवाडे आवीने वस्या.

आ गोत्रना वंशजो तेरवाडा, कुआरोद्र, राधनपुर, धोली, कटारीया, काकर, सलखणपुर, लोहाणुं, जुनागढपासे वणथली, सीहोद्रडी, धारुका तथा मातर पासे आंबलीआली विगेरे गामोमां वसे छे.

आ गोत्रनी पण वृद्धसजनीय अने लघुसजनीय एम बे शाखाओ छे. विक्रम संवत १४७२मां आ वंशना देधरशेठे कुंआरोद्रि गाममां एक जिनमंदिर तथा पौषधशाळा बंधावी घणुं द्रव्य खरच्युं, तथा तेनी प्रतिष्टा श्रीअंचलगच्छाधीश श्रीमेरुतुंगसूरिजीए करी. आ वंशमां खेडगामना रहेवासी देवा अने देपाथी लघुसजनीयनी शाखा निकळी, तेथी तेना वंशजो दशा थया. वळी संवत

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१४४५मां देघरनो भाइ देवा जुनागढमां आवी वस्या, तेना वंशमां भोपाल ( भोपला ) ओडक थइ.

## पारायण गोत्र—( श्रीमाली )

( मुख्य शाखाओ )

वृद्धसजनीय ( वीसा ) लघुसजनीय ( दसा )

( पेटा शाखाओ )

कुडशिखा, ईसराणी, ब्रह्मशांति, जाखडेचा, झांखरीया, वालकुआ विगेरे

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

विक्रम संवत ७९५ मां श्रीमालीज्ञातिनी वृद्धशाखामां पारायणगोत्री एकत्रीस क्रोडनो व्यापारी सोमा नामे शेठ नैऋत्यदिशानी पोलपासे महालक्ष्मीने पाडे भिन्नमाल नगरनां वसतो हतो. ते श्रीउदयप्रभसूरिपासे प्र-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा झांखडी देवी हती, तेनुं स्थान नगरथी दक्षिण दिशाए आंबलीबावाबना चोथा मंडपपर छे. ते देवीनुं महिषनुं वाहन छे. तेना कर—जन्मे, मुंडणे तथा परणे चैत्र अने आसुनी चोथने दिवसे मोदक करे, तथा घुडलापर खांड पाथरे, अने कतलीनुं शाक करे. जमणीनुं कपडुं गज सवा, सहरखी एक तथा नालीयेर एक फइने आपे. विक्रम संवत ११११ मां मुसलमानोए भिन्नमाल नगरनो नाश करवाथी ते वंशना शेठ तिहुअणसी त्यांथी नाशीने बेनप ( बेणातट ) मां आव्या.

आ गोत्रना वंशजो थरादपासे वाव, महिधाणी, गाहाली, बजाणा, सांतलपुर, माडका, सत्यपुर, निंबावसी, थराद, तीलोडीया, बेणप, मरोल, इटा, असार, भाटकी, सीरोही, तिलाडा, झुझाणीया, गोहिलवाडे पीपराली, मोढनगर, अघार, गेरवलुं, खंभात, बजाणा, पाटडी, नंदायण, कोठारीया, कोलीयाणा, वीरमगाम, कपडवंज, पाटण, कणोद, वढवाणपासे मालुद्री, तथा द्वारका विगेरे गामोमां वसे छे. आ वंशमांथी पण लघुसज्जनीय एटले दशानी शाखा निकळी छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ वंशमां विक्रम संवत ११८५मां रांकाना पुत्र कपर्दी ( कुडिव्यवहारी ) गुजरातना राजा सिद्धराजना दंडनायक हता, तेने राजाए खुशी थइ बार गामो आप्यां हतां. तेने घेर एक वखते एकीहारे पांचसो घोडी वीआइ, जेथी तेनुं नाम कुडीव्यवहारी पड्युं हतुं. तेणे विक्रम संवत ११८५मां पाटणमां महोटुं जिनमंदिर बंधाव्युं, जेनी प्रतिष्टा श्रीअंचलगच्छेश श्रीजयसिंहसूरिजीए करी. तेमज तेणे बार कुवा तथा बार वावो बंधावी. तेना वंशजो कुडशिखानी अडकथी पण ओळखाय छे. आ वंशमां थयेला सोमानी पुत्री सोमाइ के जे सवालाखनी किंमतनी वाणी पगमां पहेरती तेणे पोतानी पचीस सखी साथे श्रीआर्यरक्षितसूरि पासे दीक्षा लीधी, अने घणुं द्रव्य धर्म मार्गे खरच्युं, तथा ते श्रीनामे महत्तरा थइ. नाना वीसले एक लाख द्रव्य खरची एकवीस जणसाथे अंचलगच्छेश धर्मघोषसूरिजीपासे दीक्षा लीधी. बजाणामां थयेला थात्र-रशेठे इलीमां जिनप्रासाद बंधाव्यो. आ वंशना सत्यपुरना केटलाक रहेवासी ईसराणी अडकथी ओळखाय छे. आ वंशमां पाटणपासे मोढनगरमां वसनारा रहीयाना पुत्र नामे ब्रह्मसांतिथी विक्रम संवत १३१३मां ब्रह्मशांति

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गोत्रनी शाखा निकळी छे. आ वंशमां विक्रम संवत १३७५मां कोलीयाणा गाममां करमाशेठथी लघुसज्जनीय एटले दशानी शाखा निकळी छे, अने तेना वंशजो अघरणी करता नथी. विक्रम संवत १४१८मां आ वंशमां थयेला मेघाशेठे श्रीपार्श्वनाथनी प्रतिष्टा श्रीमेरुतुंगसूरिजीने हाथे करावी. विक्रम संवत १३२९मां पांचाडाना रहेवासी नागडशेठे श्रीआदिनाथना बिंबनी प्रतिष्टा अंचलगच्छीय श्रीअजितसिंहसूरिपासे करावी. आ वंशमां विक्रम संवत १४८५मां वेणपमां थयेला मंत्री रूपाए कूवो बंधाव्यो, पण तेमांथी पाणी निकळ्युं नही, रात्रिए पाइ नामनी देवीए मंत्री रूपाने कहुं के जो तारा पौत्र कानानो बलिदान आपे तो कुवामां पाणी आपुं. आवीज रीतनुं स्वप्न तेणीना भुआ सारंगने पण आव्युं. त्यारे शेठ चिंतातुर थया. एवी रीते पांच दिवसो वीत्याबाद ससराने चिंतातुर जोइ वहुए तेनुं कारण पूछतां ते वात कही. वहुए खुशीथी पुत्र आप्यो. त्यारे शेठे महाजन एकठुं करी ते कानकुंअरने पालणामां सुवाडी ते सूका कुवामां संध्याकाळे मूक्यो. सर्व कोइ लोको पोतपोताने घेर गया. प्रभाते कुओ जलथी उभराइ गयो, अने पालणुं उपर तरी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निकळ्युं, जेमां ते बाळक रमतो दीठो. रूपामंत्रीने लोकोए वधामणी आपी के तारो पौत्र जीवतो छे. पछी ते बाळकने घेर लाव्या. त्यारथी तेना वंशजो बालकुआना नामथी ओळखावा लाग्या. तेना वंशमां बाळकना वाळ उतारे त्यारे बालकुआनुं नाम लेइ निवेद धरे. आ वंशमां शांडीथलीना रहीस रींडाए पुनर्लग्न करवाथी तेना वंशजो लघुसज्जनीय एटले दसा थया.

## वंसीयाण गोत्र—( श्रीमाळी )

( मुख्य शाखाओ. )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दशा )

( पेटा शाखाओ )

वसा, दाधेलीया, घीया, गांधी, दोशी, नाखुया विगेरे.

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावळी) मगावो. कि. रु. ४—०—० )

विक्रम संवत ७९५ मां श्रीमालीज्ञातिनो वृद्धसज-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नीय शाखानो श्रीशांतिनाथनो गोष्टिक भिन्नमाल नगरमां पूर्वतरफनी पोळपासे कोटमां खोडीयारने पाडे वंसीयाण गोत्रनो सात क्रोडनो मंत्री सुभच नामे व्यापारी वसतो हतो, ते श्रीउदयप्रभसूरिपासे प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा नायणी देवी हती. तेनुं स्थान खीमजा डुंगरीनी हेठे झेझु नामना कुवाना कांठापर नागडी नामे यक्षना स्थानपासे हतुं. ते देवी शोळ भुजावाळी महिषना वाहनपर बेठेली हती. तेनुं रुपानुं फरुं करी जुहारवी, ते न होय तो पीपळाना पानपर कंकुनी एक लींटी करीने, आसु तथा चैत्रनी पांचम अथवा नोमे तथा जन्मे मुंडणे अने परणे त्यारे लापसी, खीचडी, पुडला खाटा, गळ्या तथा बाकुला करी जुहारवी, फइने सहरखीनुं कापडुं आपे. दीकरी जन्मे अर्ध कर करे. संवत ११११ मां मुगलमुसलमानोए भिन्नमालनो नाश करवाथी तेना वंशना शेठ संघराज त्यांथी नाशीने बेवठणमां वस्या.

आ वंशना वंशजो महेसाणा, राजनगरमां पतासानी पोळमां, मांडवीनी पोळमां, घोघा, खानदेशमां गागडी, राहोली, चरोतरमां काणली, कांसरी, पेटलाद, महेमदाबाद, हालारमां खंभालीया, वागड, थान, कंडोरणा,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लोलीआणा, वरल, उना, लखतर, वणथली, वढवाण, पाटण, मोढपुर, मोढेरा, मूली, सोजीत्रा, मुलीपासे खरसल, कपडवंज, तारापुर, जेतपुर, देपावड पालीताणा पासे तथा वरल विगेरे गामोमां वसे छे.

आ वंशमां महिटाल गाममां वसनारा सुराए पुनर्लग्न करवाथी तेना वंशजो लघुसजनीय एटले दशा थया. आ वंशमां थयेला वर्धमानशेठे महिटाल गाममां श्रीआदिदेवजीनुं जिनमंदिर तथा एक वाव बंधाव्यां, अने तेमां त्रण लाख द्रव्य खरच्युं. आ वंशमां थयेला जगपाल शेठ एक वखते मथुरां गयेला, त्यां स्वप्नमां श्रीसुहरीपार्श्वना अधिष्टायके तेने कह्युं के अहीं ठाकरना घरमां जे पार्श्वप्रभुनी मूर्ति छे ते तारे तेने दाम आपी लेइ जवी. ते स्वप्नने अनुसारे ठाकरने पांच सोनैया आपी ते मूर्तिने ते खंभातमां लाव्या, तथा एक लाख द्रव्य खरची प्रासाद बंधावी तेमां ते मूर्ति स्थापन करी. आ वंशमां थयेला देवसीनो परिवार घोघामां वस्यो, अने तेना वंशजो नाखुयानी अडकथी ओळखावा लाग्या. ते देवसीए रत्नमय जिनबिंब भरावी शत्रुंजयनी यात्रामां घणुं द्रव्य खरच्युं, तथा दर वर्षे ते स्वामिवात्सल्य करता. आ वंशमां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बेवठणमां वसनारा शेठ खीमाए धर्ममार्गमां घणुं द्रव्य खरच्युं, तथा शत्रुंजयपर इंद्रमाल पहेरी. आ वंशमां पाटणमां गुणाशेठ घणा द्रव्यवान हता, तेणे पोताना पुत्रना लग्न वखते नगरना तमाम माणसोने पकवान जमाडी घणुं खरच कर्युं. ते पकवानो करतां अढार मण जेटलुं दाधेल ( दाझेलुं ) घी वध्युं, ते सघळुं घी जाचकोने पीरस्युं, तेथी ते लोकोमां अतिसार, खांसी विगेरे रोगो फेलाणा अने तेथी ते जाचकोए कविताओ जोडी तेने दाधेलीआनी उपमा आपी, पछी ते जाचकोने खुशी करवा माटे तेणे त्रण गामो आप्यां, परंतु तेना वंशजो त्यारथी दाधेलीयानी ओडकथी प्रसिद्ध थया. आ वंशमां थयेला श्रीवंत तथा झाला नामना बन्ने भाइओए चुडामां अधिकारपद मेळवी त्यां श्रीपार्श्वनाथजीनुं जिनमंदिर तथा एक वाव बंधाव्यां, अने ते जिनमंदिरनी प्रतिष्टा संवत १३९१मां अंचलगच्छाधीश श्रीअजितसिंहसूरिजीए करी. आ वंशमां पाटणमां थयेला जसाभाइथी तेना वंशजोमां दोशीनी अडक थयेली छे. आ वंशमां कपडवंजमां थयेला देवाशेठना कुटुंबमां गांधीनी अडक थयेली छे. आ वंशमां चाल्हुरमां चहुआणना राज्यमां वसनारा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धरमसीशेठ घृतपूरआदिक बनावीने वेचता होवाथी तेना वंशजो घीया ओडकथी प्रसिद्ध थया छे. आ वंशमां चुडाना रहीस हीराशेठे पुनर्लग्न करवाथी तेना वंशजो लघुसजनीय एटले दसा थयेला छे.

## खोडायण ( खुड्डियाण ) गोत्र–( श्रीमाली )

( मुख्य शाखाओ. )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दसा )

( पेटा शाखा )

पीपलीया, शेठ विगेरे

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )**

विक्रम संवत ७९५ मां भिन्नमाल नगरमां श्रीमाल-ज्ञातिनो वृद्धसजनीय शाखानो शांतिनाथनो गोष्टिक खुडा-यन गोत्रनो जोगा नामे शेठ बार क्रोडनो व्यवहारी वसतो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हतो. तेनो निवास उत्तरादि पोळे गणेशने पाडे हतो, ते उदयप्रभसूरि पासे प्रतिबोध पामी जैनी थयो हतो. तेनी गोत्रजा हाखरी नामनी देवी हती, तेनुं स्थान गोलाणी सरोवरपर दक्षिण दिशाए गणेशना देहेरांपासे हतुं. तेना कर—पुत्रना जन्मे, मुंडणे अने परणे त्रिपुरसे-इना लाडु घृत शेर पांचना करी कुटुंबमां लाहे. आसु चैत्रमां तेनुं निवेद नथी. फइने सहरखी बे तथा जमणीनुं कपडुं आपे. संवत १११९ मां मुगल मुसलमानोए भिन्नमालनो नाश करवाथी ते वंशना मोहना नामना शेठ त्यांथी नाशीने डोड गाममां वस्या.

आ गोत्रना वंशजो वीजापुर, डोड, सरा, बजाणा, जांबु, साणी, धंधुका, खंभात, गुंदी, वढवाण, गुदवच, अंजार, अमदावाद, अरथाली, वांसावाड, वणथली, गोआणा, नवानगर, आजुली, मगुडी, नरालीया, पीपली, नारीचाणा, धंधुका, राणपुर, पालीयाद शेखपुर, नागरका विगेरे गामोमां वसे छे.

आ वंशमां वेन्नातट ( वेणप बंदरमां ) थयेला व्यापारी जगदेवशेटे जगातमाटे त्यांना राजा साथे वांधो पडतां अढार लाख लहारी खरचीने ते वंदरपासेनो सात

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धाउसुधीनो समुद्र किनारो पत्थर, कचरो विगेरे भरावीने बुरावी नाख्यो, के जेथी त्यां कोइ पण व्यापारीनुं वहाण ते बंदरमां जइ शक्युं नही, जेथी ते बंदरमां व्यापार न चालवाथी उज्जड थइ गयुं, व्यापारी सर्वे नाशीने बीजां शेहेरोमां चाल्या गया. विजापुरमां वसेला ते जगदेवना पुत्र सोमचंद तथा गुणचंद्रे मळीने आबुपरना वस्तुपाल तेजपालना जिनमंदिरनो मुसलमानोए पाडेला केटलाक भागनो जीर्णोद्धार कराव्यो, जांबुगाममां थयेला शेठ धरणे श्रीअंचलगच्छना श्रीगुणनिधानसूरिजीना उपदेशथी संवत १५६५ मां घणुं द्रव्य खरची घणां धर्मकार्यो कर्यां. झालावाडमां थयेला भोजाशेठ त्यांना राजाना अधिकारी हता. जुनागढना राजा रामंडलीके तेनुं अपमान करवाथी ते भोजाशेठे गुजरातना राजा महमदसाथे मली जइ जीर्णदुर्गपर चडाइ करावी तेनो नाश कराव्यो. आ वंशमां मुलीना रहीस धरणे संवत १४२५ मां पुनर्लग्न करवाथी तेना वंशजो लघुसजनीय एटले दशा थया, अने तेनो पुत्र नरद बजाणापासे पीपली गाममां वसवाथी तेना वंशजो पीपलीया ओडकथी ओळखावा लाग्या. शेठ लुंभाए श्रीजयकेसरीसूरिजीना उपदेशथी बेला गाममां

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पीत्तलनी जिनप्रतिमा स्थापन करी. जाणाशेठे संवत १२९५मां ऊस गाममां श्रीमहेंद्रसिंहसूरिजीना उपदेशथी एक प्रासाद बंधावी तेमां चोवीसे जिनश्वरोनी प्रतिमा स्थापी. आ वंशमां थयेला शेठ वेला तथा शिवजीने शाहजहान बादशाह तरफथी घणुं मान मळ्युं हतुं, तथा तेने शेठनी पद्वी आपी हती, अने तेओए राणपुर गाम वसाव्युं हतुं, अमदावाद विगेरे शेहेरोमां घणुं द्रव्य तेओए धर्मकार्योमां खरच्युं हतुं तेना वंशजो शेठनी ओडकथी पण ओळखाय छे.

## लोढायण गोत्र–( श्रीमाली )

### ( पेटा शाखा )

### पाटलीया.

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )

विक्रम संवत ७२९ मां श्रीश्रीमालज्ञातिनो, वृद्ध-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सजनीय शाखानो, शांतिनाथजीनो गोष्टिक, लोढायण गोत्री शालिगनामे चार क्रोडनो व्यवहारी शेठ पश्चिमनी पोले वसतो हतो. ते श्रीउदयप्रभसूरिपासे प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा वडखीण नामनी चार हाथवाळी देवी हती, तथा तेनुं स्थान आंबिला नामनी वावनी पश्चिम दिशाए हतुं. तेना कर–दरवर्षे आसु तथा चैत्रनी सातमने दिवसे तथा जन्मे, मुंडणे अने परणे खीचडी अने पुडलाथी गोत्रजा जुहारे, फइने साडी तथा कापडुं आपे. संवत ११११ मां मुगल मुसलमानोए भिन्नमालनो नाश करवाथी ते वंशना शेठ नरदेव त्यांथी नाशी पाटणमां जइ वस्या. संवत १२९५ मां ए वंशना शेठ नरा पाटडीमां जइ वस्या, त्यारथी तेना वंशजो पाटलीया अडकथी ओळखाय छे.

आ गोत्रना वंशजो पाटण, पाटडी, लखतर, नवानगरपासे वणथली, थान पासे शाहापुर, साहुडी, धनुआणुं, जांबुपासे कारीहाणी, असाली, वढवाण, राणपुर, खेरालु, गोधावी, जोटाणा, जयतपुर विगेरे गामोमां वसे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पारस गोत्र—( श्रीमाली )

( पेटा शाखाओ )

महेता, छुटसखा विगेरे

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )**

विक्रम संवत ७९५मां श्रीमालज्ञातिनो वृद्धसजनीय शाखानो श्रीशांतिनाथनो गोष्टिक, पारसगोत्री बे क्रोडनो व्यवहारी तोला नामे शेठ भिन्नमाल नगरमां नारायणने पाडे ईशानखूणानी पोळे रहेतो हतो. श्रीउदयप्रभसूरि पासे प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा चंडीदेवी आठ भुजावाळी महिषना वाहनपर बेठेली त्रिशूलवाळी हती, तेनुं स्थान गोलाणी सरोवरनी पाळे पूर्व दिशा तरफ हतुं. तेना कर—चैत्र तथा आसुनी आठमे तथा जन्मे, मुंडणे अने परणे आठ पुडला खाटा तथा गोळना करी जुहारे, गोत्रजानुं रूपानुं फरुं न होय तो पाटलापर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कंकुनी लींटी एक करे. श्रीफल एक तथा जमणीनुं कपडुं फइने आपे. संवत ११११मां मुगल मुसलमानोए भिन्नमालनो विनाश करवाथी ते वंशना शेठ नरीया त्यांथी नाशीने छेवटणमां जइ वस्या. ते वंशमां जगदे नामना शेठथी महेता ओडक थइ छे.

आ गोत्रना वंशजो पाटणमां फोफलीयाने पाडे, खंभात, अमदावाद, बुरानपुर, भलसाण, मांढा, कवेली, तेरकाडापासे वडसरा, खेरालु, मेमदावाद, मोरबी, कचेली, अधार, पाटडी, भटासणा, ऊना, मोरवाडा, समी तथा पानसीणु विगेरे गामोमां वसे छे.

आ वंशमां थयेला मनाशेठ बालपणामां नगरनी बहार वावपासे ज्यारे रमता हता, त्यारे कोइ धुताराए आवी तेनो कान त्रोडी तेमांथी ओगनीओ ( सुवर्णनुं तंगल जेवुं आभूषण ) झोंट मारी लेइ लीधो. एवामां ते बाळनी बूमथी त्यां घोडा खेलवता राउल पायके ते धूतारा चोरने तलवारथी मारी नाख्यो, ते मरीने छूटसख नामे व्यंतर थइ मनाना सर्व कुटुंबने दुःख देवा लाग्यो. पछी बलिदानथी प्रत्यक्ष थइ ते व्यंतरे कहुं के हवेथी तमारा वंशजो मारा नामथी छुटसखानी ओडक धारण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



करे, तथा कानमां आभूषण न पहेरे तो हुं दुःख देइश नही. तेना कुटुंबे तेम करवानुं कबुल राखवाथी तेना वंशजो छुटसखाना नामथी ओळखावा लाग्या. विक्रम संवत १४४५मां पाटणना रहेवासी देवसीशेठे श्रीशत्रुंजयनो संघ कहाडी श्रीअंचलगच्छाधीश श्रीरंगरत्नसूरिजीना उपदेशथी घणुं द्रव्य खरच्युं. तथा हीराना भाइ वीराए संवत १४४६मां श्रीसोमतिलकसूरिजीना उपदेशथी फोफलीयावाडामां पौषधशाळा बंधावी.

## लाछिल गोत्र-( श्रीमाली )

( पेटा शाखा )

वहोरा, पारिख विगेरे.

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४-०-० )

विक्रम संवत ७९५ मां श्रीमालज्ञातिना वृद्धसजजीयशाखाना श्रीशांतिनाथजीना गोष्टिक लाछिलगोत्री

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पांच क्रोडना व्यवहारी भिन्नमाल नगरमां गोवर्धन नामना शेठ पूर्वेनी पोळे सदेवत्तीपाडे वसता हता, ते श्रीउद्दयप्रभसूरिपासे प्रतिबोध पामी जैनी थया. तेनी गोत्रजा अंबिकादेवी हती, तेनुं स्थान गोलाणी सरोवरथी उत्तर दिशाए नैऋतीया कुवा पासे हतुं. ते चार भुजावाळी बेठा आसने छे. तेना कर–जन्मे तथा परणे त्यारे, अने चैत्र तथा आसुनी नोम अने दशमने दिवसे, एम एक वर्षमां चार वखत लापसी अने पुडलाथी जुहारे. रुपानुं फरुं न होय तो पाटलापर कंकुनी त्रण टींटी करे. फदीयां दश तथा जमणीनुं कपडुं फइने आपे. संवत ११११ मां मुगल मुसलमानोए भिन्नमालनो नाश करवाथी ते वंशना शेठ श्रीचंद त्यांथी नाशीने तेरवाडापासे वडसरा गाममां जइ वस्या.

आ गोत्रना वंशजो वडसरा, खेरालु, वाराही, मेमदावाद, मोरबी, कचेली, आधा, पाटडी, भटासण, उनाउ, तेरवाडा, समी तथा पानसीणा विगेरे गामोमां वसे छे.

आ वंशमां खेरालु गाममां थयेला वर्धमान शेठे विक्रम संवत १३४५ मां श्रीआदिनाथनो प्रासाद करा-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्यो, तथा तेनी प्रतिष्ठा अंचलगच्छेश श्रीधर्मप्रभसूरिजीए करी. वळी तेमनाज उपदेशथी श्रीशत्रुंजयनो संघ कहाड्यो, तथा गोत्रदेवीनो पण प्रासाद कराव्यो. सर्व मळी त्रण क्रोड द्रव्य खरच्युं. संवत १३०९ मां वारहीमां वसनारा धनाशेठना वंशजोमां वहोरानी अडक थयेली छे. वीराशेठे हरियापुरमां पार्श्वनाथनुं मंदिर तथा पौषधशाळा बंधावी छे, तथा जयकेसरीसूरिजीए तेनी प्रतिष्ठा करेली छे. संवत १४२५ मां पाटडी गाममां थयेला गोपाळशेठ झालाराज्यमां कारभारी हता, अने तेना वंशजोमां पारिखनी ओडक थयेली छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंडीसर गोत्र—( श्रीमाली )

( मुख्य शाखाओ )

वृद्धसजनीय (वीसा), लघुसजनीय (दशा)

पेटा शाखाओ.

सेल्होत, घोघा, जांबुआ विगेरे.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो(वंशावली) मगावो. कि. रु. ४—०—० )**

विक्रम संवत ७९५मां भिन्नमाल नगरमां श्रीमाल-ज्ञातिनो श्रीशांतिनाथजीनो गोष्टिक चंडीसर गोत्री त्रण क्रोडनो व्यवहारी नारायण नामे शेठ वसतो हतो, ते श्रीउदयप्रभसूरि पासे प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा भद्रवासणा नामे देवी हती, तेनुं स्थान देवादित्यनी वाडीमां बेहेडांना वृक्षपासे हतुं. पछी तेनुं बीजुं स्थान वेणपना पादरमां थयुं छे. तेना कर—जन्मे, मुंडणे, परणे अने अघरणीए फक्त सेवथी गोत्र जुहारे, अने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पासे कटारी राखी तेने पण पूजे. परण्या पछी तथा जन्म पछी जे पेहेली दीवाळी आवे ते दिवसे पण गोत्रजा जुहारे. चैत्री आसुनी स्थिति नथी. संवत ११११ मां भिन्नमालना नाश पछी शेठ परखा वेणपमां आवी वस्या.

आ गोत्रना वंशजो वेणप, जांबु, मंडपाचल, मातर, रोही, एचव, सीहोर, घोघा, वरतेज, नवानगर पासे खीमराणा, अरणीआला सोरठमां, नवानगर पासे वाडा, मोडा, पुरद, मोइका, लींबडी, पालीयाद, सोजीत्रा, मोरवी, मूली, पुनासा, अमदावादमां शाहापुर, ऊनाऊ, धागसीणीआ, मेसाणा, फुदडी, कासरी, जालोर, धाणसा, पुनासी, खंभात, कोयरी, डीसापासे दामड, राडद्रा, थराद, कूका, केसवाण विगेरे गामोमां वसे छे.

आ वंशमां थयेला वीरदास शेठ वेणपमां लाखण-राणाना कारभारी हता, अने राणानी सोनानी कटारी ते केडमां बांधता. एक वखते नजदीकना भरडुआ गामना सांखलु नामना भिल्ले तेना घरमांथी ते कटारी चोरीने सोही गामपासे एक महोटां वृक्षना थडनीचे दाटी. बीजे दिवसे ते भिल्ल थरादमां चोरी करतां तलवारना घाथी मार्यो गयो. हवे शेठे कटारीनी घणी शोध करी पण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मळी नही. ते भिल्ल मरीने व्यंतर थयाबाद तेणे शेठने स्वप्नमां ते कटारीनी चोरीनी हकीकत कहीने ज्यां दाटी हती ते स्थान बताव्युं, अने लाखणराणाए पण तेवुंज स्वप्न जोयुं. पछी प्रभाते वीरोशेठ तथा राणो बन्नेए परिवारसहित त्यां जइ जमीन खोदी तो ते कटारी दिवा-ळीने दिवसे सात वर्षोबाद मळी आवी, अने वाजते गा-जते ते कटारी घेर लाव्या. त्यारथी तेना वंशजो गोत्रजा साथे कटारीने पण पूजे छे, आ वंशमां मंडपाचलमांथी जांबुमां वसेला मेघा शेठथी तेना वंशमां सेल्होत ओडक निकळी छे, तेओ पण कटारी पूजे छे, सुथण पहेरता नथी, वांझणी घुघरी न पहेरे. प्रथम पुत्रना जन्म वखते चार माणानुं दळ गोत्रमां लाहे छे, तथा रुपीयो एक फइने आपे छे. बीजे पुत्रे लापसी करे छे, तथा फइने एक रुपीओ आपे छे. दीकरी जन्मे दोढ कोरी आपे छे, अने अघरणी पांचमे महीने करे, एटलो सेल्होतनो कर छे, आ वंशमां थयेला जगा शेठे संवत १३९८ वैसाक सुद ११से पुनासा गाममां जिनमंदिर बंधाव्युं, अने तेनी अंचलगच्छेश श्रीमहेंद्रप्रभसूरिजीए प्रतिष्टा करी. संवत १५०७मां पोपाशेठे पुनासा गाममां श्रीसंभवनाथ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जीनो प्रासाद बंधाव्यो, तथा श्रीमेरुतुंगसूरिजीए तेनी प्रतिष्ठा करी. आ वंशमां संवत १४५५मां मोरबीमां वसनारा देल्हाशेठे पुनर्लग्न करवाथी तेना वंशजो लघुसजनीय एटले दशा थया. आ वंशमां मेघाशेठथी जांबुआ ओडक पण थइ छे.

आ वंशमां झालोरमां थयेला राज्याधिकारी जोगा शेठे घणां धर्म कार्यो कर्यां छे. आ वंशमां सं. १६४४मां थयेला धरमसीथी घोघानागनी पूजा थवा मांडी छे, तेथी तेना वंशजो घोघा अडकथी पण ओळखाय छे.

## विषापहार गोत्र-( ओशवाल )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया? ते जाणवामाटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४-०-० )

विक्रम संवत १४४७ चैत्र वद ११ गुरुवारे थराद पासे घालती नामना गाममां तथा थोडा वर्ष पछी कंट-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ली गाममां सहसा नामे ओशवाळ ज्ञातिना शेठ वसता हता. अने तेनी अछुप्ता नामे गोत्रदेवी हती. तेना करमाटे एक दिवस घरमां पक्वान्न थतुं हतुं, त्यारे घरना छापरामां रहेला कोइक सर्पनुं गरल तेमां पड्युं, तेनी कोइने खबर पडी नही, ते पकान्न खावाथी घरना घणा माणसो झेर चडवाथी मूर्छित थयां, एक सहसा शेठ अने तेनी माताए ते न खावाथी जीवता रह्या. एवामां त्यां श्रीअंचलगच्छना आचार्य श्रीजयकीर्तिसूरि मासक्षमण रह्या हता. सहसानी माताए गामना मनुष्यो सहित तेमनी पासे जइ विनंति करवाथी गुरुमहाराजे विषापहारमंत्रवडे सर्वने जीवता कर्यां, अने त्यारथी ते सहसाशेठना वंशजो अंचलगच्छनी सामाचारी पाळवा लाग्या. अने त्यारथी ते सहसाना वंशजो विषापहार गोत्रथी प्रसिद्ध थया.

आ गोत्रना वंशजो सहलवाडा, कुंआरडा, कोटडा, अमरकोट, पोकारण, फलोधीपासे ओंड, झुंझाणी, साचोर, राडद्रह, मोरसीम, सीरोही विगेरे गामोमां वसे छे.

विक्रम संवत १४९३ जेठ सुद १० मे सहलवाडामां थयेला शालिगशेठे अंचलगच्छीय श्रीजयकीर्तिसूरिना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उपदेशथी श्रीशांतिनाथआदिक पचीस जिनबिंबो नवां भराव्यां, तथा सत्यपुरमां आवी त्यां श्रीवीरप्रभुनो जिनप्रासाद बंधावीने ते गुरुने हाथे प्रतिष्ठित करावी पचीस हजार पीरोजी खरची.

## वीजल गोत्र—( श्रीमाली )

### ( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

विक्रम संवत ७९५ मां श्रीमालज्ञातिनो शांतिनाथनो गोष्ठिक चौद क्रोडनो व्यापारी वर्धमान नामे शेठ दक्षिणनी पोळे महामायाना पाडामां भिन्नमालमां वसतो हतो, ते श्रीउदयप्रभसूरिपासे प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा वीजलदेवी नामे हती. तेनुं स्थान गौतमेश्वर सरोवर तथा बीजा जुगमां ते सरोवरनुं नाम गोलाणी सरोवरपर एकवीसमी देरीमां हतुं, ते देवी चारभुजावाळी सिंहना वाहनवाळी हती. तेनुं रुपानुं फरुं करी पूजे, ते

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हाजर न होय तो पीपळनुं पान पाटलापर मूकी ते पर कंकुनी त्रण लींटी करीने जुहारे. तेना कर—जन्मे, मुंडणे, परणे, अने चैत्र तथा आसुनी आंठमने दिवसे सइना दरना लाडु, लापसी तथा खीरवडांना निवेदथी पूजे. नालीयेर एक तथा जमणीनुं दोढ गज कापडुं, साडी तथा फदीयां चार फइने आपे. दीकरी जन्मे अर्ध कर करे. संवत ११११ मां भिन्नमालनो नाश थवाथी ते वंशना शेठ शोभा त्यांथी नाशीने समुद्र किनारे बेनपपासे सुहिरोली गाममां जइ वस्या.

आ गोत्रना वंशजो सुहिरोली, थालाज, काकरेची विगेरे गामोमां वसे छे.

आ वंशमां काकरेचीमां थयेला धारा तथा धनराज शेठे एक लाख द्रव्य खरचीने श्रीऋषभदेवप्रभुनो प्रासाद कराव्यो, तेनी प्रतिष्टा श्रीजिनेंद्रसूरिए करी, तेमज तेओए एक वाव तथा दानशाळा करावी घणुं द्रव्य खरच्युं. संवत १२८२ मां थयेला वछराज, विजय तथा जादव शेठे अर्धलक्ष द्रव्य खरचीने शत्रुंजयनी यात्रा करी संघवीपद मेळव्युं, तथा दानशाळा करावी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गांधी ( सहस्रगुणा )—( ओशवाल )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

विक्रम संवत १२१०मां मरुधर देशमां आवेली भिन्नमाल नगरनी पासे रतनपुर नामना नगरमां परमार वंशना हमीरजी नामना राउत राज्य करता हता. तेने जेसंगदे नामे राज्य धुरंधर कुमार हतो. तेना समयमां पारकर देशमां आवेला भुदेसरनगरमां राणा श्रीभारमल्ल राज्य करतो हतो. तेनी सुहदे नामनी राणीनी कुक्षिए सरस्वती नामनी घणीज विनयवाळी तथा विद्यावंत पुत्रीनो जन्म थयो हतो. तेणीना लग्न ते जेसंगदे राजकुमार साथे थयां हतां, तथा ते वखते नव लाख पीरोजीनो खर्च थवाथी ते कुमारिका नवलखी नामथी प्रसिद्ध थयेली हती. तेणीनी कुक्षिए अभिचि नामना शुभ नक्षत्रे एक पुत्रनो जन्म थयो. हवे ते समये सिंधदेशमां मुगल-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गोठ नामना नगरमां एक बलोचाणी स्त्री वसती हती, ते पोतानी मंत्रशक्तिथी घणां बालक, पशु, स्त्री, पुरुषनी हिंसा करती हती, अने तेथी लोकोमां घणो त्रास वरती रहेलो हतो. तेणीए पोताना मंत्रबलथी सीकोत्तरी देवीने आराधवाथी ते प्रत्यक्ष थइ कहेवा लागी के, मने जो कोइ अभीचि नक्षत्रमां जन्मेला बत्रीस लक्षणा बाळकनुं बलिदान आपे तो हुं तारापर प्रसन्न थाउं. त्यारे ते बलोचण तेवो बाळक मेळववा माटे मंत्रशक्तिथी समळीनुं रूप करी घणा देशोमां फरती फरती रतनपुरमां आवी. त्यां ते बाळकने जोइ बीलाडीनुं रूप करी घरमां पेसीने ते बाळकने लेइ गइ. प्रभाते राजद्वारमां तथा नगरमां घणो हाहाकार थइ रह्यो. एवामां श्रीअंचलगच्छनायक श्रीआर्यरक्षितसूरि त्यां पधार्या. तेमने सर्व संघे महोत्सवपूर्वक नगरमां पधराव्या, परंतु संघना लोकोने उद्विग्न जोवाथी आचार्यश्रीए पूछतां राजकुमारना हरावानी वात तेओए कही संभळावी. पछी तेमने महाप्रभाविक जाणीने राउत हम्मीरजी गुरुपासे आवी वंदन करी पौत्रने कोइ पण उपायथी शोधी कहाडवा विनंति करी, तथा ते मळे तो जैनधर्म स्वीकारवानी कबुलात आपी. त्यारे गुरु

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



महाराजे मंत्रबळथी चामुंडानुं ( महाकालीनुं ) आह्वान कर्युं. तेज वखते महिषवाहनपर बेठेली तथा दरेक हाथमां खड्ग, खप्पर, कातर तथा डमरूने धारण करनारी महा विकाळ स्वरूपथी ते देवी प्रत्यक्ष थइ, तथा गुरुने नमीने कहेवा लागी के मने शामाटे बोलावी छे? गुरुमहाराजे कह्युं के अहींना राजा राउत हम्मीरनो अभीचि नक्षत्रमां जन्मेलो पौत्र कोणे हरण करेलो छे? तेनी तपास करी अहीं पाछो लावी आपो? त्यारे ते देवी गुरुनी आज्ञा प्रमाण करीने ते मुगलगोठ गाममां ते बलोचणने घेर आवी, अने जोयुं तो ते बाळकने बाजोठपर सुवाडीने चार बलोचणो मंत्राराधन करे छे. त्यारे देवीए ते बलोचणोने चपेटा मारीने, ते बाळक लेइ लीधो, अने तुरत गुरु पासे आवी गुरुने सोंपी दीधो, तथा तेना ललाटमां तिलक करी, चोखा चोडीने आभूषणो पहेरावी गुरुने सोंपी देवी अदृश्य थइ, गुरुए पण तेने खोळामां लेइ तेना मस्तकपर वासक्षेप नाख्यो, तथा एवी आशीष आपी के जे कोइ रोगी माणसपर आ बाळक हाथ फेरवशे, तेनो रोग दूर थशे, तेमज सर्व प्रकारनुं विष दूर थशे. पछी गुरुए राउत हम्मीरजी तथा जेसंगजीने बोलावीने ते

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बाळक सोंपी दीधो, हम्मीरजीए कुटुंबसहित जैनधर्म स्वीकारी बार व्रतो धारण कर्या, तथा ते बाळकनुं सखतसंघ नाम पाड्युं, महाकाली ( चामुंडा ) ने गोत्रजा करी स्थापी, नगरना लोको पण हर्षित थया. पछी ज्यारे ते महोटा थया त्यारे हजारो गमे लोको ते सखतसंघना गुणो बोलवा लाग्या, अने तेथी तेना वंशजो सहसगुणा गांधीथी ओळखावा लाग्या. राउत श्रीजेसंगे शत्रुंजयतीर्थनो संघ कहाडी घणुं द्रव्य खरच्युं, सोना महोरोनी ल्हाणी करी, गुरुए तेमना परिवारने वृद्धसजनीय ओशवाळमां मेळवी दीधा. श्रीजेसंगजीए चोर्यासी गच्छोमां पहेरामणी करी आगमोना पुस्तको लखावी घणो यश संपादन कर्यो. गोत्रजा महाकालीनो ( चामुंडानो ) कर—जन्मे, मुंडणे, परणे सवासेर घृतनी लापसी, सवासेर बाकुला करी जुहारे. पछी भारमल्ले व्रतउच्चार कर्यो, त्यारथी ते कर न कर्यो परंतु यथाशक्ति आसु वद चौदसे गोत्रजापासे दीवा भरे छे.

आ गोत्रना वंशजो रतनपुर, चित्तोड, मालपुर, मेवाडमां वडरोदा, किसनगढ, पारकर, आमोद, मुई, आधी, रव, वागड, भुज, अमरकोट, बाहडमेर, आसो-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सार, वीकानेर, गूढा, पाटण, अमदावाद, गोलकोंडा, थराद, अंजार, आसोणा, धीणस, सुराचंद, साचोर, गणोद, राधनपुर, बुरानपुर, मंगाणी, नागोर, कालु, उदेपुर विगेरे गामोमां वसे छे.

आ वंशमां विक्रम संवत १३४१ मां रतनपुरमां थयेला गोविंदशेठे शिखरबंध बहोतेर जिनालयो श्रीआदिनाथ प्रभुनो अद्भुत प्रासाद बंधाव्यो, तथा तेनी प्रतिष्टा श्रीअंचलगच्छाधीश श्रीजयशेखरसूरीश्वरजीए करी, शत्रुंजयनो संघ कहाडी त्यां तेमणे ध्वजा चडावी, साकरनी परब बांधी, माल पहेरी, संघवीपद प्राप्त कर्युं, संघने जमाडी जणदीठ एकेक रुपीयानी प्रभावना करी घेर आवी देशतेडुं करी सर्वने पक्वान्न जमाडी घर दीठ एक साडी, एक थाळी तथा तेमां एकेक रुपीयो अने एक शेरनो मोतीचुरनो लाडु नाखी आखा शेहरमां लाणी करी घणुं द्रव्य खरच्युं. तेम बीजां पण घणां धर्मना कार्यो कर्यां. पारकर देशमां वसनारा आ गोत्रना वंशजो जन्मे, मुंडणे तथा परणे अने आसु वद चौदसे लापसी, वडा तथा तलवटथी धूप दीपसहित गोत्रजा जुहारे छे, तथा आगळ साडात्रण फदीयां मूकी अने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीफल वधारे छे. आ वंशमां संवत १७५३ मां पारकरमां थयेला तिलाशाहे ज्ञानपंचमीनुं उजमणुं करी घणुं द्रव्य धर्म कार्योमां खरच्युं. बीकानेरमां थयेला खेनदासशेठ घणा दातार थयाछे, तेमणे नवुहजार पीरोजीनुं दान देइ दीक्षा लीधी हती. आ वंशमां गोलकुंडा गाममां थयेला धनाशेठ चारित्र लेइ शत्रुंजयपर पचीस दिवसोनुं अनशन करी देवलोके गया. कालुगाममां थयेला पोमा शेठे पोताना स्त्रीसहित दीक्षा लेती वेळाये घणुं द्रव्यदान कर्युं छे. उदेपुरमां थयेलो सादूल सन्यस्त लेइ पचीस दिवसनुं अनशन करी शत्रुंजयपर धर्मध्यानथी देवगत थयो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# देवाणंदसखा—( ओशवाल )

( मुख्य शाखाओ )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दसा )

( पेटा शाखाओ )

गोसलीआ गोठी विगेरे

( गोसलीयानी पेटा शाखाओ )

चोथाणी, वीसलाणी, हीराणी, देसलाणी, भुलाणी, कोकलीया, मूलाणी, थावराणी विगेरे.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )**

विक्रम संवत १०२८मां गंगाना किनारापर मुक्केसरगढमां नागरज्ञातिना गौतमगोत्रीय घणा विप्रो वसता हता. त्यां समस्त भरतखंडना घणा दुःखीया लोको आवी ते विप्रो पासे पोताना मस्तकपर करवत मूकावी आपघात करता हता. ते विप्रोना वंशमां संवत १२९२

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मतांतरे ( १२५५ )मां औदिच्य ब्राह्मणज्ञातिना दिनकर-भट्टआदिक ते करवत मेलवानुं कार्य करता हता. एवामां अंचलगच्छाधीश श्रीधर्मघोषसूरि विहार करता मुक्तेसरमां पधार्या, अने एवी रीते मनुष्यवध न करवा माटे तेमणे तेओने उपदेश कर्यो. विप्रोए कह्युं के तमो जो कंइंक तमारा धर्मनो चमत्कार बतावो तो अमो तमारो अहिंसामय जैनधर्म स्वीकारीयें. पछी गुरु उपराउपर एकसो आठ कामळीओ पाथरी तेपर हाथमां नवकारावली लेइ मंत्र जाप करता बेठा. एकेके मणीए तेना शिष्यो एकेकी कामळी तेमनी नीचेथी कहाडता गया. एवी रीते नवकारावळीना एकसो आठ मणका गणायाबाद सर्व कामळीओ कहाडी नाखवाथी गुरुमहाराजने अधर आकाशमां आसन वारीने बेठेला ते विप्रोए जोया, जेथी मनमां चमत्कार पाम्या. तेवारपछी ते दिनकरभट्ट, तेना पुत्र प्रभाकर, गोविंद, गोवर्धन, गोकलचंद तथा पुण्यचंद आदिक घणा विप्रो जैनी थया. अने पोतानी पचास मण वजननी ते मनुष्यवध करनारी करवतने गंगाना प्रवाहमां फेंकी दीधी. तेओनी गोत्रजा भूडीयांणची नामनी देवीने पण प्रतिबोधीने गुरुए समकीती करी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा तेणीना निवेद माटे आसु तथा चैत्रनी पुनमे एकसो आठ नालीयेरनो होम करे. त्यारबाद ते दिनकरभट्टना कुटुंबने बीजा तेनी ज्ञातिना ब्राह्मणोए ज्ञातिबहार कर्युं. तेथी संवत १२६१मां आचार्यश्रीए दिल्हीना संघने एकठो करी ते कुटुंबने ओशवाळज्ञातिमां मेळवी दीधुं. तेना वंशमां दिनकरभट्टथी त्रीजी पहेडीए थयेला बापापंदना देवापंद तथा तेना रामा, रामचंद्र, वीजयचंद्र, वयरसी, रुपसी, छजु, गसु, रायमल, जयमल, जेसल, अने गोसल नामना अग्यार पुत्रो थया. तथा तेओ सघळा दिल्हीमां आवी वस्या. एवी रीते देवापंददादानो घणो परिवार होवाथी तेना वंशजो देवाणंदसिखाथी ओळखावा लाग्या. पछी अंचलगच्छीय श्रीमेरुतुंगसूरिजीना उपाध्यायजीना कहेवाथी दिल्हीमां संकट फेलावानुं जाणी बीजा सीठडीया आदिक त्रण कुटुंबोसाथे ते देवाणंदशिखागोत्रना माणसो पण दिल्ही छोडीने संवत १४१५मां जूदाजूदा गामोमां वस्या. तेमाना एकना वंशजो झालोरमां, बीजाना सीरोहीमां, त्रीजा रामचंद्रना शीहोरीमां ( सीहोरमां ), वीरचंदना प्रभासपाटणमां, एकना पारकरमां गोठी ओडकवाळा, रुपसीना टोडीमां,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



छजुना बुरानपुरमां तथा गोसलना कच्छमां अने हाला-रमां छे, तथा बीजाओ बीजे वस्या छे.

एवी रीते आ गोत्रना वंशजो सीरोही, राडद्रह, भापीपासे वाम्मी, कडूरी, भिन्नमाल, जुनागढ पासे जोसीपुर, गुढा, भाटड़, पानेली, पोकरण, जेसलमेर, पाटण विगेरे गामोमां वसे छे, गोसलनो परिवार कच्छ तथा हालारमां मांढा, वसइ, लुयडी, चंगा, भणगोल, साभराइ, कोटडी, राफुदळ, डबासंग, चेला, डुमरा, खंभालीया, सरमत, तरधरी, मुडाटोडा, कोकली, आरीखाणा, कोंझ, पडाणा, सांगणनी लुंस, साभराइ, गोधरा, हालापुर, त्राही, रंगपर, ध्रोळ, सखपर, बीदडा, जोगवड, खाखर, वीरमनुं गाम, भागनी वीसोतरी, सोनारडी, बारडी, बेराजा, मुंदरा, खोडाया, नाराणपुर, खीडोइ, कोटडी, सुजपर, लाखाबावर, हापा, छीकारी, खडबा, वीपल, सीण विगेरे गामोमां वसे छे.

आ वंशमां संवत १४७२मां सत्यपुरमां थयेला मंत्री मेघाए श्रीमहावीरप्रभुना बिंबनी प्रतिष्ठा करावी छे. सं. १५७२मां सीरोहीमां थयेला भींदा तथा नेताए श्रीवासुपूज्यस्वामिनी प्रतिमा भरावी, अने तेनी प्रतिष्ठा अंचल-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गच्छीय श्रीभावसागरसूरिजीए करी छे. आ वंशमां गोसलाणी ( गोसलीया–कच्छी हालाइ ओशवाळ ) ते क्षेत्रपालना तथा डाडीना बगलपासे डाडलमाताना कर करे छे, अने बाळकना वाळ त्यां उतरावे छे. वरसुंदीये एक पालीना पुडला, एक पालीना कोरा बाकुला, अने सवा पालीनो पींडो करी जुहारे छे. तथा गोत्रजाना अगीयार पालीना लाडवा करे छे. तथा हालारना गोसलीया पुत्र जन्मे आसापुरा तथा रोझीने जुहारे छे. एवी रीते आ गोसलना वंशमां चोथाणी, वीलसाणी, हीराणी, देसलाणी, मुणा(ला)णी, कोकलीया, मूलाणी, थावराणी विगेरे घणी ओडको कच्छी ओशवाळोमां छे. जोगवडमां चांपाथी तथा मांढामां देवाथी लघुसजनीयनी (दशानी) शाखा निकळी छे. भणगोलना रहेवासी नागाजणे अमरसागरसूरिना उपदेशथी घणां धर्मकार्यो द्रव्य खरची कर्यां छे. मांढा निवासी वीसाए तथा खेताए त्यां वावो बंधावीने स्वामिवात्सल्यमां घणुं द्रव्य खरच्युं छे. कच्छ नलीयाना रहीस मूलाशाहे मूलासर नामनुं तलाव बंधाव्युं छे. कच्छ साभराइमां थयेला भावडना पुत्र पदमसीए संवत १७४५मां त्यां सुविधिनाथनो शिखरबंध प्रासाद

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बंधाव्यो. संवत १७३१मां सामराइना शा. कानडे शत्रुंजय तथा गोडीचानो संघ कहाडी घणुं द्रव्य खरच्युं, तथा सदाव्रतो बंधाव्यां. संवत १७४३मां कच्छ गोधराना रहीस गोव्रर, लखा तथा नरसीए घणुं द्रव्य खरची स्वामिवात्सल्य कर्यां. संवत १६५१मां ओलना रहीस देराजे त्यां सेलरवाव बंधावी. संवत १७३७मां कच्छ वाराहीना रहीस आसगे त्यां वाव बंधावी, तथा ते लघुसजनीय (दशो) थयो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गौतम गोत्र–( श्रीमाळी–तथा ओशवाल )

( मुख्य शाखाओ )

वृद्धसजनीय (वीसा), लघुसजनीय ( दशा )

( पेटा शाखाओ. )

महोता, यशोधन, भणसाली, वीसरीया, शंखेश्वरीया, पुराणी, धुरीयाणी, भरकीयाणी, घट्टा, छे वड्डाणी, पवाणी, मालाणी घेलाणी विगेरे

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )**

विक्रम संवत ७९५ मां श्रीभिन्नमाल नगरमां श्रीशांतिनाथना गोष्टिक विजयनामे शेठ वसता हता. तेमने श्रीउदयप्रभसूरिजीए प्रतिबोधीने जैनी कर्या. तेनी गोत्रजा गाजणा नामे देवी हती, तेनुं बीजुं नाम नारायणी देवी हतुं. तेनुं स्थान खीमजा डुंगरीपर गाजणाटुंके हतुं. तेना क्रर–आसु तथा चैत्रनी पांचमे चोळा चोखानुं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



घृत नाखी निवेद करे. फइने आठ फदीयां तथा जमणीनुं कापडुं आपे. एवीज रीते जन्मे, मुंडणे तथा परणे कर जाणवा. दीकरी जन्मे अर्ध कर करे. ते विजयशेठ पूर्वनी पोळतरफ समरसंघ नामना पाडामां वसता हता, तथा चार क्रोडना व्यापारी हता. संवत ११११ मां मुगलमुसलमानोए भिन्नमाल नगरनो नाश करवाथी तेना वंशना शेठ सहदे त्यांथी नाशीने चांपानेर पासे भालेज नगरमां वस्या. त्यां ते छत्रीस जातना करीयाणानो व्यापार करता होवाथी तेमनी भांडशाली ( भणसाली ) ओडक थइ. तेमने संवत ११७९ मां श्रीउदयप्रभसूरिए सर्वथी प्रथम प्रतिबोध्या, अने तेथी श्रीमाली ज्ञातिना ते सर्वथी प्रथम जैन श्रावक थया. ते सहदेना यशोधन अने सोमानामे बे पुत्रो थया.

भलुं नगर भालेज वसे भणसाली भुजबल ।
तास पुत्र जयवंत जसोधन नामे निरमल ॥
पाने परवत जात्र काजे आवीआ गहगटी ।
नमी देवी अंबावि आवी रहीया तलहट्टी ॥
आवीया सुगुरु एहवे समे आर्य रक्षित सूरिवर ।
धन धन जसोधन पय नमी चरण नमे चारित्रधर ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धरी भाव मन शुद्ध बुद्धि पय प्रणमे सहि गुरु ।
आज सफल मुज दिवस पुण्ये पामीयो कल्पतरु ॥
जन्म मरण भय भीति रिति सावयवय साखे ।
समकीत मूल सुधाधु देव गुरु धर्मह आपे ॥
परिहरी पाप शुभ आचरे धरे ध्यान धर्मनुं महोता ।
ए श्रीमाली धुरसखा धन धन जसोधन ए सखा ॥२॥

उपरनी प्राचीन कविताथी एम जणाय छे के अंचलगच्छीय श्रीआर्यरक्षितसूरिजीना उपदेशथी भालेज नगरना भणसाली वंशना जसोधन नामे शेठ सम्यक्त्वधारी शुद्ध श्रावक संवत ११६९ मां ( पाठांतरे ११७९ ) मां थया. अने तेमनाथी यशोधन शाखाना श्रीमाली वंशजो थया. तेमनुं मूल गोत्र गौतम, तथा पछी महोता नामथी प्रसिद्ध हतुं. तेनी पाछळथी गोत्रजा अंबावी देवी हती, तेमना यशोधन शाखावाळाना कर—जन्मे, मुंडणे, परणे त्यारे तेर मोटी पालीना लाडवा गोत्रजाआगळ धरावे. जमणीनुं कपडुं जरदोरीयो रातो, नीलो के पीलो चडावे. चैत्र आसुनी आठमे दोढ पालीनी लापसी करे, तथा दीवेल घृत शेर दोढ चडावे. अघरणीमां छ पालीना लाडवा, दोढ पालीना तलवटथी गोत्रजा जुहारे अने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दोढ पालीना बाकुला करी क्षेत्रपालने चडावे. वीसरीया महोताना पण तेज कर छे.

आ गोत्रना वंशजो मांडल, उजेणी, छीकारी, पडधरी, फीफावदर, राणपुर, धुंवाव, देदानी कुंदरडी, कच्छ भाडीया, लाइजा, माडी, बीसर, बन्नाहीया, फरादीया, वागडमां सेइर, सोइ, रताडीओ, वडाला, विदडा, भाणनी वीसोतरी, देढीआ, नाडुरी, गोधरा, लुअडी, कुंबरनी वीसोतरी, भलसाण, मुजपर, मुंडाटोडा, तणुआणा, कोठारा, गोआणा हाले, रामपुर, तेरा, सुथरी, प्रजाउ, टींबडी, नलीया, भाचुडा, सुखपर, रायधणझर, पीपटोडा, गोमाणा, मोडकुबा, वांकी, कुफी, फरादीया, रापर, सायरा, नवानगर, कटारीया तथा खारडीया विगेरे गामोमां वसे छे. आ वंशमां घणी शाखाओ निकळी छे, तथा तेना करो जूदाजूदा छे.

आ वंशमां थयेला मंत्री सलखुए जार्णदुर्गमां (जुनागढमां ) आदिनाथ प्रभुनो शिखरबंध जिनप्रासाद बंधाव्यो, तथा पाटणमां चोर्यासी पौषधशाळाओमां कल्प महोत्सव करावी घणुं द्रव्य खरच्युं छे. संवत १५६०मां वैसाख सुद त्रीजे मांडलना रहीस वाघा तथा हरखचंदे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंचलगच्छाधीश श्रीभावसागरजीना सूरिपद महोत्सवमां पचास हजार द्रव्य खरच्युं. संघवी श्रीमाना भाइ भाणाना संतानो कच्छी ओशवाल थया, अने तेओ वीसलदेव राजाना कारभारी होवाथी वीसरीयामेता कहेवाणा. सं. १२३६मां घुमलीमां थयेला जेता शेठे दोढलाख टंक खरचीने वाव बंधावी, तथा त्यांना विक्रमादित्य राणा तरफथी तेने घणुं मान मळ्युं, ते वाव जेतावावना नामथी ओळखाय छे. आ वंशमां पुराणी, धुरीयाणी, छेवठणीया, पबाणी, मालाणी, वेलाणी, मरकीयाणी, घट्टा विगेरे ओडक छे. आ वंशमां तणुआणामां थयेला मांडणनो परिवार लघुसजनीय एटले दशा थयेलो छे. आ वंशमां घणाओए कच्छना गामोमां जूदीजूदी सालोमां देशतेडां, धीना ल्हाणां विगेरे करेलां छे, अने तेमां घणुं धन खरच्युं छे. आ वंशना प्रथम पुरुष यशोधने भालेजआदिक सात गामोमां सात जिनप्रासादो बंधाव्या छे. आ वंशमां शंखेश्वरीयानी अडकवाळाओ पुत्र जन्मे त्यारे शंखेश्वर-जीना प्रासादमां त्रण गज कपडांनी झोळी बांधे छे, अने तेमां श्रीफल एक, सात सोपारी अने बे माणा चोखा नाखे छे, अने ते बाळकने ते झोळीमां हींचोळे छे. बा-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ळकना मस्तकउपर साथीयो करी चोखाथी वधावे छे. तथा महोटा पुत्रनो एक कान वींधे छे, फइने चार फदीया अने सात सोपारी आपे छे, तथा गोरणी जमाडे छे. संवत १२९५मां थयेला रीडाना पुत्र जीवाशाहे शंखेश्व-रजीना प्रासादनो उद्धार कराव्यो छे. आ वंशमां वास-रोडाना रहीस पर्वते पुनर्लग्न करवाथी तेना वंशजो दशा थया छे. संवत १३९५मां धोलकामां थयेला सालींगनी स्त्री सुहवदेए " नाइणी फइ " नामनी गोत्रजाने जुहा-रवाथी तेना वंशजो ते गोत्रजा जुदा करथी जुहारे छे. संवत १३७५मां वर्धमानशेठ मांडलमां आवी वस्या, तथा तेओ त्यां महत्पदे स्थित थयेला होवाथी तेना वंशजो महोता ओडकथी ओळखावा लाग्या. संवत ११९५मां मालेजमां थयेला अभाशेठनो परिवार ओश-वाल थयो छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# लोलाडीआ गोत्र-( श्रीमाली )

( मुख्य शाखाओ. )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दसा )

( पेटा शाखाओ )

पारेख, कोठारी.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावळी) मगावो. कि. रु. ४—०—० )**

वृद्धसजनीय श्रीमाली ज्ञातिना भालेज पासे नापा गाममां लूणग नामना शेठने संवत १२२० मां अंचलगच्छेश श्रीजयसिंहसूरिए प्रतिबोधीने जैनी कर्या. तेमणे नाणावाल गच्छना श्रीरामदेवसूरिजीने आचार्यपदवी आपवामां जयसिंहसूरिना उपदेशथी एक लाख द्रव्य खरच्युं, तथा चक्रेश्वरी देवीनी प्रतिमा, जीरावला पार्श्वनाथनी प्रतिमा, तथा जीवंतस्वामिनी प्रतिमा भरावी. तेना वंशजो लोलाडा गाममां वसवाथी लोलाडीया गोत्रथी प्रसिद्ध थया.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ गोत्रना वंशजो लोलाडा, वीरमगाम, पाटडी, वडारुआ, राणकपुर, जांबु, वाराही, राधनपुर, समी, कटारीया, धोल, थराद, देगाम, भालेज, खंभात, पाटणपासे वसइ, डभोइ, सकरखड, पाटण, नवानगर, गंधार विगेरे गामोमां वसे छे.

आ वंशमां पारेख, कोठारी विगेरे अटक छे, तेमज तेमां वृद्धसजनीय (वीसा), तथा लघुसजनीय (दशा)नी पण शाखाओ छे. आ वंशमां थयेला नाथाशेठे धोलमां शिखरबंध जिनप्रासाद कराव्यो. संवत १४४९मां बांभणोली गामना रहीस जेठाशेठे पुनर्लग्न करवाथी तेना वंशजो लघुसजनीय (दशा) थया. संवत १४०९मां जीर्णदुर्गना रहेवासी वीरमशेठना वंशजो पण दशा थया.

## देहिल गोत्र—( श्रीमाली )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विक्रम संवत ७९५ मां श्रीमाली ज्ञातिनो वृद्धस-जनीय देहिल गोत्री झबा नामे शेठ भिन्नमालमां त्रण क्रोडनो व्यवहारी वसतो हतो, श्रीउदयप्रभसूरि पासे ते प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा देहिली देवी चार भुजावाळी हती. तेनुं स्थान गोलाणी सरोवरपर हतुं. तेना कर-जन्मे, मुंडणे, परणे तथा आसु अने चैत्रनी आठमे सवा त्रण पालीनी लापसी, अने पुडला करे. श्रीफल तथा जमणीनुं कपडुं फइने आपे. संवत ११११ मां भिन्नमालनो नाश थवाथी ते वंशना शेठ नभा त्यांथी नाशी खंभातपासे भलाडा गाममां वस्या.

आ गोत्रना वंशजो भलाडा, कुकडा, अघार, गांफ, अरघाला, तारापुर तथा कालावड विगेरे गामोमां रहे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# महालक्ष्मी गोत्र–( श्रीमाली )

( मुख्य शाखाओ. )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दशा )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया? ते जाणवामाटे आ गोत्रनो आंबो (वंशावळी) मगावो. कि. रु. ४–०–० )

विक्रम संवत ७९८ मां भिन्नमाल नगरमां श्रीमाली ज्ञातिनो वृद्धसजनीय शाखानो मना नामे शेठ महालक्ष्मीना पाडामां वसतो हतो, ते श्रीउदयप्रभसूरिपासे प्रतिबोध पामी जैनी थयो. तेनी गोत्रजा महालक्ष्मी देवी हती. तेना कर—चैत्र तथा आसुनी आठम बलेव तथा महासुद आठमे चोला, चोखा, लापसी, घारडां, वडां, पुडला तलेली काचरी अने बाकुलानुं नैवेद्य करी जुहारे, तथा कुटुंबमां लाहे. फइने साडलो तथा कपडुं आपे. जन्मे, मुंडणे, परणे त्रण सेइना लाडवा कुटुंबमां लाहे तेना वंशमां थयेला मोहननी स्त्री पद्मापर लक्ष्मीदेवी तुष्टमान

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थयेली हती, श्रेष्ठी अनाना पुत्र आभड घणा द्रव्यवान थवाथी शालिभद्रनीपेठे सुख भोगवता, तेने शोळ स्त्रीओ तथा आडत्रीस पुत्रो हता, अने तेथी तेनो वंश बहु वृद्धि पाम्यो. तेना वंशमां थयेला हामा शेठे महालक्ष्मीना मंदिरमां धोतीयुं पहेरतां ते पडी जवाथी नग्न थवाने लीधे तेनापर देवी कोपायमान थयां. तेथी ते त्यांथी निकळी हारिजमां आवी वस्या, आ वंशमां थयेला आभाना पुत्र चांपाशेठ वनराज चावडाना अणहिल्लपुर-पाटणमां प्रधान थया, आ वंशमां पाटणमां थयेला जोगीशेठ महाभाग्यशाली तथा द्रव्यमान थया, जेना नामथी पाटणमां जोगीवाडो प्रसिद्ध छे.

आ गोत्रना वंशजो हारिज, पाटणमां जोगीवाडे, राजकावाडे, सिद्धांतिनेपाडे, हाथीजणपासे वाडली गाममां पड्डावल, राधनपुर, जुनागढ पासे गलोल, आधावाड, वळा, बोरीआवी, कपडवंज पासे खडावल, सलखणपुर विगेरे गामोमां वसे छे.

आ वंशमां सलखणपुरमां वसनारा लखाशेठना वंशजो पुनर्लग्न करवाथी लघुसजनीय एटले दशा थयेला छे. झालावाडमां खोडीझझरमां वसनारा संघाना पुत्र

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वासाना वंशजो पण ए रीते दशा थया छे. झबाशेठे एक लाख द्रव्य खरची शत्रुंजयनो संघ कहाड्यो हतो. बोरीआवीना वासी कुराशेठे पण पुनर्लग्न करवाथी तेना वंशजो पण दशा थया छे. तेणे पाटणमां आवी चोर्यासी उपाश्रयमां चोर्यासी कल्पसूत्रो लखावीने रखाव्यां, तथा एक वाव चणावी.

## पापच (पारायण) गोत्र–प्राग्वाट (पोरवाड)

( पेटा शाखाओ )
दोशी.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )**

विक्रम संवत ७९५मां भिन्नमाल नगरमां श्रीमाली ज्ञातिनो वृद्धसज्जनीय शाखानो पापचगोत्री समधर नामे ब्राह्मण शेठ पांच क्रोडनो व्यवहारी वसतो हतो. तेनी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गोत्रजा अंबाइ देवी हती. तेनुं स्थान गोलाणी सरोवरपर चंपकवाडीमां हतुं. तेना कर–चैत्र तथा आसुनी पांचमे पांच पुडला करी जुहारीयें. ते समधरशेठना नाना नामना पुत्रना पुत्र कुरजीने सिकोतरी मातानो वरगाड हतो. तेथी ते घणुं कष्ट पामी मरवा पड्यो. ते वखते शंखेश्वर गच्छना श्रीउदयप्रभसूरि विहार करता भिन्नमालमां पधार्या. तेमने प्रभाविक जाणी कुरजीना पिता नानाशेठे पोताना पुत्रनुं कष्ट दूर करवा विनंति करी. गुरुए कह्युं के जो तमारो ते पुत्र अमोने वोरावो तो हुं उपाय करी तेनुं कष्ट दूर करुं. शेठने जो के ते एकनो एकज पुत्र हतो, परंतु पुत्र जीवतो रहेशे एम विचारी साक्षिपूर्वक ते कबूल कर्युं. गुरुना मंत्रजापथी ते सीकोत्तरी सात दिवसो सुधी उंधे मस्तके तेना घर आगळ टींगाइ रही, तथा पछी डरीने तेणीए ते कुरजीना शरीरने छोडी दीधुं, तथा तेथी ते सावधान थयो. पछी पोताना वचनने अनुसरी नानाशेठे ते बाळकने गुरुने सोंपी दीधो. गुरुए तेनो डाबो कान वींधी तेमां लींबडानी सळी नाखी. ते कुरजीनी उमर तेर वर्षनी हती, अने तेना लग्न ते गामना एक शाहुकारनी पुत्री साथे थयां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हतां. ते कन्याने खबर थइ के, मारा भर्तारने आ जतिओ जति करशे. एम जाणी ते बुद्धिवंत तेर वर्षनी बालिका पोताना मातपिताने कह्या विनाज शरम मूकी उपाश्रये आवी गुरुने नमी कहेवा लागी के गुरुजी! हुं आपनी पासे कंइंक मागवा आवी छुं, गुरु तेणीने ओळखता न होवाथी बोल्या के मारी पासे जे हशे ते हुं तने आपीश. एवी रीते गुरुने वचनथी बांधीने ते बालिकाए कह्युं के आ बाळक मारो भर्तार छे, माटे मने ते आपो? त्यारे गुरुए विचारमां पडी कह्युं के, जो तारा मातापिता सहित तुं मिथ्यात्व छोडीने जैनधर्म स्वीकारे तो हुं तने आ बाळक पाछो आपुं. पछी ते कन्याए घेर आवी ते हकीकत पोताना मातपिताने कही, त्यारे पुत्रीना आग्रहथी तेओए शुद्ध श्रावक धर्म स्वीकार्यो. तेज वखते जूदा जूदा गोत्रवाळा ते शेठना पांच मित्रोए पण मिथ्यात्व छोडी जैनधर्म स्वीकार्यो. तथा तेमने गुरुए पोरवाड ज्ञातिमां भेळव्या, अने एवी रीते नीचे मुजब प्राग्वाट (पोरवाड) ज्ञातिना सर्व मळी सात गोत्रो जैनी थयां.

पापच गोत्री–शेठनाना, पुष्पायनगोत्री–शेठ माधव, कारिस गोत्री–शेठनागड, आग्नेय गोत्री शेठ झूना,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वैश्यायन गोत्री शेठ रायमल्ल, वत्स गोत्री शेठ माणीक, तथा माढर गोत्री शेठ अनु. तेमाना पहेला पाप्च गोत्रीय शेठ नानानी गोत्रजा चामुंडादेवी (बीजुं नाम फलदेवी) थइ. ते आठ भुजाओवाळी, तथा महिषना वाहनवाळी छे. तेना कर–जन्मे, मुंडणे, परणे त्यारे लापसी करी गोत्र जुहारी कुटुंबमां लाहे. बशेर घी, चार फदीयां तथा श्रीफल बे फइने आपे. रुपानुं गोत्रजानुं फरुं हाजर न होय तो पाटलापर कंकुनी सात लींटी करी जुहारे. चैत्र तथा आसुनी दशमे पण उपर मुजब निवेद करी गोत्र जुहारे, अने पुत्रनो एक डाबो कान वींधे. संवत ११११मां भिन्नमालनो नाश थवाथी ते वंशना शेठ रुपा त्यांथी नाशीने कौलीहारामाना मीलडीगाममां आवी वस्या.

आ गोत्रना वंशजो मीलडी, खंभात, धोळका, वेजलपुर, लोलीयाणा, सुरत, चोडोत्तरी, धोलका, असा-उल, वढवाण पासे सालु, डेडाद्रा, लखतर, वीरमगाम, मांडल, अमदावाद, वडोदरा, तथा वढवाण विगेरे गा-मोमां वसे छे.

आ वंशमां वासण गामना रहीस द्रोणाशेठे श्री-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शांतिनाथप्रभुनी प्रतिमा भरावी, अने तेनी प्रतिष्ठा संवत १२८५मां अंचलगच्छीय श्रीउदयप्रभसूरिजीए करी. आ वंशमां त्रेजलपुरवासी सुराशेठ जैनधर्म छोडी मिथ्यात्वी थयो, परंतु तेम करतां रात्रिए व्याळुमां गरोळी पडवाथी समजीने पाछो जैनी थयो, तथा श्रीमेरुतुंगसूरिजीना उपदेशथी तेणे जिनप्रतिमा भरावी, ते कापडनो व्यापारी होवाथी तेना वंशजोमां दोशी अडक थइ. आसाउलीमां वसनारो देवराज झवेरातनो वेपार करतो, परंतु धुताराओए तेनुं अढार लाखनी किमतनुं झवेरात ठगी लेवाथी ते लाचार बनी गाम छोडी वढवाण पासे सालु गाममां आवी वस्यो. तथा तेनो पुत्र हांसो (बीजुं नाम डायो) वढवाणना श्रीधर जोशीनी सोबतथी मिथ्यात्वी थइ गयो, अने तेना वंशजो पण मिथ्यात्वी थया.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुष्पायन गोत्र-( पोरवाड )

( मुख्य शाखाओ )

वृद्धसजनीय (वीसा), लघुसजनीय ( दशा )

( पेटा शाखाओ. )

पारेख, द्रोण, झवेरी विगेरे.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४-०-० )**

पापच गोत्रमां जणावेला अने संवत ७९५ मां प्रतिबोध पामी जैनी थयेला पुष्पायन गोत्रवाळा, अने शेठ नानाना वेवाइ शेठ माधव, तेनी मूल गोत्रजा अंबादेवीनुं मूळस्थान गिरनार पर छे. अने पाछळथी खीमजा गोत्रजानुं स्थान भिन्नमालपासे खीमजाइ डुंगरीपर छे. तेना कर—चैत्री तथा आसुनी पांचमे, तथा जन्मे, मुंडणे, परणे लापसी पुडलाथी गोत्रजा जुहारीयें, रुपानी मूर्त्ति तैयार न होय तो पाटलापर अरधो गज रातुं लु-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गडुं पाथरी ते पर राखेला पीपळना पानपर त्रण लींटी कंकुनी करी जुहारे, गिरनारसन्मुख पांचशेर घी राखीथें फइने यथाशक्ति आपे. संवत. ११११ मां भिन्नमालनो नाश थवाथी ते वंशना संघाशेठ त्यांथी नाशी पाटणमां जइ वस्या. त्यां तेना वंशमां थयेला शेठ खेतसीए संवत १२९८ मां खेतलवसही स्थापी, अने तेमां श्रीअंचलगच्छीय श्रीपुण्यतिलकसूरिजीए पार्श्वनाथजीनी प्रतिमा प्रतिष्ठित करी. तथा तेमनुं खेतसीपारेख नाम प्रसिद्ध थयुं. तेना वंशजोनी पारेख ओडक छे.

आ गोत्रना वंशजो पाटण, चंपदुर्ग, कालुपुर, सादी, वडोदरा, नीझरी, वांकानेर, सुरतपासे तलाव, गोरखीआणुं, वीरमगाम, जोटाणा, दहथलीयाणा, महेसाणा, जांबूसर, मांडवी विगेरे गामोमां वसे छे.

आ वंशमां सलखणपुरपासेना दहीथली गामना रहेवासी नरसंग लघुसजनीयनी पुत्री परणीने संवत १२९८ मां लघुसनीय थया. तथा. तेनी स्त्री सोमाइए पोताना पीयरनी सल नामनी गोत्रजा स्थापी. ते गोत्रजानुं स्वरूप चार हाथवाळुं तथा महिषना वाहनवाळुं हतुं. तेना कर–तेनी रूपानी मूर्ति आगळ, अथवा ते हा-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जर न होय तो पीपलना पानपर त्रण लींटी कंकुनी करे. चैत्र, आसु, माहे अने बलेवे, अने जन्मे, मुंडणे परणे त्यारे लापसी अने खीचडीना नैवद्यथी जुहारे. श्रीफल बे, जमणीनुं कपडुं अने चार फदीयां फइने आपे. एवी रीते ते नरसंगना वंशजो गोत्र जुहारे छे. ते नरसंगना पुत्र वर्धमाननी गर्भवती स्त्री भानाए स्वप्नमां हाथी जोयो, अने तेथी तेणीना पुत्रनुं नाम हाथी पाड्युं. यौवनवये ते वाघेला मंडलीक राजानो मंत्री थयो. अने तेणे अंचलगच्छाधीश श्रीमहेंद्रसूरिजीना उपदेशथी दर्थलीमां युगादिजिननो प्रासाद कराव्यो, शत्रुंजयआदिक तीर्थोना संघ कहाडी यात्रा करी सर्व मळी अढार लाख द्रव्य तेणे विसलपुरआदिक गामोमां धर्मकार्योमां खरच्युं. जोटाणागाममां वसनारा मणोरसीए पांत्रीस लाख द्रव्य खरचीने घणां धर्मकार्यो कर्या. जांबूसरमां वसनारा द्रोण शेठथी द्रोणशाखा निकळेली छे. पाटणमां वसनारा जयवंतशेठ झवेरातनो व्यापार करता, तेथी तेना वंशजो झवेरी अडकथी प्रसिद्ध थया.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कारिस गोत्र–( पोरवाड )

## ( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आगोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )

पापच गोत्रमां जणावेला कारिसगोत्री शेठ नागडनी गोत्रजा कालीदेवी हती, अने ते विक्रम संवत ७९५ मां प्रतिबोध पामी जैनी थया. ते गोत्रजाना कर–जन्मे, परणे सेइना लाडु गोत्रमां लाहे, तथा फइने साडी अने कापडुं आपे. तेना दरवर्षे कर नथी. संवत ११११ मां भिन्नमालनो नाश थवाथी ते वंशना शेठ लटकण त्यांथी नाशी कोलीहारमां आवेला धनेहरा गाममां वस्या.

आ गोत्रना वंशजो धनेरा, फुलाणा, सोजत, अक्षयगढ, वडगाम, कालुआ, पीपली, सेत्रुंजा पासे मांडवी, सीहोर, खंभातमां मालवीवाडे, जोटाणा, जीवापुर, सेन्धाधूमा विगेरे गामोमां वसे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कांटीया* ( गोखरु ) गोत्र-( ओशवाल )

( पेटा शाखा )

लींबडीया, सोनी, झवेरी विगेरे.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )**

विक्रम संवत १०४९मां रणथंभोर पासे आछबू नामना गाममां डींडु नामे वणिक जातिनो धांधलशेठ रहेतो हतो, तेनी उच्छुप्ता नामनी गोत्रदेवी हती. ते वखते वल्लभीशाखाना श्रीरत्नसिंहसूरि त्यां पधार्या. ते धांधलने त्रण स्त्रीओ हती, परंतु पुत्र नहोतो, त्यारे ते रत्नसिंहसूरिने प्रभाविक जाणी ते धांधल तेमनी सेवा करवा लाग्यो. एक वखते तेणे पोते हुं संतानरहित छुं एम जणावी गुरुने प्रश्न कर्यो. गुरुए कह्युं तमो जो मिथ्यात्वनो त्याग करी जैनधर्म स्वीकारशो, तो जरुर

* गोखरु कांटावाळूं होवाथी कांटीया पण कहेवायछे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तमोने संतान थशे. धांधलशेठ पण गुरुना वचनपर विश्वास लावी मिथ्यात्व तजी जैनधर्मनुं सेवन करवा लाग्यो. त्यारबाद तेनी गोत्रदेवी उच्छुमाए स्वप्नमां धांधलशेठने कहुं के हवे तमोने पुत्र थशे. प्रभाते शेठ पोतानी ते गोत्रदेवीना मंदिरमां ज्यारे आव्या, त्यारे फूलवाळी गोखरुनी एक डाखरी कोइए तेणीना हस्तमां मेलेली दीठी. शेठ ते गोखरुनी डाखरी लइ घेर आव्या. वळी रात्रिए देवीए तेने स्वप्नमां कहुं के तने जे पुत्र थाय. तेनुं गोखरु ( कांटीओ ) नाम पाडजो, तथा आजथी हुं उच्छुमादेवी पण गोखरु नामथी तमारा वंशमां पूजाइश. तेना कर—चैत्री, आसो, महा तथा वैसाखे, तेमज जन्मे, मुंडणे अने परणे त्यारे खीर, लापसी, कुर, मग, वडां, पोळी, पुडला, बाकुला तथा सालणां ( रायतुं ) ए नव वस्तुना निवेद करवां. जमणीनुं कपडुं फइने देवुं. पुत्री जन्मे अर्ध कर करवा. पछी गुरुए ते धांधलशेठना परिवारने ओशवाल ज्ञातिमां मेळवी दीधा. तेना वंशमां सं. ११६५मां थयेला सोमाशेठने शरीरे पित्तनो विकार थवाथी औषध माटे लींबडाना वृक्षनीचे ते लींबोडी वीणवा बेठो, एवामां घणो पवन वावाथी ते लींबडानुं झाड पडवाथी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ते मरण पामी व्यंतर थयो, तथा लींबडानो अधिष्टायक थयो. तेणे तेना पुत्रने स्वप्नमां कह्युं के, हवेथी तमो मारा नामथी पण असाड तथा कार्तक सुद पांचमे दळना लाडवा करी कुटुंब जमजो. त्यारथी ते सोमाना वंशजो लींबडीया ओडकथी प्रसिद्ध थया. संवत १३३८मां सुलतान अलाउदीने रणथंभोरनो नाश करवाथी ते वंशना शेठ भाणा चांपानेरमां आवी वस्या. आ वंशमां अमदावादमां थयेला नगाशेठ सोनानो व्यापार करता होवाथी तेना वंशजो सोनीनी अडकथी ओळखावा लाग्या. केटलाक वर्षोबाद तेमना वंशमाना देवसीशेठ झवेरातनो वेपार करता होवाथी तेना वंशजो झवेरी ओडकवाळा थया.

आ गोत्रना वंशजो अमदावाद, खंभात, त्राणज, सिंधुवास, झांझडी, बीकानेर, जोधपुर, मेडता, नागपुर, पाली नवानगर विगेरे गामोमां वसे छे.

आ वंशमां थयेला संघाशेठे संवत १९२१मां श्रीआदिनाथना बिंबनी अंचलगच्छीय श्रीजयकेसरीसूरिना उपदेशथी प्रतिष्टा करी छे. आ वंशमां थयेला संग्राम सोनीए शत्रुंजयपर चोमुख जिनप्रासाद बंधाव्यो छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हरिया गोत्र—( ओशवाल )

( मुख्य शाखाओ. )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दशा )

( पेटा शाखाओ )

सहसगणा, कक्का, सांड्या, ग्रथलीया, मरुथलीया विगेरे.

( परपेटा शाखाओ )

वीजल, पांचारीया, सरवण, नपाणी, साइया, कपाइया, दिन्नाणी, कोराणी, वकीयाणी, नकीयाणी, पंचायाणी माणकाणी, खेतलाणी, सोमगाणी, सधराणी, कायाणी, हरियाणी, हरगणाणी, पेथडाणी, सायाणी, पेथाणी, आसराणी, अभराणी, ढासरीया विगेरे.

**( आगोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मारवाडमां आवेला झालोर नामना शेहेरपासे लाखणाभालणी गाममां तातोला परपारवंशना दधिचंद्रना पुत्र रणमल्लनो नवो परणेलो पुत्र हरिओ खाटलापर सूतो हतो. त्यारे तेनी स्त्रीने चोटलेथी चडेलो सर्प तेने डंसवाथी ते मृतकनी पेठे मूर्छित थइ पड्यो. तेने मृत्यु पामेलो जाणी स्वजनवर्ग श्मशाने लेइ चाल्या. एवामां अंचलगच्छीय श्रीधर्मघोषसूरिए ते मार्गे आवतां लोकोनो विलापस्वर सांभळ्यो, तथा कोइने पूछवाथी ते हरिया कुमारनी हकीकत जाणी. त्यारे आचार्यश्रीए पोताना शिष्यने मोकली ते मृतकने पाछुं वळाव्युं, तथा हरियाने खाटलापर सुवाडी गुरुए गारुडी मंत्रजाप करवाथी त्यां पांच हजार सर्पो हाजर थया. पछी गुरुनी आज्ञाथी जे सर्प हरियाने डस्यो हतो, ते सर्पे पोतानुं झेर पाछुं चूसी लीधुं, बीजा सर्व सर्पो चाल्या गया. हरीयो कुमार जागृत थइ शुद्धिमां आव्यो, तथा गुरुने पगे पड्यो. त्यारबाद ते रणमल्ल विगेरे सर्व परिवारे गुरुमहाराजना उपदेशथी जैनधर्म अंगीकार कर्यो. सर्प पण गुरुने नमी पोताने स्थानकें गयो. ते रणमल्लनुं पूर्वे तातोला परमार गोत्र हतुं. अने हरीयाना वंशजो हरिया गोत्रथी ओळखाया

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लाग्या. ते हरीयानी मामल नामनी दीकरीने देढीया गोत्रमां परणावी हती, परंतु कर्मयोगे ते बालरंडा थयेली हती. ते आठम, पाखी विगेरे पर्वोने दिवसे पौषध आदिक घणो तप करती. एक दिवसे ते घरमां काउसग्गध्यानमां हती, एवामां घरमां आग लागवाथी कुटुंबे कह्या छतां पण ते बहार निकळी नही, जेथी बळी मृत्यु पामीने ते ऋद्धिवाळी व्यंतरी थइ. तेणीए प्रत्यक्ष थइ कह्युं के हवेथी मारा सासरीयां तथा पीयरीयांए एटले हरिया तथा देढीया गोत्रवाळाओए मने गोत्रजा स्थापवी, हुं तमारो उदय करीश. पछी ते बन्ने गोत्रवाळाओए ते मामलदेवीने पोतानी गोत्रजा करीने स्थापी. तेना कर-जन्मे, मुंडणे, परणे त्यारे सवा पालीनी लापसी, सवा पालीना लाडवा, सवापालीना खाजां, सवा पालीना तलवटनो पींडो, अने सवापालीना बाकुला, तेमज दीवाळीए सवापालीना लाडवा करी गोत्रजा जुहारीयें अवारणीए श्रीफल १ तथा कपडुं एक फइने आपे, तथा अर्ध पालीना लाडवा, अने, पाली एक घउं अथवा चोखा फइने आपे, तथा एक पाली तलनो पिंड करी गोत्रजा जुहारे. आ गोत्रनी सहसगणा, कका, सांइया तथा ब्रथलीया नामनी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चार शाखाओ छे. पछी गुरुए झालोर तथा भिन्नमाल विगेरेनो संघ एकठो करी ते हरीयाना कुटुंबने ओशवाळमां मेळवी दीधा. वळी तेओमां मरुथलीया नामनी पण अडक छे. हरियाए भालपी गाममां श्रीशांतिनाथजीनुं मंदिर तथा एक वाव संवत १२९६मां बंधावी. वळी आ वंशमां वीजल, पांचारीआ, सरवण, नपाणी, साइया, कपाइया, दिन्नाणी, कोराणी, वकीआणी, नकीआणी, पंचायाणी, माणकाणी, खेतलाणी, सोमगाणी, सधराणी, कायाणी, हरियाणी, हरगणाणी, पेथडाणी, सांयाणी, पेथाणी, आसराणी, अमराणी, डासरीया विगेरे अडको छे.

आ गोत्रना वंशजो सेमाणा, आरीखाणा, साभराइ, चांगा, चेला, डमरा, लोंठीया, तोगाची, साभराइ, कपाइया, टींबडी, अमरकोट, हालापर, कोटडी, द्रोणीया, जखरा, बेराजा, हालावीसोतरी, डुमरा, हापा, रायधणझर, खजुरडा, पडाणा, सेलडी, वाहरा, झांझरी, सीण, माटली, ग्रांमडी, सुरानी लुंस, चेहड, झांखर, जोगवड, भावतनी वीसोतरी, वारही कच्छ, सुहडसल, हाथीनी नाडुरी, डबासंग, वीरमनी वीसोतरी, डुमरा, लठेरडी, साभराइ, गोधरा, हापाने गाम, लाजी, चांकी, बिदडा,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गजोडा, देसलपुर, आसंबीया, सुजपर, गजोड, भुज, मूढाटोडा विगेरे गामोमां वसे छे. आ वंशमां घणी स्त्रीओ सती थयेली छे.

आ वंशमां अमरकोटना रहीस आसरशाहे आसरवसही नामनो जिनप्रासाद, तथा एक वाव बंधावी. संवत १७२८मां लठेरडीना रहीस आसरे साभराइ अने डुमरा वच्चे आसराइ तलाव बंधाव्युं.

## देढीया गोत्र—( ओशवाल )

( मुख्य शाखाओ )

वृद्धसज्जनीय (वीसा), लघुसज्जनीय (दशा)

( पेटा शाखाओ. )

करणाणी, डुंगराणी, माणकाणी, नोडाणी, पुनराजाणी, पोमसीआणी, गुणपालाणी, सध्याणी, गागाणी, तेजपालाणी, मेलाणी, राणाणी, देपालाणी, मेघाजलाणी देयाणी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

मारवाडमां आवेला जेसलमेरमां विक्रम संवत १२५५मां देवड नामना चावडा रजपूतने देवेंद्रसिंहसूरिए (पाठांतरे—जयदेवसूरिजीए) अथवा जयसिंहसूरिए प्रतिबोधीने जैनी कर्यो, अने तेथी ते बारव्रतधारी श्रावक थयो, अने तेथी तेने ओशवाळज्ञातिमां मेळवी दीधो. ते देवडना पुत्र झामरे झालोर नगरमां एक लाख सीतेर हजार टंक खरचीने श्रीआदिनाथ प्रभुनो शिखरबद्ध प्रासाद बंधाव्यो, तथा आखा देशमां वस्त्रआदिकनी ल्हाणी करी घणा बंदीओने छोडाव्या. तेनी गोत्रजा मामलदेवी नामे हती. हरीया तथा देढिया आ बन्नेनी गोत्रजाना सरखा कर छे. ते झामरना देढीया नामे पुत्र हता, अने तेथी तेना वंशजो देढीया गोत्रथी प्रसिद्ध थया. आ वंशमां थयेला जेठाणंदशेठ घणाज द्रव्यवान हता, तेमणे शत्रुंजयनो महोटो संघ कहाडी त्यां एकठा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



थयेला जूदा जूदा देशना बावन संघवीओमां अग्रेसर पद लेइ घणुं द्रव्य धर्मकार्योमां खरच्युं आ वंशमां संवत १५९५मां राहुथडमां वसनारा देइआशाहे घणुं द्रव्य खरचीने अनेक धर्मकार्यो कर्यां छे. ते देइयाशाहने मांडल, घडीओ, राजो, डाहीयो, नागइओ अने लाखो नामना छ पुत्रो थया. तेमांथी मांडणनो परिवार डबासंगमां, घडीआनो सोनारडीमां, तथा भाणना गाममां, तथा मांढामां. राजानो कजूरडीए, बालाहीये तथा भुजपुरमां. डाहीआनो देवलीए तथा भडाणे. नागइयानो खंभालीये अने लाखानो वसइमां छे. आ वंशमां करणाणी, डुंगराणी, माणकाणि, नोडाणी, पुनराजाणी, पोमसीयाणी, गुणपालाणी, सध्याणी, गागाणी, तेजपालाणी, सेलाणी, राणाणी, देपालाणी, मेघाजलाणी देयाणी विगेरे घणी ओडको छे. आ वंशनी वृद्धसजनीय ( वीसा ) तथा लघुसजनीय ( दशा ) एम बे शाखाओ पण छे.

आ गोत्रना वंशजो नानी मोटी खाखर, फरादीया, बीदडा, तणुआणा, बारोही, वीसोतरी, कुंदरडी देदानी, छसरा, भाडीया, गुंदारा, डबासंग, तिथ ( वागड ), चंगा, भद्वाणा, रासंगपुर, साभराइ, आरिखाणा, मेमाणा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धुणीया, पीपरीआ, लठेरडी, वालाहीओ, सोनारडी, लुअडी, मोराला, मुंद्रा, लाखापुर, रताडीआ, भुजपर, भाडीआ, आसंबीआ, काराघोघा, वाडा, पुनडी, गेलडा, वडाला, देवाने गाम, गजणने बेराजे, गुंदाला, केहरनी-नाडुरी, जेहाने गाम, सेरडी, मांढा, राफुदड, माटली, छीकारी, सीहण, कजुरडा, सुरानी लुंस, निमरा, देवरीया, घेरसलनी नांडुरी, वागडना वीदडा, कोडाय, वागडे सइ, वागडे वसही तथा रायणखुडी विगेरे गामोमां वसे छे.

आ वंशमां खाखरमां माणकाणीना वंशमां थयेला संघवी मीमणशेठे सं. १४४१मां शत्रुंजय तथा गोडी पार्श्व-नाथनो संघ कहाडी घणुं द्रव्य खरच्युं छे, तथा मसिणना पुत्र माणकथी माणकाणी ओडक निकळी छे. छसरामां थयेला राणाशेठे संघ कहाडी शत्रुंजयनी जात्रा करी, तथा गोडीपार्श्वनाथनी जात्रा करी, घेर आवी देशतेडुं करी ल्हाणी करी घणुं द्रव्य खरच्युं, तेना वंशजो राणाणी ओडकवाळा छे. संवत १६७५मां डबासंगना रहीस महीयाना पुत्र काथड आदिक चारे भाइओए शत्रुंजयनी यात्रा कुटुंब सहित करी घणुं द्रव्य खरच्युं, तथा उजमणुं करी गामथी उत्तर दिशाए एक वाव बंधावी. वराहीमां थयेला

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मेल्हाणी ओडकना सहजाशाहे कीडाणामां नकटीने कांठे वाव बंधावी छे, तथा सात जमणवार करी. संवत १७४५मां भोरालामां थयेला भोणा विगेरे त्रण भाइओए पोतानी भारी मातानी शिखरबंध देरी करी देशतेडुं करी बसो मण घृतनुं खरच कर्युं, तथा संघ कहाडी शत्रुंजयनी यात्रा करी. देसलपुरमां थयेला देवने त्यां उपाश्रय कराव्यो छे. संवत १७६८मां देसलपुरमां जेताशाहे शत्रुंजयनी यात्रा करी घेर आवी वाव बंधावी छे. भुजपरमां सागरना पुत्रो जगा तथा कालाए देशतेडुं करी, सज्जनसारणा करी वाव बंधावीने, तथा यात्रा करी घणुं द्रव्य धर्मकार्योमां खरच्युं. संवत १७६४मां भुजपरमां लुंभाना पुत्र रणमल्ले धर्मकार्योमां घणुं धन खरची देशतेडुं कर्युं हतुं, तेमां तेणे सातसो मण घृत वापर्युं हतुं, तथा ते रणमल्लने कच्छना राओ श्रीदेसलजी तरफथी घणुं सन्मान मळ्युं हतुं. सं. १६४५मां गजणना वेराजामां वसनारा मांगीयाथी लघुसजनीयनी (दशानी) शाखा निकळी छे. सं. १६४७मां भोजाए बलाहीयाथी माडीनी वाटे भोजावाव बंधावी छे. संवत १७३७मां देवन तथा सोजाए लुअडीमां मेलो करी घणुं द्रव्य धर्मादामां खरच्युं. संवत १६७४मां भणाना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रहीस हरराजे धर्म मार्गमां घणुं द्रव्य खर्च्युं. आ वंशना मांडा, चंगाआदिक गामोमां घणा माणसो लघुसजनीय ( दशा ) थयेला छे. तेमज आ वंशनी घणी स्त्रीओ पोताना भर्तार अथवा पुत्रसाथे चितामां बळीने सतीओ थयेली छे.

---

## बोरीचा गोत्र—( ओशवाल )

( मुख्य शाखाओ. )

वृद्धसजनीय ( वीसा ), लघुसजनीय ( दशा )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावळी) मगावो. कि. रु. ४—०—० )

विक्रम संवत १२२६मां नगरपारकारना रहेवासी उदेपाल क्षत्रीयने पुण्यतिलकसूरिए प्रतिबोधी जैनी कर्या. तेनी गोत्रजा अंबिका देवी छे. तेना कर—माहा, चैत्र, वैसाक, तथा कार्तिकनी पुनमे खीच, पुडला तथा घृत शेर सवाथी गोत्रजा जुहारे, तथा जमणीनुं कपडुं गज सवा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अने श्रीफल एक फइने आपे. पुत्रना जन्मे, मुंडणे तथा परणे त्यारे चार माणानी लापसी तथा घृत शेर सवा-त्रणनुं निवेद करी गोत्रजा जुहारे, पुत्री जन्मे तो तेथी अर्ध कर करे. नवी साडी पहेरे त्यारे नणंदने कापडुं आपे.

आ गोत्रना वंशजो नगरपारकर, तेजपुर, तरघरी, राणपुर, मजोठ, अमरकोट, मालीया, फला, कर्णपुर, देपाहाठी, बेड, खावडी, हाथीनी नांडुरी, खडबा, रामनी नांडुरी. कानसेर, वडोजा, वणसोल, गेहडी, उटवाह, सेधल, मालीया, बतहोठा, खाखरेची, थल, मुलीपासे राण पुर, सिहपुर, चोटीला, जसदण, खंभात, सरवा, सिद्धसर, हलवद, चिंडास, सुरत, दाणावाड, लखतर, हडाली, दसाडा, वणाहि, लीलापुर, मोरबी, चाचवाडी, गुजडी, आमरण, सरधार, पंचासी, झोझु, वगथल, भोराला विगेरे गामोमां वसे छे.

आ वंशमां पण देकावाडाना रहीस जगराजथी लघुसजनीयनी (दशानी) शाखा निकळी छे. अने तेना वंशजो जमला नागने पूजी तेना कर करे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## स्याल गोत्र–( ओशवाल )

( पेटा शाखाओ )

सायलेचावहोरा, स्याल, सचीया, सांड.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )**

विक्रम संवत १२५८मां पूर्वदेशमां आवेला कांति नामना नगरमां दहिया रजपुत जातिना खेमराज अने हेमराज नामे बे भाइओ हता. तेओमांथी हेमराज ते नगरनो राजा थयो. अने खेमराजे झालोरमां आवी त्यांना राजा कान्हडदेनी मेहेरबानीथी सायलाआदिक अडतालीस गामो मेळव्यां. तेना वंशमां सायलामां रुपचंदना पुत्र सामतसिंहने रात्रिए सर्प करड्यो, जेथी ते मूर्छित थइ बेभान थयो. तेने मृत्यु पामेलो जाणी अग्निदाह माटे लेइ जता हता, एवामां अंचलगच्छीय भट्टारक श्रीजयकेसरीसूरि सामा मळ्या, तेमने ते हकी-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कत जणावतां मंत्र प्रयोगथी गुरुए तेने साजो कर्यो. पछी रुपचंदे पोताना ताबाना चार गामो गुरुने आपवा मांड्यां, पण निस्पृही गुरुए ते न लेतां तेमने जैनधर्म स्वीकारवा कहुं, तेओए पण खुशी थइ कुटुंबसहित जैन धर्म स्वीकार्यो. तेओ सायलाना ठाकोर होवाथी ते सामतसिंहना वंशजो स्याल गोत्रथी प्रसिद्ध थया. गुरुए तेमने ओशवाळ ज्ञातिमां मेळवी दीधा. त्यांथी तेना वंशजो कुंभलमेरमां जइ वस्या. तेमना वंशमां महिपाशेठ महाभाग्यशाली अने धनवंत थया, तथा तेमणे त्यां विशाल जिनप्रासाद बंधाव्यो. आ वंशनी नीचे मुजब चार ओडको थइ. सायलेचा वहोरा, स्याल, सचीया अने सांड. आ वंशमां सुदेसर क्षेत्रपालनुं वडांनुं निवेद करे छे. तथा आगासी नामनी त्रोत्रजा पूजे छे.

आ गोत्रना वंशजो खेरवा, खुड, वगडी, पाली, गुजवची, अठाणा, हिंगोल, पीलवणी, सोमेसर, नाडोल, पनोती, देसुरी, पदमसरनागूढा, तलाव, गुढल, खीपाडा, खोड, सोजत, मेवला, सोजतपासे रहनडी, सादरी, मेवाडे पलासला, धांमली, भिलसावावडी विगेरे गामोमां वसे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संवत १५७४मां महा वदी १३से आ वंशमां ठाकुरना पुत्र खरहथ तथा खीमाए श्रीआदिनाथनुं बिंब रणधीरना पुन्य माटे भराव्युं, अने तेनी श्रीभावसागरसूरिजीए प्रतिष्ठा करी. संवत १६८७मां खेरवामां थयेला ईश्वरशेठे द्रव्य खरचीने घणां पुन्यकार्यों कर्यां छे.

## महाजनी गोत्र—( श्रीमाली )

( पेटा शाखा )

नात्रेचा, जेसलमेरा, पारकरा.

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

विक्रम सं. १३८२मां बाहडमेरमां परमार वंशना डांगर शाखाना समरथ नामना रजपुतने श्रीजयानंदसूरीए प्रतिबोधी जैनी कर्या. तेनी अंबाइदेवी गोत्रजा स्थापी. तेना कर—जन्मे, मुंडणे परणे त्यारे एक सेइना बाटनी लापसी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



करी जुहारे. दीवाळीए एक माणानुं घउनुं दळ करी जुहारे.

आ गोत्रना वंशजो धवा, सुआद्र, गुढला, कुपाउत्त, माडणनी वसही, सुआद्रि, खांडप, वीसलपुर डेडरा, सिणाधरी, चडद्रह, गोधावी, बाहडमेर, पारकरमां सुरला, पोटोधी, काच, कच्छमां लोद्राणी, माद्रेसी, वीलाडा, विशाल, मेहवेची, कइरी, विगेरे गामोमां वसे छे.

आ वंशमां सामंतना वंशना महाजनो नात्रेची नामनी गोत्रजाने माने छे, ते देवीनुं स्थान छेवटणपासे नाथरा गाममां छे. प्रथम ते नात्रेची नामनी जोगणी हती, ते सामंत मोहोताने घेर भिक्षा मागवा आवी, ते वखते घरमां कोइ न होवाथी तेणीए ते सामंतना बाळक छोकराने मारी आभूषण उतारी लीधुं. तेनी खबर पडवाथी ते नात्रेचीने पकडीने हाटमां पूरी, त्यां मरीने ते व्यंतरी थइ. सामंतना कुटुंबने पीडवा लागी, अने कहेवा लागी के मने गोत्रजा करी स्थापो, तो हुं तमोने सहाय करीश, पछी तेने गोत्रजा करी स्थापी. अने तेना वंशजो नात्रेचा कहेवावा लाग्या. तेना कर—जन्मे मुंडणे परणे त्यारे तथा होळी अने दीवाळीए एक पाली घउंनी लापसी, श्रीफल एक, पडाइ एक तथा एक पालीनी घुघरी तथा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



छकडी एक मूकी जुहारे. सामंतना पुत्र पूदाके संवत १४६८ मां श्रीशीतलनाथजीनुं तथा पंचतीर्थना बिंब भराव्यां, तथा तेनी श्रीअंचलगच्छीय श्रीमेरुतुंगसूरिजीए प्रतिष्टा करी. आ वंशमां पारकरा, जेसलमेरा विगेरे ओडको छे. जेसलमेरा परणे त्यारे डमराना फूल तथा तेलथी खेत्रपालने पण पूजे छे.

## महुडीया गोत्र—(श्रीमाली)

(पेटा शाखा)

भंडारी, गांधी.

(आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया? ते जाणवा माटे आ गोत्रनो आखो (वंशावली) मगावो. कि. रु. ४—०—०)

विक्रम संवत ७९८ मां भिन्नमाल नगरमां काश्यपगोत्री शिवदास नामे श्रीमालज्ञातिनो त्रण क्रोडनो व्य-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वहारी दक्षिणनी पोळे चंडीश्वरना प्रासाद सामे वसतो हतो. तेनी गोत्रजा खिमजादेवी हती. तेना कर—आसु तथा चैत्रनी आठमे, तथा जन्मे, परणे अने जडवासे पुरसेइना लाडु करे, अथवा त्रणशेर घीनी मात्रा करी जुहारे. कपडुं एक फइने आपे. पुत्रीना जन्मे एक माणानी लापसी करे. संवत ११११ मां भिन्नमालनो नाश थवाथी तेना वंशना समरथ शेठ त्यांथी नाशी रत्नपुरमां जइ वस्या, अने त्यांना ठाकोर वीरमदेवना भंडारी थया. सं. १२२३ मां तेना वंशमां भंडारी गोदा महेसरी धर्म पाळता हता. एवामां त्यां अंचलगच्छाधीश श्रीजयसिंहसूरि चतुर्मास रह्या. ते वखते श्रीचक्रेश्वरीदेवी तथा महाकाली देवी स्त्रीओनुं रूप करी तेमना व्याख्यानमां आवती. एवी रीतना गुरुना अतिशय देखी ते गोदामेहसरी प्रतिबोध पामी जैनी थया. तेणे तेमना उपदेशथी शत्रुंजय अने गिरनारनो संघ कहाड्यो, तथा घणा शेहेरोमां ल्हाणी करी सवालाख द्रव्य खरच्युं, अने संघवीनी पदवी मेळवी. तेना वंशजो मडुडीमां वस्या, अने तेथी मडुडीया नामथी प्रसिद्ध थया. त्यां नोडाशेठे जिनमंदिर बंधाव्युं. नोडाशेठना पुत्र सोमानी वहुनी अघरणी होवाथी ते खोळो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भरी आवती हती, एवामां वरसाद वरसवाथी ते काद-वमां लपसीपडी मरण पामी, तथा व्यंतरी थइ. पछी तेणीए प्रगट थइ कह्युं के तमारा वंशमां हवेथी अघरणी करवी नही, जेथी आ वंशमां संवत १२६३थी अघरणीनो खोळो भरता नथी.

आ गोत्रना वंशजो जोधपुर पासे सीलवइ, गुदाउ, सुरांण, मीलासण, सीवाह, लुणाद्री, जोडवाडा, रेवतड, चाटवाडा, माडुइ, सीवाड, कोडीम, भिन्नमाल, धानस, काविन्न, पोसाण, अम्दावाद खानपुरवाडे, पाटण, नुहरि, राणपुर, डभोइ विगेरे गामोमां वस्या.

आ वंशमां डभोइमां वसनारा वर्धमान शेठथी सं. १२८९ मां गांधीनी ओडक थइ छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## सोनगिरा गोत्र–( ओशवाल बहुआण गोत्रनी शाखा )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया? ते जाणवामाटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )

आ गोत्रमां सिंवाणी नामनी देवीने जुहारे छे. तेना कर—पुत्र जन्मे त्यारे नव पासेरनी गोळनी लापसी करे. पुत्र परणे त्यारे वहुना पीयरथी आठ गजनो चंद्रवो चडे. नव गजनी पिडाइ गोत्रजाने चडे. मोकाना परिवारवाळा जलहेरी देवीने जुहारे छे. तेओ भाद्रवा तथा महासुदी चौदसे अढी पासेरनी घी गोळनी लापसी करीने जुहारे छे. जन्मे अने परणे त्यारे आठ गजनो चंद्रवो तथा एक गजनी पीडाइ, अने एक श्रीफलथी जुहारे छे. वळी सोनाणाना क्षेत्रपालने पण अघोशेर तेलना वडां, एक पालीना बाकुला तथा एक पालीना तलवट, एक गजनी पीडाइ, तथा एक श्रीफलथी जुहारे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ गोत्रना वंशजो सांडेरा, झालानी सादडी, घाघोरा, बोइ, पावा, नाकली, पाचेटी, चित्तोड विगेरे गामोमां वसे छे.

## केसवाणेचा गोत्र–

( पेटा शाखाओ )

सदाणी, मुंडाडेचा.

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )**

आ गोत्रना वंशजो झीलवाडा, खिंदारा रोझडा, मुंडाडा, नंदाणा, बूसी, कोट, चाणुद्र, सांडेरा, नासी, आकुडा, रतलाम, चंदाण, सादरीपासे राजपुर, आसरी, वस्तु, खीमेल, भणीयारी, बालाइ, पाली, नांडलाइ विगेरे गामोमां वसे छे.

आ गोत्रना वंशजो सदा नामना पूर्वजने शेर घी गोळना निवेदथी पूजे छे. तथा आ वंशना मुंडाडेचा नामनी ओडक छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## सीसोदीया गोत्र—( ओशवाल )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४—०—० )

आ गोत्रनी अंबावि गोत्रजा छे, तथा ते साथे तेओना पूर्वज जिंदो पूजाय छे. तेना कर—अंधारी अजवाळी दशमे दहीं दूध वापरी नाखे, मागसर सुद दशमे गोत्रीओ एकठा थइ जमे त्यारे तथा जन्मे, परणे सवा शेर घी गोळना निवेदथी जुहारे. सीमाडाना क्षेत्रपालने सवाशेर तेल तथा एक टांक सींदूर चडावे, तथा अढी पासेर घी गोळनुं निवेद चडावे. जिंदा पूर्वजमाटे पीपले एक बहेडुं अने एक लोटो पाणी दश दिवस सुधी रेडे.

आ गोत्रना वंशजो खंडाड, दादावसही, वझेवड, खीमेल, सींदु, सिंचाडी, नांडलाइ, रोहडवल, चवरडा, संघाडा विगेरे गामोमां वसे छे.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## निघ्घुया गोत्र-( पोरवाड )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४-०-० )

आ गोत्रनी अंबिकादेवी गोत्रजा छे. ते साथे कोरटानो क्षेत्रपाल पण पूजाय छे. तेना कर-जन्मे, परणे सवाशेर घीनुं निवेद करे, तथा अढीपासेर तेल अने सवाटांक सिंदूरथी क्षेत्रपालने पूजे. नवुं धान्य आवे त्यारे एक पाली जवारना बाकळा तथा एक पालीना तलवट करे.

आ गोत्रना वंशजो नांडलाइ, बहेडा, बीजापुर, विगेरे गामोमां वसे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# काश्यप गोत्र ( प्राग्वाट )–( पोरवाड )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गाममां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो. कि. रु. ४–०–० )

विक्रम संवत ७९५ मां श्री भिनमाल नगरमां प्रग्वाट ज्ञातिनो वृद्धसजनीय शाखानो नरसिंह नामे काश्यपगोत्री बार क्रोडनो व्यवहारी शेठ गढनी अंदर रहेतो हतो. तेना घरपासे कालिकादेवीनो प्रासाद हतो. एक दिवसे ते नरसिंह शेठे ते कालिकाना प्रासादमां बेसीने हजामत करावी. तेथी ते देवीए कोपायमान थइ तेने कुष्टी कर्यो. पछी जेम जेम ते पोताना रोगनी चिकित्सा करे, तेम तेम ते रोग वृद्धि पामवा लाग्यो. एवामां शंखेश्वर गच्छना नायक श्रीउदयप्रभसूरि त्यां पधार्या, तेमने प्रभाविक जाणी ते शेठे पोतानो ते रोग मटवामाटे उपाय सूचववानी विनंति करी. पछी गुरुए

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



देवीनुं आराधन करी संतुष्ट करी, जेथी तेणीए ते नरसिंहशेठने रोगरहित कर्या. अने त्यारथी ते नरसिंहशेठे जैनधर्म स्वीकार्यो. तेनी गोत्रजा अंबिका, तेना कर-दर वर्षे चैत्री, आसु, बलेव तथा माहीपूर्णिमाए घृत शेर दशना मीठा पुडला, करंबो, घारडां, बाकुला तथा चोळा चोखानुं निवेद करी जुहारे, फइने आठ फदीयां श्रीफल चार, घउं अथवा चोखा माणा चार, अने जमणीनुं कपडुं आपे. जन्मे, मुंडणे, निशालग्रहणे तथा पाणिग्रहणे पण तेज कर छे. अथवा टुंकामां सवाशेर घीनी पुडला विगेरे वस्तुओ करी गोत्रजा जुहारे. गोत्रजा चार भुजावाळी सुवर्णनी होय छे, ते हाजर न होय तो पाटलापर कंकुनी लींटी करी पूर्व अथवा उत्तरसन्मुख बेसी जुहारे. ते नरसिंह शेठनो पुत्र नानग कर्मयोगे द्रव्यहीन थवाथी तथा गोत्रजा देवीए स्वप्नमां आवी कहेवाथी गुजरातमां गांभु नगरमां आवी वस्यो. त्यां भूमि खोदतां निधान मळवाथी ते कोटीश्वर थयो. एवामां संवत ८०२ मां वनराज चावडाए अणहिल्लपुर पाटण वसाव्युं, अने ते नानग शेठने दंडनायकनी पदवी आपी. ते नानगना पुत्र लहिरने वनराजे हाथीओनी खरीदीमाटे सिंहलद्वीपे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मोकल्यो, त्यांथी ते सातसो हाथी खरीदी लाव्यो, जेथी वनराजे खुशी थइने सांडथलुआदिक चोवीस गामो तेने बक्षीस आप्यां. ते लहिर शेठे पोतानी माताना नामथी नारंगपुर नामे गाम वसाव्युं, तथा त्यां शंखेश्वरगच्छीय श्री धर्मचंद्रसूरिजीना उपदेशथी संवत ८३६ मां तेणे श्री पार्श्वनाथजीनुं जिनमंदिर बंधाव्युं. तेना वंशमां केटलीक पहेडीओ गयाबाद वीरचंद शेठनी बीजी स्त्री वीरमतीने स्वप्नमां देवता पासेथी कमल मळ्यां, अने ते कमलोवडे तेणीए श्रीविमलनाथ प्रभुने पूज्या. त्यारबाद तेणीए केटलेक महीने एक उत्तम लक्षणवाळा पुत्रने जन्म आप्यो, अने शेठ वीरचंद मंत्रीए स्वप्नने अनुसारे तेनुं विमल नाम पाड्युं. पछी ज्यारे ते सात वर्षनो थयो, त्यारे वीरमंत्रीश्वरे पोतानुं आयु फक्त छ मासनुं जाणी पाटणना राजानी आज्ञा लेइ संघसहित शत्रुंजय गया, तथा त्यां घणुं द्रव्य धर्मकार्योमां खरची संथारादीक्षा लेई स्वर्गे गया, अने तेना पेहेली स्त्रीना वडा पुत्र दशरथ संघ लेइ घेर आव्या, हवे ते विमलना माता त्यां कुटुंबमां क्लेश थवानी शंकाथी पोतानी बेहन तथा विमलने लेइने वागडमां आवेला पोताना गेहडी नामना गाममां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आव्या त्यां ते विमलनो मामो खेती करे छे, अने विमल तेना ढोर चारे छे. एवी रीते अनुक्रमे विमल त्यां शोळ वर्षनो थयो. ते जे वनमां ढोर चारतो हतो, त्यां अंबामातानुं मंदिर हतुं. तेणीए एक वखते ते विमलनी परीक्षा माटे सुंदर स्त्रीनुं रूप करी भोग माटे प्रार्थना करी, परंतु विमल जरा पण चलायमान न थयो. त्यारे तेणीए प्रसन्न थइ तेने निधान देखाड्युं, तथा पांच गाउ सुधी जाय एवी बाणकला दीधी, अश्वलक्षणनुं ज्ञान आप्युं, स्त्रीपुरुषना लक्षणनुं ज्ञान आप्युं, अने अद्भुत अक्षरकला आपी, तथा हमेशां सान्निध्य करवानुं वचन आप्युं. पछी अनुक्रमे तेना लग्न थयाबाद ते गुजरातना राजा भीमनो मंत्री (सेनापति) थयो, त्यारबाद ते राजा साथे घणे काळे अणबनाव थतां ते चंद्रावतीमां आवी वस्यो, अने बार राजाओने जीती ते त्यांनो राजा थयो. पछी आबुपर्वतपर तेणे अपार द्रव्य खरचीने श्रीआदिनाथजीनो अद्भुत प्रासाद बंधाव्यो, अने त्यां अढारभार सुवर्णमिश्रित प्रभुनी प्रतिमा स्थापी, अने तेनी प्रतिष्ठा वडभीय शाखाना श्री सोमप्रभसूरिजीए करी, आ विमलमंत्रीश्वरे आरासणा, कुंभारीयाआदिक गामोमां घणां अद्भुत जिनमंदिरो बं-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धाव्यां छे. * आ विमलमंत्रीने पुत्र नहोतो, परंतु तेना ओरमान भाइ दशरथना पुत्रो नेढा अने वेढा पाटणना राजा कर्णना मंत्रीओ थया. तेओए आरासण चंद्रावती आदिकमां घणां जिनमंदिरो बंधाव्यां, अने जैन धर्मनो महिमा वधार्यो, तेओए वळी विमलवसही पासे ( आबुपरना विमलशाहना देहरां पासे ) हस्तिशाला करावी तेमां दश हस्तीओ कराव्या, तथा ते पर विमलना मातापिताआदिक दश पूर्वजोनी मूर्तिओ स्थापन करी, तथा घोडापर विमलनी मूर्ति करावीने बेसाडी, कालांतरे मरकी आदिकना उपद्रवथी चंद्रावती नगरी उज्जड थइ.

---

* विमलमंत्रिनुं विशेष वृत्तांत तेना चरित्र तथा रासपरथी जाणी लेवुं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## मांडलकोटा गोत्र—( पोरवाड )

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो कि. रु. ४—०—० )

आ गोत्रमां जन्मे, परणे त्यारे वरकाणा पार्श्वनाथजीनी स्नात्र भणावे.

आ गोत्रना वंशजो नांडलाइ, बाहडवसही तथा सांडेरा विगेरे गामोमां वसे छे.

———:०:———

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# काला परमार गोत्र-( ओशवाल )

## ( पेटा शाखा )

आसादीया, बुरड, रायपुरीया,

**( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो कि. रु. ४-०-० )**

आ गोत्रना वंशजो नागोर, नाडलाइ, रायपुर, थोभडा, बीकानेर, पालणपुर, नागपुर, राधनपुर, चित्तोड विगेरे गामोमां रहे छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# लालण गोत्र—( ओशवाल )

( पेटा शाखा )

पारेचा,

( आ गोत्रमां तथा तेनी शाखाओमां कया कया गामोमां कोण कोण पुरुषो थया ? ते जाणवा माटे आ गोत्रनो आंबो (वंशावली) मगावो कि. रु. ५—०—० )

विक्रम संवत ७११ मां झालोर नगरमां सोनगीरा सोढा वंशना कान्हडदे नामना सोलंकी रजपूत राज्य करता हता, ते वखते त्यां पधारेला स्वाति आचार्यनो उपदेश सांभळी पोताना पुत्र रायधन सहित कान्हडदे बार व्रतधारी श्रावक थया, तथा तेमणे झालोरमां चंद्रप्रभ स्वामिनुं जिनमंदिर बंधाव्युं. त्यारबाद तेमनी प्रथमनी सचावदेवी नामनी कुलदेवी पोताने पाडाआदिक जीवोनुं बलिदान न मळवाथी तेमना कुटुंबने पीडा करवा लागी त्यारे गुरुमहाराजे चक्रेश्वरी देवीनुं आराधन करी ते सचावदेवीने सम्यक्त्वधारी करी, अने जीववधनुं बलिदान

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बंध कर्युं. तेमना वंशमां केटलीक पहेडीओ गयाबाद तेना वंशजो पाछळथी जैनधर्म छोडीने पाछा मिथ्यात्वी थइ गया. विक्रम संवत ११७३मां तेमना वंशमां पारकरमां आवेला पीलुडा गाममां रावजी नामे ठाकोर थया. तेमनी स्त्री रूपादेवीनी कुक्षिए लालण तथा लखधीर नामना बे पुत्रोनो जन्म थयो. तेमाना लालणने शरीरे कोढनो रोग थयो. एवामां अंचलगच्छाधीश श्रीजयसिंहसूरि त्यां पधार्या. रावजीनो कारभारी देवसी नामनो ओशवाळ परमजैनी हतो. तेणे रावजीठाकोरना कहेवाथी लालणनो कोढ मटाडवा माटे श्रीजयसिंहसूरिजीने कोइक उपाय सूचववानी विनंती करी. ते प्रभाविक आचार्यश्रीए भाविलाभ जाणीने जैनधर्मनी उन्नति माटे तेमनी पासे महाकालीनुं आराधन करावी तेनो ते रोग दूर कर्यो. त्यारपछी लालणे पोताना मातपिता सहित विक्रम संवत १२२९मां मिथ्यात्वनो त्याग करी जैनधर्म स्वीकार्यो, अने पोतानी गोत्रदेवी तरीके महाकाली ( अंबाइ ) देवीनो स्वीकार करी तेनुं स्थापन कर्युं, तथा पीलुडामां आचार्यश्रीना उपदेशथी श्रीशांतिनाथजीनी देरी करावी. तेना बीजा भाइ लखधीरे जैनधर्म स्वीकार्यो नही. आचार्यश्रीए लालणने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेना मातापिता सहित देवसीनी सहायथी ओशवालज्ञातिमां मेळवी दीधा. छेवट लालणने पिताना कारज वखते भाइओ साथे तकरार थवाथी ते रीसाइने पोतानी माता तथा कुटुंबसहित कच्छमां आवेला डोण गाममां पोताने मोशाळ आव्या, तथा तेमना मामाने संतान न होवाथी पोतानो सघळो गरास तेमणे लालणने आप्यो. त्यां लालणे पोतानी माता रुपांदेना स्वर्गगमनबाद तेमना अग्निदाहने स्थानके तेमनी मूर्तिसहित देरी बंधावी, तथा पाछळथी तेमना वगारखरा वंशजो पण पोतपोतानी मातानी देरीओ त्यांज बंधावता गया, जे हालमां ते आइयुंना स्थान तरीके ओळखाय छे, लालणना वंशजोनी वरकन्यानी छेडाछेडी हाल पण त्यांज छूटे छे. त्यारबाद एक दिवसे पोतानी गोत्रजा स्थापवाना हेतुथी लालणे महाकाली देवीनुं अठमना तपपूर्वक आराधन कर्युं, त्यारे ते देवी पोतानुं भयंकर विकाळ रूप करीने महिषना आसनपर स्वारी करीने प्रत्यक्ष थइ, तेमनुं शस्त्रधारी विकाळ रूप जोइ लालण भय पामीने त्रण पगलां पाछा हठी गया एवी रीते पोताना सेवकने भयभीत थयेला जाणीने ते देवीए पोतानुं ते भयंकर स्वरूप संहरीने अतिशय शांत

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा मनोहर एवुं कमलासन लक्ष्मीदेवीनुं स्वरूप कर्युं. त्यारे लालणे पण भयरहित थइ तेमनी स्तुति करी, अने मागणी करी के हवेथी तमो मारा वंशजोनी कुलदेवी थजो, तथा मारा वंशजोने सर्व प्रकारनो वैभव आपवामां सहाय करजो, देवीए कहुं के, हे वत्स! प्रथम तुं मारा भयंकर स्वरूपथी डरीने त्रण पगलां पाछळ हठी गयो, तेथी हुं तारा वंशजोमां त्रीजी पहेडीए लक्ष्मीरूपे सहाय करीश, तथा मारुं आराधन करनारने हुं तुष्टमान थइश, तथा तारा वंशजोनी शाखाओ आंबाना वृक्षनीपेठे विस्तार पामशे. एटलुं कही ते देवी अदृश्य थयां. एवी रीते विक्रम संवत १२२९मां लालणे लक्ष्मीदेवीनुं ( अंबाइमातानुं ) स्वरूप धारण करनारी एवी ते महाकाली देवीने पोतानी गोत्रजा तरीके स्थापी, अने त्यारथी तेना वंशजो "लालण" नामथी प्रसिद्ध थया. एवी रीते आ लालण वंशना स्थापनारा ते लालण शेठ श्रीजयसिंहसूरिना उपदेशथी बार व्रतधारी शुद्ध श्रावक थया.

मूळ रजपुत वखतनी गोत्रजा सचावदेवीनुं स्थान झालोरमां छे. तथा बीजुं स्थान भिन्नमाल नगरमां खीमजा डुंगरीपर गाजणाहुंके छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जैनी थया पछी गोत्रजा देवी महाकालीनुं स्थान पावागढ उपर छे, तथा अंबाइ मातानुं स्थान गिरनार पर छे. कर—जन्मे, मुंडणे, परणे पारकर देशनी १८ पाली घउंनो दल करी तेना मोदक कुटुंबमां लाववा, फइने श्रीफल एक तथा कपडुं गज एक देवुं. भेंसने पाडी आवे त्यारे बे पालीनी लापसीनुं निवेद करवुं, पाडो आवे, अथवा गाय वीआय त्यारे पाली एकनुं निवेद करवुं. कांकण छोडे त्यारे घउं टोकडीया आठ, खांड शेर बे अने घृत शेर बेनुं मगद करवुं, तथा श्रीफल एक अने जमणीनुं कपडुं गज एक ए प्रमाणे नवो कर छे.

कुकडेसरवाळा खेत्रपाळनो कर—पडसुदी शेर सात, खांड शेर सातनुं घृतमांहें मगद करवुं, श्रीफल एक वधारवुं; जमणी गज एक अने तेल शेर पांच खेत्रपाळने चडाववुं.

जुनो कर—परणे, मुंडणे, जन्मे पोणी सइना मगद, श्रीफल एक तथा जमणी गज एक घृत शेर एक तथा तेल शेर अरधथी पावागढवाळी गोत्रजा जुहारवी.

आ लालण गोत्रना वंशजो मुंद्रा, नवानगर, अंजार, नगरपारकर, हाला, भुज, अमरकोट, कोठारा, मोथइ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सिद्धपुर ( सिंध ), जेसलमेर, वडोद्रा ( सोरठ ), मांडवी, लुअडी ( पारकर ), मलसारण, राडद्रहा, बाटा, टाकी, कोटडोया, पंचालीया, राधनपुर, मीयाणी, सुराचंदे, भादरेसा, नसरपुर, लोद्राणी, महेवेची, केरवाडा, सेओ, बाडमेर. साचोरा, कोटडा, वीरावाव, रामनीओ, पीलुडा तथा आधी विगेरे गामोमां वसे छे.

आ लालणना वंशमां नगरपारकरमां थयेला वेलाजीना पुत्र वरजांग तथा जेसाजीए पाखीने दिवसे आठ पहोरनो पोसह कर्यो हतो, ते दिवसे संध्याकाळे लक्ष्मीदेवी स्त्रीनुं रूप करीने तथा श्वेत वस्त्र पहेरीने तेने घेर आवी, तथा जेसाजीनी स्त्रीने कहुं के मने रातवासो रहेवाने स्थान आपो, जेसाजीनी स्त्रीए घणा आदरमानपूर्वक तेणीना पण थोड घरमां बिछानापर सुवाडी, प्रभाते जेसाजी पोसह पारी घेर आव्या, पछी देवपूजा तथा गुरुभक्ति करीने पारणुं करवा बेठा, त्यारे तेनी स्त्रीए कहुं के आपणे त्यां रात्रे प्राहुणी स्त्री आव्यां छे, ते हजु उठ्यां नथी, माटे तेने पण उठाडीने जमवा बेसाडीयें. जेसाजीए कहुं कोण स्त्री आवी छे? अने ते क्यां छे? त्यारे तेणीए रात्रिनो वृत्तांत कह्यो. शेठे कहुं त्यारे तो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेने उठाडीने तुरत जमवा बेसाडो, त्यारे जे ओरडामां तेणीने सुवाडी हती, ते उघाडी जोयुं तो त्यां कोइ पण स्त्री नजरे पडी नही, अने तेथी सर्वने आश्चर्य थयुं. पछी रात्रिए जेसाने स्वप्नमां आवी लक्ष्मीदेवीए कह्युं के तारा पुण्यथी खेंचाइने हुं आजथी तारे घेर रही छुं, तारी स्त्रीए मने घणुं आदरमान दीधुं छे. पछी ते जेसाजीना घरमां घणुं द्रव्य थयुं, अने तेथी तेणे गुजरातमां आवी पाटण, अमदावाद, खंभात तथा वीरमगाम आदिक आखा गुजरातमां, तथा चित्तोड नागोर, जोधपुर, सीरोही, नाडलाइ, जेसलमेर, बाडमेर, कोटडा, अमरकोट, पारकर, साचोर, भिन्नमाल विगेरे मारवाड तथा मेवाडमां सर्व जगोए संघमां खांडनी तथा त्यां त्यांना सिकाओनी लाणी करी, अने अमरकोटमां शिखरबंध जैनमंदिर बंधाव्युं, तथा चतुर्विध संघनी घणी भक्ति करी. एवी रीते ते जेसाजी अंचलगच्छमां घणाज प्रभाविक श्रावक थया छे, वळी तेणे पीलुडामां पण जिनमंदिर बंधाव्युं, अने "जेसो जगदातार" एवुं बिरुद धराव्युं.

विक्रम संवत १५८७मां फागण सुद ८मे पीलुडा गाममां आ वंशमां थयेला शेठ भोजा शाहे जिनमंदिर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बंधाव्युं, अने अंचलगच्छना आचार्य श्रीसिद्धांतसागर-सूरिजीए तेनी प्रतिष्ठा करी. संवत १७८८मां नवानगरमां थयेला जामसाहेबना कारभारी शेठ तलकशी जेसाणीए पूर्वे मुसलमानोना जोरथी बंध रहेलां शेठ वर्धमानशाहना देरासरने फरीथी समरावी श्रावण वद सातमे सर्व बिंबोनी फरीथी प्रतिष्ठा करावी.

## ॥ वर्धमानशाह तथा पद्मसिंहशाहनुं वृत्तांत. ॥

आ लालणना विस्तारवाळा वंशमां अनुक्रमे पंदर पहेडीओ गयाबाद कच्छमां सुथरी पासे आवेला आरीखाणा नामना गाममां विक्रम संवत १६३०नी लगभगमां अमरसिंह नामना शेठ वसता हता. तेमनी वैजयंती नामनी सर्वगुणसंपन्न स्त्री हती. एक वखते रात्रिए स्वप्नमां तेणीए वृद्धि पामती एवी समुद्रनी वेळा पीधी. त्यारबाद संपूर्ण समये तेणीए एक महाभाग्यशाळी पुत्रने जन्म आप्यो, तथा स्वप्नने अनुसारे अमरसिंह शेठे ते पुत्रनुं "वर्धमान" नाम पाड्युं. त्यारबाद केटलेक काळे तेणीए पद्मस्वप्नथी सूचित थयेला एक बीजा पुत्रने जन्म आप्यो, तथा तेनुं पण स्वप्नने अनुसारे "पद्मसिंह" नाम राख्युं,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनुक्रमे बन्नेने परणाव्याबाद अमरसिंह धर्माराधनपूर्वक स्वर्गे गया.

हवे एक समये ते वर्धमानशाह पोताना लघु बंधु पद्मसिंह सहित प्रभातमां पोताना घरना ओटलापर बेसी दातण करता हता, तेवामां एक योगीए तेमनी पासे आवी भोजन माग्युं. त्यारे ते बन्ने दयालु भाइओए तेने घृतमिश्रित उत्तम भोजन आप्युं, अने तेथी ते जोगी त्यांज तेमनी डेलीना ओटलापर बेसी भोजन करवा लाग्यो. ते बन्ने भाइओ पण स्नान करी जिन पूजा माटे पोताना घरदेरासरमां गया. एटलामां ते योगी पोतानुं एक तुंबडुं ते डेलीना आडसरमां उंचे दोरीथी बांधीने चाल्यो गयो. जिनपूजन करी ते बन्ने भाइओ ज्यारे डेलीमां आव्या त्यारे तेओए त्यां ते योगीने जोयो नहीं, तेथी तेओए घरना माणसोने ते संबंधि पूछतां तेओए कह्युं के, अमोए तेने अहीं भोजन करतो बेठेलो जोयो हतो, परंतु पछी ते क्यारे अने क्यां गयो? तेनी अमोने खबर नथी. त्यारे ते बन्ने भाइओए विचार्युं के भोजनथी संतोष पामीने ते क्यांक पोताने स्थानके चाल्यो गयो हशे, एम विचारी तेओ पोतपोताने कामे लाग्या. हवे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ते आडसरमां उंचे टांगेलुं तुंबडुं छमास सुधी कोइने दृष्टिए पडयुं नही, तेम ते योगीना आववानी वात पण सर्व कोइ विसरी गया.

एवामां एक दिवसे रात्रिए ते तुंबडांने बांधेलो दोरो जीर्णताने लेइ अकस्मात त्रुटी जवाथी ते तुंबडुं डेलीमां नीचे खाली पडेली त्रांबानी कडाइमां जइ पडयुं, अने ते तुंबडुं फुटी जवाथी तेमां रहेलो सिद्धरस ते त्रांबानी कडाइमां फेलाइ जवाथी ते कडाइ स्वर्णमय थइ गइ. हवे प्रभाते ते बन्ने भाइओए ते त्रांबानी कडाइने स्वर्णमय थयेली जोइ, ते तुंबडांना टुकडा आसपास विखरायेला जोया. ते जोइ तेओने याद आव्युं के, खरेखर छमास पेहेलां आवेला ते योगिना हाथमां तुंबडुं हतुं, अने खरेखर ते तुंबडामां आ सिद्धरस भरेलो होवो जोइये. पछी कडाइमां जे कंइं बाकी वधारानो रस पडयो रह्यो हतो, ते रसवडे करीने तेओए बीजां त्रांबांना वासणने लेपन करवाथी ते पण स्वर्णमय थयुं.

त्यारबाद ते सुवर्णना वेंचाणथी तेओने एक लाख कोरी उत्पन्न थइ. पछी ते धन लेईने ते बन्ने भाइओ कुटुंबसहित भद्रावती नगरीमां आवी वस्या. ते समये

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ भद्रावती नगरी कच्छ देशनुं एक महोटुं बंदर हतुं, अने तेथी चीन, मलबार आदिक देशोमांथी त्यां घणां वहाणो आवजा करतां हतां, अने रेशम, साकर, सोपारी एलची आदिक वस्तुओनो त्यां वहोळो व्यापार चालतो हतो. ते जोइ पद्मसिंहे पोताना वडिलबंधु वर्धमानशाहने कहुं के, जो आपनी आज्ञा होय तो हुं अहींथी अनाज-आदिक वहाणमां भरी व्यापार माटे चीन जाउं. एवी रीते व्यापार माटे तेने उत्साहित जोइने वर्धमानशाहे पण तेम करवानी तेने सम्मति आपी. पछी ते एक महोटा वहाणमां अनाजआदिक अर्ध लाख कोरीनी किमतनो माल भरी त्यांथी चीनतरफ रवाना थया, अने कुशलक्षेमे चीनना कंतान नामना बंदरमां उतर्या.

अहीं भद्रावतीमां वर्धमानशाहे पण एक वहाण खरीदीने मलबारआदिक देशोसाथे अनेक जातना करीयाणाओनो व्यापार करवा मांड्यो, तेमज तेमणे भद्रावतीना समुद्र किनारापर एक कोठार बंधाव्यो. तेमनी उत्तम प्रकारनी नीति जोइने मलबारआदिकना घणा व्यापारीओ हकशीथी वेचवामाटे तेमनापर सोपारी, एलची, मरी, चंदनआदिक घणो माल मोकलवा लाग्या, तथा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनुक्रमे ते वर्धमानशाहनी कीर्ति तथा लक्ष्मी वृद्धि पामवा लागी.

पद्मसिंहे पण चीनदेशना कंतानबंदरमां जइ पोतानो माल वेंची घणो नफो मेळव्यो. त्यां तेने त्यांना युलन-चंग नामना एक करोडपति चीना व्यापारी साथे मित्राइ थइ. पछी पद्मसिंहे पण त्यांथी रेशम, साकर विगेरे वस्तुओ खरीदी पोताना वहाणमां भरी भद्रावतीतरफ जवानी तैयारी करी, त्यारे ते युलनचंग पण हिंदुस्ताननना व्यापारथी वाकेफ थवा माटे पद्मसिंह साथे तेज वहाणमां चड्यो. एवी रीते ते पद्मसिंह छ मासबाद ते मित्रसहित भद्रावतीमां कुशलक्षेमे आवी पहोंच्यो, तथा वहाणमांथी सर्व माल उतारी वखारोमां भर्यो, अने धीमे धीमे नफो मळवाथी ते माल तेओए वेची नाख्यो. युलनचंग पण एक मासखुधी तेओने त्यां परोणातरीके रह्यो, अने ते बन्ने भाइओनी नीति तथा प्रतिष्ठा जोइ घणो खुशी थयो. छी तेणे पोताना देशतरफ जती वेळाये ते बन्ने भाइ-ओने कह्युं के, हवेथी हुं मारो घणो माल तमोने वेचवा माटे चीनथी मोकलावीश, ते तमारे हकशीथी वेची आ-पवो. एम कही तेणे पोताना देशमां जइ तेओने लाखोनी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



किमतनो माल वेचवामाटे भद्रावतीमां वहाणो मारफते मोकली आप्यो, अने तेनी हकशीथी ते बन्ने भाइओ पासे लाखो गमे द्रव्य थयुं.

एवामां श्री अंचलगच्छाधीश श्रीकल्याणसागरसूरि विहार करताथका भद्रावतीमां पधार्या, त्यारे आ बन्ने भाइओए घणा महोत्सवपूर्वक तेमनो नगरमां प्रवेश कराव्यो. आचार्यश्रीए पण उपाश्रयमां पधारी श्रोताजनोनी सभामां श्रीशत्रुंजय तीर्थना अनुपम माहात्म्यनो उपदेश कर्यो. ते सांभळी ते बन्ने भाइओए शत्रुंजय तीर्थनो संघ कहाडी यात्रा करवानो मनोरथ कर्यो, तथा पोतानो ते मनोरथ आचार्यश्रीने निवेदन कर्यो. आचार्यश्रीए पण अनुमोदन आपी वर्धमानशाहना मस्तकपर संघपतिपणानो वासक्षेप नाख्यो. पछी पोताना वडिल बंधुनी आज्ञाथी पद्मसिंहशाहे उभा थइ सर्व संघने तीर्थाधिराजनी यात्रा माटे आववाने निमंत्रण कर्युं, तथा कह्युं के मार्गमां वाहन, तथा भोजनआदिक सर्व खर्च सर्व यात्राळुओने अमारा तरफथी मळशे. आचार्य श्रीकल्याणसागरसूरिजीने पण परिवारसहित संघसाथे पधारवामाटे विनंति करी कह्युं के, अमो अहींथी वहाणोमारफते नागनाबंदरे जइशुं,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



माटे आप पण रणने मार्गे त्यां तुरत पधारवा कृपा करशो.

पछी आचार्यश्रीने वंदन करी ते बन्ने भाइओए घेर आवी कुंकुम पत्रिकाओ लखी देशावरोमां यात्रार्थी माणसोने निमंत्रण कर्यां, तथा पोताना लालणगोत्रीओने संघमां पधारवाने विनंति करवामाटे कासदो मोकल्या. वर्धमानशाहना पुत्र वीरपाल, वजपाल तथा भारमल्ल तथा जगडु अने पद्मसिंहशाहना पुत्र श्रीपाल, कुरपाल तथा रणमल्ले मळीने संघमाटे वहाणो, अनाज, घृत, तंबूओ विगेरेनी व्यवस्था करी. पछी शुभ दिवसे सर्व यात्रिको तथा कुटुंब सहित भद्रावतीथी वहाणोमारफते प्रयाण करी तेओ नागना बंदरे आव्या. त्यां बंदरना किनारापर सेंकडोगमे रंगबेरंगी तंबूओ उभा कर्या, अने तेमां सर्व यात्रिकोए उतारो कर्यो.

हवे ते समये ते नागना बंदर नवानगरना राजा श्रीजशवतसिंहजीना ताबानुं हतुं. पछी ते वर्धमानशाहे पोताना भाइ पद्मसिंहसहित त्यांना ते राजाने मळीने तेमने सोनामोहोरोथी भरेलो थाळ भेट कर्यो. त्यारे राजाए पण खुशी थइने तेमने कहुं के, अमारा सरखुं जे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कंइ कार्य होय ते कहो ? त्यारे वर्धमानशाहे कहुं के हुं अहींथी संघसहित शत्रुंजय तीर्थाधिराजनी यात्राये जउं छुं, माटे मार्गमां संघना रक्षणमाटे एकसो हथीयारबंध माणसो आपवानी मेहेरबानी करो ? त्यारे महाराजाए पण पोताना एकसो हथीयारबंध सुभटो तेमने सोंप्या. पछी पोताना मंत्रीनी प्रेरणाथी महाराजाए ते बन्ने भाइओने कहुं के, यात्रायेथी पाछा आव्याबाद तमो जो अहीं नवानगरमां निवास करी व्यापार करशो तो हुं तमारा मालनी कच्छना राज्यथी अरधी जगात लेइश, तेथी तमोने अने मने पण लाभ थशे, तेमज तमोने अहिं सर्व प्रकारनी सगवड करी अपावीश. त्यारे ते बन्ने भाइओए परस्पर विचार करी महाराजानी ते मागणी स्वीकारी. महाराजाए पण खुशी थइ तेओने वस्त्र आभूषणो विगेरेनो किमती शिरपाव आप्यो, पछी महाराजाना हुकमथी सर्व राजद्वारी माणसोए पण संघनी सामग्रीमाटे घणी किमती मदद करी, अने ते बन्ने भाइओए पण ते सघळा राजद्वारी माणसोने पोषाक सन्मान विगेरेथी खुशी कर्या.

एवी रीते सर्व प्रकारनी सामग्री सहित संघे ज्यारे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नवानगरथी प्रयाण कर्युं, त्यारे तेमां नीचे मुजब सामग्री हती.

| | | | |
|---|---|---|---|
| ५०० | रथ | ५०० | उंट |
| ७०० | गाडी | १००० | खचर |
| ९०० | घोडा | २०० | रसोइया |
| ९ | हाथी | १०० | कंदोइ |
| १०० | वाणंद | २०० | साधुओ |
| ५० | नाटकीया | ३०० | साध्वीओ |
| २० | वाजांवाळा | १०० | चारण |
| १५० | तंबु खोडनारा | | |

ए रीतनी सामग्री हती, तेमज सर्व मळी ते संघमां पंदर हजार माणसो हतां, रणमार्गे आचार्य श्री कल्याणसागरजीं पण पोतःना शिष्यपरिवारसहित त्यां पधार्या तथा संघनी सामग्री जोइ घणाज खुशी थया एक सुशोभित रथमां सर्व विघ्न निवारनारी बिराजमान थयेली श्री शांतिनाथजीनी मूर्ति पण साथे हती. मार्गमां जे जे गाममां जिनमंदिर आवतुं, त्यां पूजा भणावी ध्वजारोपण करवामां आवतुं हतुं, तथा साधर्मिकोनुं स्वामिवात्सल्य

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पण करता हता. एवी रीते प्रयाण करीने अनुक्रमे सर्व संघ शत्रुंजय तीर्थनी नजीक आवी पहोंच्यो. त्यां शत्रुंजयी नदीना किनारापर तंबूओ खडा करवामां आव्या, तथा सर्व यात्रिकोए तेमां मुकाम कर्यो.

पछी प्रभाते श्रीकल्याणसागरजी महाराजना आदेशमुजब संघपति एवा ते बन्ने भाइओए विधिपूर्वक गिरिपूजन कर्युं, तथा याचकोने घणुं दान आप्युं. पछी ते बन्ने भाइओए संघसहित गिरिराजपर चडी आचार्यश्रीए बतावेली विधिमुजब श्रीऋषभदेवप्रभुनुं पूजन कर्युं, तथा ते वखते विविध प्रकारना वाजित्रोना नादोवडे सर्व पर्वत गाजी रह्यो हतो. एवी रीते घणाज आडंबरथी प्रभुनी पूजा करी संघपतिए याचकोने घणुं द्रव्य आपी संतुष्ट कर्या. पंदर दिवसो सुधी संघ सहित त्यां रही गिरिराजनी प्रदक्षिणा विगेरे करी तेमणे त्यां नाना प्रकारना महोत्सवो कर्या. पछी त्यांथी प्रयाण करी संघसहित तेओ नवानगर पासे ज्यारे आवी पहोंच्या, त्यारे महाराजा जसवंतसिंहजीए महोटा आडंबरपूर्वक सामैयुं करी तेओने नगरमां प्रवेश कराव्यो, ते वखते नगरने रंगबेरंगी ध्वजापताकाओवडे शणगारवामां आव्युं हतुं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ते वखते संघपति वर्धमानशाह तथा पद्मसिंहशाहे पांच हजार सोनामोहोरोनो भरेलो थाल महाराजाने भेट कर्यो. तथा महाराजाए पण घणा आदरमानथी तेमने वस्त्राभूषणो भेट कर्यां. वळी ते वखते महाराजाए फरीने तेओने नवानगरमांज निवास करवा माटे कहेवाथी तेओए पण संघने पेहेरामणी आपी विसर्जन करी कुटुंबसहित नवानगरमां निवास कर्यो, तथा तेमनी साथे संघमां आवेला पांच हजार ओशवाळोए पण पोतानी आजीविका माटे त्यांज निवास कर्यो.

आचार्यश्री कल्याणसागरजी पण त्यांथी विहार करी अन्य स्थानके पधार्या.

अहीं अनुक्रमे तेओनो व्यापार घणोज वृद्धि पाम्यो, तथा तेथी महाराजाने पण घणो लाभ थयो, अने महाराजानी तेमना साथे घणी प्रीति थइ.

पद्मसिंहशाहनी स्त्री कमलादेवी घणीज बुद्धिवान होवाथी एक दहाडो तेणीए पोताना जेठ वर्धमानशाह तथा पोताना स्वामी पद्मसिंहशाहने विनंति करी के, लक्ष्मीनो स्वभाव हमेशां चंचल छे, माटे बुद्धिवानोए तेने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धर्मकार्योमां जोडी तेनुं सार्थक करवुं उचित छे. ते सांभळी तेओए पण नवानगरमां एक विशाल जिनमंदिर बंधाववानो निश्चय कर्यो. त्यारबाद ते जिनमंदिरनुं खात मुहूर्त जोवरावबा माटे तेओए तुरत विनंति लखीने श्रीकल्याणसागरसूरिजीने बोलाव्या. आचार्यश्री पण धार्मिक उन्नति जाणीने तुरत त्यां पधार्या, अने घणाज आडंबरपूर्वक तेमनो नगरमां प्रवेश कराव्यो. आचार्यश्रीए पण उत्तम मुहूर्त जिनमंदिर माटे जोइ आपवाथी तेओए दश हजार सोनामोहोरो महाराजा जामश्रीने आपी ते माटे जमीन खरीदी तथा विक्रम संवत १६६८ना श्रावण सुद पांचमने दिवसे घणा महोत्सवपूर्वक तेओए ते महान् जिनमंदिरनुं खातमुहूर्त कर्युं, तथा ते वखते तेओए याचकोने घणुं द्रव्य आप्युं. ते जिनमंदिर बांधवा माटे कच्छ देशमांथी बोलावेला एकसो सलाटो तथा पांचसो बीजा माणसो, एम सर्व मळी छसो माणसो कामे लाग्या हता. वर्धमानशाहनी स्त्री नवरंगदेवी तथा पद्मसिंहशाहनी स्त्री कमलादेवी वारंवार ते सर्व कारीगरोने वस्त्रो, द्रव्य तथा वासणोआदिकना इनामो आपीने उत्साहित करती हती. एवी रीते आठ वर्षो सुधीमां ते जिनमंदिरनुं घणुंखरुं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कार्य संपूर्ण थइ गयुं, तथा भमतीनी बन्ने चोमखोपरनी शिखरो अने तेना उपरना भागना रंगमंडपो तथा झरुखाओ जेटलुंज कार्य बाकी रह्युं, त्यारे तेओए उमदा पाषाणआदिकनी पांचसो एक प्रतिमाओनी आचार्य महाराज श्रीकल्याणसागरजी पासे अंजनशलाका करावी. मूळगंभारामां एकसरखा प्रमाणवाळी श्रीशांतिनाथजीनी त्रण प्रतिमाओनी विक्रम संवत १६७६ना वैसाख सुद ३ बुधवारे पहेली प्रतिष्ठा, तथा संवत १६७८ना वैसाख सुद ५ शुक्रवारे भमती विगेरेमां बीजी प्रतिष्ठा श्रीकल्याणसागरसूरिजीना हाथथी करावी. ते वखते तेओए घणुं द्रव्यदान करी बहु पुण्य उपार्जन कर्युं. त्यारबाद तेओए शत्रुंजयपर, मोडपरमां, तथा छीकारीमां जिनमंदिरो बंधावी जिनप्रतिमाओनी प्रतिष्ठा करावी.

वळी तेओए नीचेमुजब रत्नोनी जिनप्रतिमाओ पण भरावी.

वर्धमानशाहे नवहजार मुद्रिका खरचीने रिष्टरत्ननी श्रीनेमिनाथ प्रभुनी एक प्रतिमा करावी.

पद्मसिंहशाहे नवहजार मुद्रिका खरचीने माणेकरत्ननी श्रीवासुपूज्यस्वामिनी एक प्रतिमा करावी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वर्धमानशाहनी स्त्री नवरंगदेवीए दशहजार मुद्रिका खरचीने श्रीपार्श्वनाथजीनी नीलमनी एक प्रतिमा करावी.

पद्मसिंहशाहनी स्त्री कमलादेवीए दशहजार मुद्रिका खरचीने नीलमनी श्री मल्लिनाथजीनी एक प्रतिमा करावी.

एवी रीते तेओना कुटुंबना सर्व माणसोए कसोटी आदिक उमदा पाषाणोनी जिन प्रतिमाओ करावी.

एवी रीते ते समये ते बन्ने भाइओए शुभ मार्गमां घणुं द्रव्य खरची अतिशय पुण्य उपार्जन कर्युं.

हवे ते वखते नवानगरना महाराजा जसवतसिंहजीनो हडमत ठक्कर नामनो लुहाणा ज्ञातिनो एक खजानची हतो. महाराजानी वर्धमानशाह तथा पद्मसिंहशाहपर घणी प्रीति जोइने तेना हृदयमां ईर्षा उत्पन्न थइ, तेथी तेणे लाग जोइने एक वखते महाराजा जामसाहेबने अरज करी के, आजे अमुक राज्य कार्य माटे नवहजार सोनामोहोरोनो खप छे, अने आ समये आपणा खजानामां तेटली शीलक नथी, माटे जो आप हुकम करो तो हुं तेटली सोनामोहोरो हाल वर्धमानशाह पासेथी उछीनी लावुं, अने खजानामां आव्येथी तेमने हुं पाछी भरी आ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पीश, त्यारे जामसाहेबे तेम करवानो तेने हुकम कर्यो, एटले तेणे नव हजार कोरीनी वर्धमानशाह उपरे चीठी लखीने ते नीचे जामसाहेबनी सही करावी लीधी. पछी ते दुष्ट खजानचीए घेर आवी ते नव हजारना आंकपर बे मींडा चडावीने नवलाख कोरीनी ते चीठी करी, पछी तेणे पाछले पहोरे वर्धमानशाह पासे आवीने ते नवलाख कोरीनी चीठी बतावी ते वांची आश्चर्य पामी वर्धमानशाहे पोताना भाइ पद्मसिंहने बोलावी ते चीठी बतावी. ते वांच्याबाद बन्ने भाइओए विचार्युं के खरेखर महाराजासाहेब आपणापर कोपायमान थया होय तेम संभवे छे. पछी पद्मसिंहे पोताना वडीलबंधुने कह्युं के, तमो आ हडमत ठक्करने आपणी वखारे तेडी जाओ, हुं थोडीवारमांज त्यां आवी सघळी रकममाटे बंदोबस्त करुं छुं. पछी वर्धमानशाह ते हडमत ठक्करने साथे लेइ पोतानी वखारे आव्या अने पद्मसिंहशाह ते चीठीनी हकीकतथी वाकेफ थवामाटे महाराजा जामसाहेबनी मुलाकाते गया, परंतु महाराजासाहेब ते वखते जनानखानामां होवाथी तेने तेमनो मेलाप थयो नहीं, तेथी निराश थइ त्यांथी पोतानी वखार तरफ चाली निकल्या.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एवामां मार्गमां बजारमां तेओने एक अतिशय बूढो योगिराज मळ्यो, अने तेणे ते पद्मसिंहशाहपासे भोजन माग्युं. पद्मसिंहशाहे पण तेने कोइ कंदोइनी दुकानपरथी मनगमतुं भोजन अपाव्युं, तथा तेनी आकृतिविगेरे जोइने तेने याद आव्युं के, जे योगिराज आरिखाणमां अमारा घरनी डेलीना आडसरमां सिद्धरसनुं तुंबडुं लटकावी गयो हतो, तेज खरेखर आ योगिराज छे. एवामां ते योगिराजेज पद्मसिंहशाहने पूछयुं के, हे वत्स! आजे तुं उदास केम देखाय छे? त्यारे पद्मसिंहशाहे तेमने टुंकामां ते चीट्ठीनी हकीकत कही जणाव्युं के, आ वखते अमारी पासे वखारनी पेटीमां फक्त नवहजार सोनामोहोरोज शीलकमां छे. ते सांभळी ते योगिराजे पोतानी विशाळ जटामांथी एक जडी कहाडीने पद्मसिंहशाहना हाथमां आपी, तथा पोते कंइं पण बोल्या चाल्याविना एकदम अदृश्य थइ गयो. पद्मसिंहशाहे आमतेम बजारमां तेने घणी जगोए शोध्यो, परंतु ते कोइपण जगोए दृष्टिए पड्यो नही.

हवे ते जडी लेइने पद्मसिंह पोतानी वखारे आव्या, तथा पोताना वडिलबंधुने एकांतमां सर्व वृत्तांत कहीने, योगिनो मेलाप, तथा ते जडीनी हकीकत कही संभळा-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वीने ते जडी तेमना हाथमां आपी. ते जोइ वर्धमानशाहे विचार्युं के, खरेखर योगिनुं रूप धारण करनारी ते आपणी गोत्रदेवीएज तने दर्शन आपीने आ अणीने वखते चित्रावेलनी जडी आपीने आपणने सहाय करी छे. हवे आ जडीने आपणे आपणी नव हजार सोनामोहोरोनी थेलीमां राखीने आ हडमत ठक्करने नवलाख सोनामोहोरो तोली आपीयें, केमके हवे आ चित्रावेलनी जडीना प्रभावथी तेमांथी लाखोगमे सोनामोहोरो कहाडतां पण नव हजारनी मूल रकम तेमां बालासज रहेशे. पछी तेओए नवलाख सोनामोहोरो तेने तोली आपी, ते पण आश्चर्य पामी भयथी कंपतोथको ते सोनामोहोरोनी थेलीओनुं गाडुं भरी त्यांथी चाल्यो गयो, अने त्यारथी ते वर्धमानशाहनी वखारनुं नाम नवलाखाना नामथी प्रसिद्ध थयुं, के जे नामथी आजे पण ते मकान ओळखाय छे.

त्यारबाद ते बन्ने भाइओए घेर आवी विचार कर्यो के, हवे आ शेहेरमां रहेवुं लाभकारक नथी. एम विचारी तेओए प्रभातमां पोतानो किमती माल वहाणमां भरी नागनाबंदरथी कुटुंबसहित भद्रावती तरफ प्रयाण कर्युं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेओनी साथे तेमनी नोकरी विगेरेना आश्रयवाळा तथा स्नेही संबंधिओ विगेरे मळीने चार हजार ओशवाळ-ज्ञातिना माणसोए पण नवानगर छोडी भद्रावती तरफ प्रयाण कर्युं. त्यारबाद महाराजा जामसाहेबने आ हकीकतनी खबर मळवाथी तेमणे ते लुहाणा हडमत ठक्करने मारी नाख्यो, तथा वर्धमानशाहने पाछा बोलाववा माटे पोताना हजुरीओने मोकल्या, परंतु तेओ पाछा आव्या नही. भद्रावतीमां पहोचतांज कच्छना महाराओ श्रीभारमल्लजीए ते बन्ने भाइओने घणुंज सन्मान आप्युं, अने तेथी तेओ कुटुंब सहित भद्रावतीमां रही चित्रावेलनी जडीना प्रभावथी पोतानो व्यापार करवा लाग्या. तथा भाविभावना प्रबलपणाथी तेओए नवानगरमां बंधावेलां ते श्रीशांतिनाथजीना जिनमंदिरनुं उपर जणावेलुं बाकीनुं कार्य अपूर्ण रही गयुं.

एवामां आचार्य महाराज श्रीकल्याणसागरजी पण विहार करताथका भद्रावतीमां पधार्या, त्यारे ते बन्ने भाइओए महोत्सवपूर्वक तेमनो नगरीमां प्रवेश कराव्यो. त्यारबाद एक वखते आचार्यश्रीना पूछवाथी तेओए नवानगरनो सर्व वृत्तांत कही संभळाव्यो, तथा ते साथे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



योगी पासेथी मळेली चित्रावेलनी जडीनी हकीकत पण कहीने पूछयुं के, हे भगवन्! ते योगी कोण हतो? अने शामाटे तेणे अमोने बे वखत सहाय करी? ते संबंधि कंइं हकीकत आपसाहेबना ध्यानमां होय, तो अमोने निवेदन करो? त्यारे महाकालीना वरदानवाळा आचार्यश्रीए पण ते महाकालीनुं आराधन कर्युं. तेथी महाकालीए प्रत्यक्ष थइ आचार्यश्रीने तेमना पूर्वज लालण संबंधि सर्व वृत्तांत कही संभळाव्यो, अने कह्युं के मारां वचनथी बंधायेली हुं लालण वंशना मारा भक्त एवा त्रीजी पहेडीना दरेक पुरुषने सहाय करुं छुं, अने तेथी योगीरूपे में ते बन्ने भाइओने बे वखत सहायता करी छे. पछी आचार्यश्रीए पण ते हकीकत ते बन्ने भाइओने जणावी, ते सांभळी तेओ बन्नेए अत्यंत आनंद पामी आचार्यश्रीने पूछयुं के, अमारी ते गोत्रमातानुं स्थान क्यां छे? अमोने तेमनां दर्शन करवानी घणीज अभिलाषा छे. आचार्यश्रीए कह्युं के ते महाकाली देवीनुं स्थान गुजरातमां आवेला पावागढपर छे.

त्यारबाद प्रभातमांज तेओ कुटुंबसहित त्यांथी प्रयाण करी स्थलमार्गे पावागढपर गया. त्यां तेमणे पो-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्यांनी गोत्रदेवीनी मूर्तिनां दर्शन करी स्तुति करी. पछी रात्रिए ते देवीए पण पोताना अत्यंत शांत, अने महा-तेजस्वी स्वरूप सहित तेओ बन्ने भाइओने प्रत्यक्ष दर्शन आपीने कह्युं के, तमारा पूर्वज लालणनी भक्तिथी वचन-बडे बंधायेली एवी में तमोने योगी स्वरूपथी बे वखत सहाय आपी छे, एम कही तेणीए पोतानी एक स्फटि-कनी मूर्ति तेओने आपी पोते अदृश्य थयां. पछी ते बन्ने भाइओए पोतानी ते गोत्रजादेवीना मंदिरनो त्यां जीर्णो-द्धार कराव्यो, तथा तेमने नमीने कुटुंबसहित पाछा तेओ भद्रावतीमां आव्या.

त्यारबाद श्री कल्याणसागरसूरिजीना उपदेशथी वर्धमानशाहनी स्त्री नवरंगदेवीए सिद्धचक्रना आराधन रूप तप करीने, बे लाख मुद्रिका खरची तेनुं उजमणुं कर्युं. तेमज पद्मसिंहशाहनी स्त्री कमलादेवीए ज्ञानपंचमीनो तप करी बे लाख मुद्रिका खरची ज्ञानपंचमीनुं उजमणुं कर्युं, तथा घणा आगमग्रंथो विगेरे लखाव्यां. वर्धमान-शाहे पोताना सर्वथी लघु पुत्र जगडुना विवाह प्रसंगे त्रण लाख मुद्रिका खरचीने याचकचारणोने चार हजार उंट बक्षीस आप्या, पद्मसिंहशाहे पण पोताना पुत्र रणम-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लनो विवाह त्रण लाख मुद्रिका खरचीने कर्यो. आ व-र्धमानशाहनुं संस्कृत चारित्र रचनार महाकवि श्री अमर-सागरसूरिजीने आचार्यपदवी आपवामां ते बन्ने भाइओए बेलाख मुद्रिकानुं खर्च कर्युं. पोताना साधर्मिओना उद्धार माटे श्रीकल्याणसागरसूरिजीना उपदेशथी ते बन्ने भाइ-ओए सर्व मळी सात लाख मुद्रिका खरची.

एक वखते श्री कल्याणसागरजी महाराजे ते बन्ने भाइओने कह्युं के, आ भद्रावती नगरी बहु प्राचीन छे, प्रथम तेनुं कोशांबी नगरी नाम हतुं, तथा अहिं आ श्री-महावीर प्रभुनुं प्राचीन जिनमंदिर संप्रतिराजानुं बंधावेलुं छे, ते जिनमंदिरनो प्रथम घणी वखत जीर्णोद्धार थयेलो छे, अने हाल पण तेना जीर्णोद्धारनी जरुर छे. ते सां-भळी आ बन्ने भाग्यशाली भाइओए दोढ लाख मुद्रिका खरचीने तेनो जीर्णोद्धार कराव्यो.

त्यारबाद तेओए बंधावेला नवानगरना श्रीशांतिना-थजीना देरासरनुं अपूर्ण रहेलुं कार्य संपूर्ण करवामाटे त्यां रहेता पोताना त्रीजा भाइ चांपसीशाहने बे लाख मुद्रिका मोकलावी, परंतु भाविप्राबल्यताथी ते कार्य संपूर्ण थयुं नहीं. तेमज तेओए ते विशाळ जिनमंदिरना हमेश माटेना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



खर्च सारुं पोतानी नव वाडीओ, चार खेतरो, तथा एकावन हाटोनी पंक्ति समर्पण करी.

त्यारबाद एक दिवसे श्रीकल्याणसागरसूरिजीना उपदेशथी तेओए सर्व तीर्थोनी कुटुंबसहित यात्रा करवानो निश्चय कर्यो. तेथी तेओए प्रथम गिरनारपर जइ त्यांनी यात्रा करी बे लाख मुद्रिका खरचीने त्यांना श्रीनेमिनाथ प्रभुना जिनमंदरनो जीर्णोद्धार कर्यो. पछी तेओए शत्रुंजयतीर्थनी यात्रा करी त्यां बे लाख मुद्रिका खरचीने ध्वजारोपण कर्युं, त्यारबाद तारंगे आवीने तेओए अढीलाख मुद्रिका खरचीने त्यांना श्रीअजितनाथजीना जिनमंदिरनो जीर्णोद्धार कराव्यो. पछी आबुपर्वतपर जइ त्यांनी यात्रा करी विमलशाह तथा वस्तुपालनां मळी बन्ने जिनमंदिरोनो पांच लाख मुद्रिका खरचीने तेओए जीर्णोद्धार कराव्यो, तथा ते जिनमंदिरोनी कारिगिरि जोइ तेओ अत्यंत आनंद पाम्या. पछी सम्मेतशिखरपर जइ त्यांनी यात्रा करीने अढीलाख मुद्रिका खरचीने त्यां पावडीओ बंधावी. त्यारबाद तेओए वैभार, चंपा, काकंदी, पावापुरी, राजगृही, वाणारसी, हस्तिनापुर विगेरे तीर्थभूमिओनी यात्रा करीने त्यां घणुं द्रव्य खरच्युं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एवी रीते अनेक प्रकारनां सुकृतोवडे पोताना आत्माने पवित्र करी श्रीवर्धमानशाह शेठ पोतानुं ब्यासी वर्षोनुं आयुष्य संपूर्ण करी आराधनापूर्वक भद्रावतीमां स्वर्गे गया. तेमना अग्निसंस्कारनी जगोए तेमना भक्तिवंत लघुबंधु पद्मसिंहशाहे त्रण लाख मुद्रिका खरचीने एक अतिकारिगिरीवाळी विशाळ वाव बंधावी, के जे वाव हालमां महोटी सेलरवावना नामथी ओळखाय छे, तथा ते वावना किनारापर एक शांतिनाथ प्रभुनी देहेरी बंधावी, तथा तेमना कारजमां चार लाख मुद्रिका खरचीने समस्त कच्छ तथा हालारने मिष्टान्न भोजन कराव्युं.

त्यारबाद पद्मसिंहशाहे पण पोतानो अंतसमये पोताना वडिलबंधु वर्धमानशाहना वीरपाल, विजपाल, भारमल्ल तथा जगडु नामना चार पुत्रोने, तथा पोताना श्रीपाल, कुरपाल तथा रणमल्ल नामना त्रण पुत्रोने पोतानी पासे बोलावी द्रव्यआदिकना भागोमाटे तेओनो अभिप्राय पूछयो. त्यारे तेओए कह्युं के, अमो सर्वने हवे जूदा थवानी इच्छा छे, माटे द्रव्यनो भाग वहेंची आपो ? ते सांभळी पद्मसिंहशाहना हृदयमां जरा खेद तो थयो, परंतु तेओनी इच्छा विभक्त थवानी होवाथी चित्रावेलनी जडीयुक्त

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सोनामोहोरोनी थेलीवाळी तेणे पेटी उघाडी, पछी ते थेलीमांथी सात लाख मुद्रिकाओ ज्यारे ते गणी रह्या, त्यारे तेज समये ते जडी दैविक प्रभावथी अदृश्य थइ गइ, तथा थेलीमांनी मुद्रिकाओ पण खलास थइ. ते जोइ पद्मसिंहशाहे विचार्युं के, खरेखर आ लोकोना भाग्यमां हवे ते चित्रावेलनी जडी नथी. पछी तेणे ते साते पुत्रोने सरखे भागे ते एकेक लाख सोनामोहोरो आपी दीधी तथा तेओने कुलदेवीनी प्रसन्नताआदिक पोतानुं सर्व वृत्तांत आदिथी कही संभळाव्युं. महाकालीए आपेली पोतानी स्फटिकनी मूर्ति वर्धमानशाहना वृद्ध पुत्र वीरपालने सोंपी, अने कहुं के आनुं पूजन करवाथी सर्व प्रकारनां विघ्नोनो विनाश थशे, तथा कष्ट पड्ये अठ्ठमना तपपूर्वक ते कुलदेवीनुं सम्यक् प्रकारे आराधन करवाथी ते प्रत्यक्ष थइ तमारा कुटुंबनां कष्टोने दूर करशे. त्यारबाद ते पद्मसिंहशाह अरिहंतआदिकना शरणपूर्वक आराधनासहित पोतानुं सीतोतेर वर्षोनुं आयु संपूर्ण करी शांत चित्तथी स्वर्गे गया. पछी तेमना श्रीपाल आदिक पुत्रोए मळीने समयानुसार तेमनां कारज विगेरे कर्यां.

वर्धमानशाह तथा पद्मसिंहशाहनी स्त्रीओ पोताना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पतिना स्वर्गगमन पहेलांज शुभ ध्यानथी काळ करी स्वर्गे गइ हती. त्यारबाद केटलोक समय वीत्याबाद ते जाहोजलालीवाळी प्राचीन भद्रावती* नगरीमां दैवयोगे महामारीनो उपद्रव थयो, अने तेथी त्यां घणा माणसो मृत्यु पामवाथी धीमेधीमे ते नगरी उज्जड थइ गइ. ते वखते सर्व लोको ते नगरी छोडीने जूदीजूदी जगोए जइ वस्या. वर्धमानशाहना वीरपाल आदिक चारे पुत्रो कुटुंब सहित त्यांथी निकळी भुजमां जइ वस्या, तथा पद्मसिंहशाहना त्रणे पुत्र पोताना कुटुंबसहित त्यांथी निकळी मांडवीमां जइ वस्या. वर्धमानशाहना सर्वथी नाना पुत्र जगडुशाह महाबुद्धिवान तथा घणा उदार दिलना हता, तेमणे वृद्धावस्थाए पहोंचेला एवा श्रीकल्याणसागरसूरिजीने आमंत्रण करी महोत्सवपूर्वक भुजनगरमां पधराव्या, अने तेमनी अत्यंत भक्ति करी. गुरुमहाराजे पण तेमना पिता श्रीवर्धमानशाहनुं सर्व वृत्तांत तेनी पासे कही संभळाव्युं. ते सांभळी अत्यंत खुशी थयेला जगडुशाहे पितृभक्ति माटे तेमनुं चरित्र संस्कृत भाषामां काव्यबद्ध रचवा माटे आचार्यश्रीने विनंति करी. जेथी आचार्यश्रीए

* हालमां ते भद्रेश्वर ( वसही ) कहेवाय छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पण पोताना महाकवि शिष्य अमरसागरसूरिजीने चरित्र रचवा माटे आदेश कर्यो. अने तेथी ते महाकवि श्रीअमरसागरसूरिजीए विक्रम संवत १६९१ना श्रावण सुद सातमने दिवसे श्रीवर्धमानपद्मसिंहचरित्र नामनो संस्कृत काव्यबद्ध ग्रंथ रचीने संपूर्ण कर्यो. ते चारित्रनो भावार्थ लेइने आ सर्व वृत्तांत* छापी प्रसिद्ध कर्यो छे. ते माटे ते चरित्रने अंते श्रीअमरसागरसूरि लखे छे के—

तनुजो वर्धमानस्य । जगडुः सर्व तोलघुः ॥
औदार्यधैर्यगांभीर्या—द्यनेकगुणमंडितः ॥ १ ॥
आह्वयामास सूरींद्रान् । वृद्धान् कल्याणसागरान् ॥
सुजोरुनगरे भक्त्या । महोत्सवपुरस्सरं ॥२॥ युग्मं ॥
चक्रे तेन महाभक्ति—र्गुरूणां विनयोज्ज्वला ॥
गुरुभिर्गदितं तस्य । पितुर्वृत्तं समं ततः ॥ ३ ॥
तत् श्रुत्वा जगडुस्तूर्ण—ममंदं मुदमुद्वहन् ॥
पितृपितृव्यसद्भक्ति—परः कीर्त्यभिलाषुकः ॥ ४ ॥

---

* अमारा तरफथी प्रथम छपाइ बहार पडेल श्रीविजयानंदाभ्युदय महाकाव्यमां शेठ वर्धमानशाहनुं जे संक्षिप्त वृत्तांत लखेलुं छे, ते दंतकथाने आधारे लखायेलुं छे, परंतु त्यारबाद तेमनुं संस्कृत चरित्र मळवाथी आ वृत्तांत ते चरित्रनो सार लेइ संक्षेपथी आपेलुं छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रार्थयामास सूरींद्रान् । श्रीमत्कल्याणसागरान् ॥
चरित्ररचनायैष । एतयोर्भव्यबोधये ॥ ५ ॥ युग्मं ॥

सूरयोऽप्यथ संतुष्टा–स्तस्य वांछाप्रपूर्तये ॥
जगडोर्गुरुतातोरु–भक्तिं च प्रविलोक्य ते ॥ ६ ॥

आदिशन्नमरसागरं कविं ।
तच्चरित्ररचनाय सादरं ॥
स्वीयपट्टकवरोदयाचले ।
भास्वरद्युतिभरोरु भास्करं ॥ ७ ॥ युग्मं ॥

एवं प्रेरणयैष तस्य जगडोर्ग्रंथोऽथ संवत्सरे ।
एकांकर्त्तुशशांकसंपरिमिते ह्यादेशतः सूरितः ॥
शुक्ले श्रावणसप्तमीशुभदिने सूरीश्वरैर्भावितः ।
श्रीमद्भिरमराग्रसागरवरैः संपूर्णतां प्रापितः ॥ ८ ॥

औदार्यं च निरीक्ष्य यस्य जगडोरर्थिव्रजप्रीणनं ।
दुष्कालोद्धरणप्रसिद्धजगडोः पूर्वश्रुतस्याथ तत् ॥
नामापीह जगज्जनस्मृतिपथं नागादतीव श्रुतं ।
जीयादेष जनप्रियश्च जगडुः श्रीवर्धमानांगजः ॥ ९ ॥

लालणाख्योशगोत्रिणां । सर्वेषां सुखकारकं ॥
धनदं ह्यपरं चैनं । जगडुं जगदुर्बुधाः ॥ १० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



न च कोऽपि गतो ह्यर्थी । दूनस्तस्य गृहांगणात् ॥
जगडोर्भोजनादीनां । दानं च ददतोऽनिशं ॥ ११ ॥
जगडोरस्य कीर्तिश्च । विस्तृता भारतेऽखिले ॥
चारणैः कविभिर्गीय-माना नित्यं पदे पदे ॥ १२ ॥
जगडुर्जगडुरेव । वर्धमानांगसंभवः ॥
अपरो धनदो जीयात् । सर्वदा कविभिः स्तुतः ॥ १३ ॥
तस्य गेहांगणं नित्य-मर्थिसार्थसमाकुलं ॥
विलोक्य जगडुर्लोकाः । जगडोः श्रीनिकेतनं ॥ १४ ॥

---

विक्रमना अढारमा सैकामां कच्छ मांडवीमां आ जगडुशाहना पुत्र गोधाशाहना पुत्र वलभजीशाह महाभाग्यशाली पुरुष थया, तथा तेओ कच्छना राजाना कारभारी हता. तेमना पुत्र नेमिदास एक प्रतापी पुरुष थया छे, अने तेथी मांडवी पासेना गुंदीयारी गाममां तेमनी देरी करेली छे, अने तेमां तेमनी घोडेस्वार थयेली मूर्ति स्थापन करी छे, अने तेमना वंशजो त्यां जइ वरकन्याथी छेडाछेडी छोडे छे. वळी आ जगडुशाहना वंशमां नवानगरमां थयेला शेठ जेठाशाह तथा तेमना पुत्र शामजीशाह भाग्यशाली पुरुषो थया छे, तथा तेओए

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



घणां घणां धार्मिक कार्यो करेलां छे. ते शामजीशाहनां धर्मपत्नी वीरुबाइ एक महासती तरिके प्रसिद्ध थयेलां छे. तेमनो जन्म कच्छ अंजारना एक प्रसिद्ध अने धनवान गृहस्थ शेठ वेणीदास उकेडाने घेर थयो हतो. तेमनुं सगपण शामजीशाह साथे थयाबाद शामजीशाह कोइ पूर्वकर्मना संयोगथी बन्ने आंखे अपंग थया हता. तेथी वीरुबाइना मातापिताए पोतानी ते पुत्रीनुं थयेलुं सगपण तोडाववानो विचार कर्यो, परंतु ते महासती वीरुबाइए पोताना ते अपँग पतिसाथेज लग्न करवानी प्रतिज्ञा करी, जेथी छेवटे तेमनां शामजीशाह साथेज लग्न करवामां आव्यां, ते सती सरखां वीरुबाइ महाभाग्यशाली थयां छे. तथा तेमना पुत्र हंसराजभाइ जैनशास्त्रोना तत्वज्ञानी तरीके प्रसिद्ध थयेला हालमां नवानगरमां (जामनगरमां) विद्यमान छे. तेमना पुत्र पंडित श्रावक हीरालाले आ पुस्तक जन समुदायना हित माटे संग्रह करी छापी पसिद्ध कर्युं छे. ॥ श्रीरस्तु ॥

॥ समाप्तं चेदं पुस्तकं गुरुश्रीमत् चारित्रविजयसुप्रसादात् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सूचना.

आ पुस्तकमां जणावेला दरेक गोत्रना आंबाओ तेना पूरता ग्राहको थयेथी बहार पाडवामां आवशे.

दरेक गोत्रना एक एक आंबानी

अगाउथी किंमत रु. ३)

पाछलथी किंमत रु. ४)

ली. प्रसिद्ध कर्ता

पंडित हीरालाल हंसराज लालन

( जामनगरवाला )

जामनगर.

( काठीयावाड )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जुनुं अने जाणीतुं

## श्री जैनभास्करोदय प्रिन्टिंग प्रेस. (छापखानुं)

अमारा छापखानामां दरेक जातनुं छापवानुं संस्कृत, मराठी, इंग्लीश, तथा बुकवर्क, कार्ड, कंकोत्री, हेन्डबील, पहोंचबुक, आंकडाबुक विगेरे छापखानाने लगतुं तमाम काम सारुं सफाइदार मुदतसर अने किफायतथी करी आपवामां आवे छे. स्थानिक तेमज बहारगामना काम उपर पुरतुं लक्ष आपवामां आवे छे.

दरेक जातना कागलो पण स्टोकमां राखवामां आवे छे.

प्रुफ पण अमे पोते वांचीए छीए तेथी छपावनारने वधु सगवड छे.

एक वखत काम कराबी खात्री करवा भलामण करवामां आवे छे.

मेनेजर.

For Private And Personal Use Only